શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૨મું
ફેબ્રુઆરી : ૨૦૧૯ ● અંક : ૦૮
પાના નં. ૧ ● કુલ પેજ : ૫૬

૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૯ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૨-૨૦૧૯ કિંમત : રૂા. ૧૮/-




આ અંકના સૌજન્યદાતા

**WILLMORE PLY PVT. LTD.**
Plywood, Block Board and Flush Door
14, Second Floor, Surya Complex, Navyug Colony, Bhulabhai Park Char Rasta, Ahmedabad-22. M. : +91 98252 43557

**NEEL LIFTERS AND LOGISTICS**
(A Unit of NEEL STEEL)
15, Advait Complex, B/h. Sandesh Press, Opp. Soham Towers, Bodakdev, Ahmedabad-380 054. Ph. : 91-79-26740005, M. : +91-98250 15194, 98250 15294

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**

Showroom & Mfg. of Wooden Furniture

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.
Factory : Plot No. 64-65-66, Swagat, 3, Industrial Estate, Kuha - Kanbha Road, Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.
E-mail : homedesign3202@gmail.com

---

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

આપના પરિવારમાં આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ / ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :
માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭ / ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમાં, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬

---

મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯
સાગર સાવલા : ૯૪૭૯૧ ૧૩૦૯૪

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદને તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....**

**શ્રી મૂકેશભાઈ એમ. સાવલા**
૧૦, શૈલરાજ બંગ્લોઝ, આમ્રપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

---

Maheshbhai M. : 92272 11715
SGI
Parag Kataria M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

Manufacturers & Exporters of
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

**Registered Office**
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

---

iolite

**SCHOOL MANAGEMENT SOFTWARE**

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati, Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

---

**INDOTEX PAINTS**

• DURABLE • DECORATIVE • PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

---

જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦
કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦

---

**INSTA-POWER**
Humble Efforts to Provide Quality Power
www.comfortinstapower.com
ISO 9001:2008, Certified Company

**DISTRIBUTION TRANSFORMER**
11 KV, 22 KV & 33 KV Class upto 7000 KVA, Confirming to IS-2026, IS-1180, 2014



**OTHER PRODUCTS**
- Furnace Transformer
- Lighting Transformer
- Isolation Trnasformer
- Online UPS
- Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB


**COMFORT INSTA-POWER LTD.**


Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)



www.artnirman.com
A Project by:
ART Nirman Ltd.
श्री विष्णुधारा GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
RED APPLE MEDIA
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL ▸ 88 66 71 44 99 | 88 66 38 44 99


# 'નવનીત'નાં
# જનરલ નોલેજ માટેનાં
# શ્રેષ્ઠ પ્રકાશનો


શૈક્ષણિક, વૈજ્ઞાનિક, વ્યાપારિક, રાજકીય, માનવીય, શારીરિક, માનસિક, બૌદ્ધિક, વ્યાવસાયિક, સ્વાસ્થ્યલક્ષી, વાસ્તુલક્ષી, ખેચર-ભૂચર-જળચર, પશુ-પંખી-જીવ-જંતુ-કીટાણુ, વાનસ્પતિક, જૈવિક, ભૌગોલિક, ખગોળીય, બ્રહ્માંડીય / વૈશ્વિક – તમામ વિષયો માટે 'ગાગરમાં સાગર' સમાં ને જ્ઞાનના ખજાના જેવાં આ પ્રકાશનો દરેક ઘરમાં અવશ્ય હોવાં જ જોઈએ. આજે જ વસાવી લેશો. આબાલ-વૃદ્ધ સૌ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે !















NAVNEET®

દરેક બુકસેલરને ત્યાં મળે છે.




Most Preferred Hiring Services for Aerial Works







# NEEL LIFTERS AND LOGISTICS

NEEL
LIFTERS AND LOGISTICS
(A Unit of NEEL STEEL)

15, Advait Complex, B/h. Sandesh Press, Opp. Soham Towers,
Bodakdev, Ahmedabad (Gujarat) - 380054, India.
P. :- +91-79-26740005, M :- +91-98250 15194, 98250 15294
E : info@neelliftersandlogistics.com
W : www.neelliftersandlogistics.com

# Willmore®

PLYWOOD, BLOCK BOARD AND FLUSH DOOR



*Chemical Treated*
*Termite Resistant*

- ✦ *Superior Bonding*
- ✦ *Borer Free*
- ✦ *A-1 Quality*



- ✦ **100% IMP Pine Wood B.B.** (M.R. & BWP Grade)
- ✦ **100% IMP Pine Wood Flush Door** (M.R. & BWP Grade)
- ✦ **Plywood R&R (Hard Core)** (M.R. & BWP Grade)
- ✦ **Plywood R&W** (M.R. & BWP Grade)

**Plywood Tichness Available :**
4 / 6 / 8 12 / 15 / 18 mm
B.B. : 19 / 20 mm

**Plywood Size :**
8x4, 8x3, 7x4, 7x3, 6x4, 6x3

**Flush Door Thickness Available :**
25 / 30 / 32 / 35 mm

## WILLMORE PLY PVT. LTD.

**OFFICE :**
14, Second Floor,
Surya Complex, Navyug Colony,
Bhulabhai Park Char Rasta, Ahmedabad-22.
Mob.: +91 98252 43557

**FACTORY :**
Survey No. 131-1,
B/h. Gran Electronic, Bhachu-Anjar Road,
Village Varsamedi, Ta. Anjar, Dist. Kutch (Gujarat)
Mob.: +91 98250 32054, 94276 14330

E-mail : willmoreply @yahoo.com || Website : www.willmoreply.in

વર્ષ-૩૨ ● અંક - ૮
૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૯

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**
૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-
ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## વિભાગ-૧

### તંત્રી સ્થાનેથી
- વધારાના પાણીના પ્રશ્ને કચ્છને અન્યાય ........ **અશોક મહેતા**....૯

### ગુજરાતી કથાગીતો – ૩
- પ્રતાવત્સલ રાજવી કવિનું હૃદયોર્મિસભર કથા કાવ્ય 'ગ્રામ્ય માતા' ........ **સંકલન : જીના વીરેન શેઠ**....૧૩

### અભિનય
- તમે દરરોજ 'અભિનય' કરો છો? ........ **પાર્થ દવે, ફ્રીલાન્સ પત્રકાર**....૧૬

### શિક્ષા
- ક્રિકેટ અને મિત્રો ........ **ભોલાભાઈ ગોલીબાર**....૧૮

### વાર્તા
- ચા, છાપું અને ટિફિન ........ **નવીન ત્રિપાઠી 'અલ્પ'**....૧૯

### કચ્છ
- ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કૉલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે – પ્રતિભાવ સ્વરૂપે ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૨૧
- શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૭) ........ **તુલસી કંસારા**.....૩૩

### સ્વાસ્થ્ય
- ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર – (૪) ........ **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૩૫
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**

### વિવિધતા
- હાસ્ય મજાક સાથે જ્ઞાનવૃધ્ધિ : પ્રેમભરી પ્રેમાળ અભિવ્યક્તિ : વેલેન્ટાઈન્સ તંબોલા ગેમ ........ **ભાવના એ. ઝવેરી**....૩૭
- શબ્દ શોધ : ક્રમાંક - ૮૦ ........ **પ્રદીપ જોષી - આદિપુર**....૩૯
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ....૪૦
- પ્રતિભાવ ........ ૪૩

### મેઘ ધનુષ
- ...હશે : **અરવિંદ સોમૈયા** ........ ...૪૩
- દેવેશી માતાનું સ્તુતિગાન – આરાધના : **મહાભાઈ આર. વોરા** ........ ...૪૩
- ન્યારી ગિન (કચ્છી રચના) : **દિલીપ આચાર્ય 'દિલકશ'** ........ ...૪૩
- માહિતી : કચ્છથી મુંબઈ અને મુંબઈથી કચ્છ આવતી ટ્રેનોનું સમય પત્રક ........ ૪૪

## વિભાગ-૨

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : સરસ્વતી સન્માન કાર્યક્રમ ........ ૪૫
- પરિવાર સમાચાર ........ ૪૬
- આધાર સ્તંભોની અભિવંદના – મણકો : ૧ સ્વ. શ્રી હીરજી પાસુ શાહ (દેઢિયા) ........ ૪૮
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ........ ૫૧


खईके पान महकवाला
महक गया,
मस्त मूड हमारा
MICHI'S®
Candies & Toffees
Maha Masti
MICHI'S
Pan Mahek
₹ 1/-
PER PIECE
सब' मस्त है!
SUGAR BOILED CONFECTIONERY
Visit us on: http/www.jrjfoods.com//www.michis.in
Email: salessupport@jrjfoods.com facebook.com/MichisTreats
MichisTreats
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12 info@jrjfoods.com jrjfoods.com

તંત્રીલેખ

# વધારાના પાણી પ્રશ્ને કચ્છને અન્યાય



અશોક મહેતા

*શ્રી ધરમશીભાઈ મહેશ્વરી દ્વારા ભુજ - કચ્છથી 'કચ્છ કોલિંગ' (Kutch Calling) નામનું અંગ્રેજીમાં એક મુખપત્ર બહાર પાડવામાં આવે છે. તેના ૬ જાન્યુઆરી, ૨૦૧૯ના અંકમાં કચ્છ માટે એક આઘાતજનક સમાચાર પ્રસારિત કરવામાં આવેલ છે. આ સમાચાર મુજબ તેઓશ્રીએ વિશ્વાસપાત્ર અધિકારીને ટાંકીને જણાવેલ છે કે કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યો કાયમ માટે સ્થગિત કરી દેવાના, જળસિંચાઈ વિભાગની લાગતી વળગતી ઓફિસને સુચના આપી દેવામાં આવેલ છે. આ સમાચારને એક મહિનાથી વધુ સમય થઈ ગયેલ હોવા છતાં ભુજમાંથી કે કચ્છમાંથી કોઈ પણ ખૂણેથી સળવળાટ થયાનું જાણવામાં આવેલ નથી. મૂળ આયોજન પ્રમાણે ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણીથી કચ્છમાં ૧૦ લાખ એકર જમીનમાં સિંચાઈ કરવાના આયોજન હતા. આજના ધોરણે ઓછામાં ઓછા નફાવાળા પાકથી પણ ખેડૂતને બધા ખર્ચા બાદ કરતાં રૂા. ૧૫,૦૦૦/-નો એક એકરે નફો થાય. આ હિસાબે ૧૦ લાખ એકરની સિંચાઈ દ્વારા કચ્છના ગામડાંના ખેડૂતોને દર વર્ષે રૂા. ૧૫૦૦ કરોડની કમાણી થાય કે જે ઉપરોક્ત નિર્ણય દ્વારા આ ખેડૂતોને અન્યાય કરી તેમની કમાણી પર તરાપ મારવામાં આવી છે. અને તેમ છતાં પણ કચ્છના કોઈ પણ જાહેર સેવકે આ બાબત હરફ સુધ્ધાં ઉચ્ચારેલ નથી. કચ્છ કિસાન સંઘ પણ મૌન ધારણ કરીને બેઠું છે.*

*આ સમાચાર જાણવા મળતા તેની વિગતોના ઉંડાણમાં ઉતરવાનું થયું. જે-તે અધિકારી તરફથી કારણ એ દર્શાવવામાં આવ્યા કે જ્યાં લગી નિયમિત પાણી વહન કરવા માટેની કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂર્ણ ન થાય ત્યાં લગી વધારાના પાણીના કાર્યો માટેની લિંક કેનાલ બનાવી, તેનો ખર્ચ કરવાથી કોઈ હેતુ સંધાતો નથી. (આ અધિકારીશ્રીને કોણ સમજાવશે કે સરદાર સરોવર ડૅમનું કામ પૂર્ણ થાય એ અગાઉ ડૅમની સાઈટથી રાજસ્થાન સુધીની ૪૯૬ કિ.મી. લાંબી મુખ્ય કેનાલનું કામ આ જ સરકારના આયોજનથી પરિપૂર્ણ કરી દેવામાં આવેલ હતું.) આ અધિકારીશ્રીઓ દ્વારા એ દલીલ પણ કરવામાં આવી કે નર્મદા નદીનું વધારાનું પાણી ૩ એમ.એ.એફ. છે જ નહીં. તેથી કચ્છને કેટલું પાણી ફાળવી શકાશે તે અત્યારે કહેવું મુશ્કેલ છે. તેથી આ કાર્યો પાછળ ખર્ચ કરવાનો અત્યારે કોઈ જ મતલબ નથી. એક તરફ વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી માટે ઉત્તર ગુજરાતના કાર્યો રૂા. ૪,૦૦૦ કરોડના ખર્ચથી સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦માં પરિપૂર્ણ કરી દેવામાં આવેલ છે. બીજી તરફ સૌરાષ્ટ્રને ફાળવવામાં આવેલ વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના આજના અંદાજ મુજબ રૂા. ૨૦,૦૦૦ કરોડના ખર્ચની સામે "સૌની" યોજના અંતર્ગત રૂા. ૧૨,૦૦૦ કરોડ જેટલી રકમ ખર્ચાઈ ગયેલ છે અને આજે પણ એ કામો પૂરબહારમાં ચાલી રહેલ છે. જ્યારે કચ્છને ફાળવવામાં આવેલ ૧.૦૦ એમ.એ.એફ. પાણી માટે આજના આયોજન મુજબ રૂા. ૧૦,૦૦૦ કરોડના અંદાજિત ખર્ચ સામે છેલ્લા બે વર્ષના ગુજરાત સરકારના બજેટમાં રૂા. ૭૨ કરોડ અને રૂા. ૧૫ કરોડ જેટલી નજીવી રકમ માત્ર ફાળવવામાં આવેલ છે અને તે સામે આર.ટી.આઈ. દ્વારા મેળવેલ જવાબ મુજબ માત્ર રૂા. ૩ કરોડ જ વપરાયેલ છે. ગુજરાત રાજ્યમાં કચ્છ પ્રત્યે ભેદભાવ રાખી તેને આ હળહળતો અન્યાય કરવામાં આવી રહેલ છે, કે જે જોઈને કચ્છની પ્રજા સમસમી ના ઉઠે તો જ નવાઈ લાગે.*

*ઉપરોક્ત સમાચાર મળતા ભુજ ખાતે બિરાજમાન જળસિંચાઈ વિભાગના સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી કોટવાલનો, આ લેખ લખનારે ફોન પર સંપર્ક સાધતા તેમણે ઉડાઉ જવાબ આપતા જણાવેલ કે નર્મદા નદીના નિયમિત પાણીના કમાન્ડ વિસ્તારના કામો એટલે કે વાંઢિયા બ્રાંચ કેનાલ, ગાગોદર બ્રાંચ કેનાલ અને દૂધઈ બ્રાંચ કેનાલના કામો કચ્છમાં બરાબર ચાલે છે. આ એકદમ ઉડાઉ જવાબ હતો. તેઓશ્રીએ જે જવાબ આપ્યો તે નર્મદા નિગમના નિયમિત પાણી અંગેનો અને સરદાર સરોવર નર્મદા નિગમના ડિપાર્ટમેન્ટને લગતો જવાબ હતો. આ જવાબને વધારાના પાણીના કાર્યો, કે જે જળસિંચાઈ વિભાગના આ કોટવાલની અંડરમાં આવે તેની સાથે કોઈ લેવાદેવા જ ન હતી. તેઓ એમ સમજતા હતા કે હું કચ્છની પ્રજાને સારી રીતે ઊંઠા ભણાવી શકીશ. જ્યારે તેમની યોગ્ય રાહે કાનપટ્ટી પકડવામાં આવી ત્યારે તેમણે કબૂલ્યું કે હા, હાલ પૂરતા કચ્છના વધારાના પાણીના કાર્યો મોકૂફ રાખવાના હુકમો આવેલ છે.*

*ત્યારબાદ જળસિંચાઈ વિભાગની ગાંધીનગર ઓફિસના ચીફ એન્જિનિયર શ્રી કાનાણીને, જ્યારે આ લેખ લખનારે ફોન કર્યો ત્યારે તેમની અનુપસ્થિતિમાં અન્ય ઓફિસરને લાઈન આપવામાં આવી અને તે ઓફિસરે જે જવાબ આપ્યો તે સાંભળીને જ દિગ્મુઢ થઈ જવાયું. તેઓએ જણાવ્યું કે તમારા કચ્છના રાજકારણીઓમાં દમ ના હોય ત્યારે આવું જ થવાનું છે. તમારા કચ્છના રાજકારણીઓનું અહીં કંઈ ઉપજતું જ નથી. સૌરાષ્ટ્રના અને ઉત્તર ગુજરાતના ધારાસભ્યો અહીં આવી પોતાના કામો કઢાવી જાય છે જ્યારે તમારા રાજકીય કાર્યકરોની અહીં કોઈ કિંમત જ નથી અને તેઓને અહીં કોઈ દાદ આપતું પણ નથી. તેઓમાં પોતાના પ્રદેશને થતા અન્યાયની સામે લડવાની તાકાત જ નથી. આ પ્રશ્ન હવે રાજકીય બની ગયેલ છે અને રાજકીય રાહે કચ્છના વધારાના પાણીના કાર્યોમાં આગળ ન વધવાની અમને હાલ પૂરતી સુચના આપવામાં આવેલ છે કે જે ભવિષ્યમાં કદાચ કાયમી પણ બની શકે. ઉપરોક્ત જવાબ સાંભળીને કોઈ પણ કચ્છીને અનહદ આઘાત લાગે તે સ્વાભાવિક છે.*

*કચ્છની નર્મદા નિગમની ભચાઉ ઓફિસનો, જ્યારે આ લેખ લખનારે સંપર્ક સાધ્યો ત્યારે ત્યાંના એક વિશ્વાસપાત્ર અધિકારી તરફથી આ સમાચારમાં તથ્ય હોવાનું જણાવવામાં આવ્યું.*

*ઉપરોક્ત જવાબો કચ્છના કોઈ પણ પક્ષના ધારાસભ્યોની અને કચ્છના રાજકીય કાર્યકરોની આંખ ઉઘાડી નાખે તેવા છે. કચ્છના બધા જ પક્ષના રાજકીય કાર્યકરો સંગઠિત બની આ પ્રશ્ન હાથ પર નહીં લે અને માત્ર પોતાની ખુરશી કે પોતાનો હોદ્દો સાચવવામાં પડ્યા રહેશે તો કચ્છ માટે આવતા દિવસો ખૂબ જ અંધકારજનક હશે તેમાં બે મત નથી.*

*જે જિલ્લામાં સદીઓથી, દર ૧૦ વર્ષે ૭ વર્ષ દુષ્કાળના આવતા હોય, જે જિલ્લાની પ્રજા રોજીરોટી માટે વર્ષોથી સ્થળાંતર કરી અન્યત્ર વસવાટ કરતી હોય, જે જિલ્લાની પ્રજા ચાલુ વર્ષે પણ સખત દુષ્કાળની ભીંસમાંથી પસાર થઈ રહેલ હોય, જે જિલ્લાના પશુપાલકો આજે પણ પોતાના પશુઓને લઈને ગુજરાતના અન્ય જિલ્લાઓમાં સ્થળાંતર કરી પોતાના પશુઓને જીવિત રાખવાની મથામણમાં પરેશાન થતા હોય, એ જિલ્લાના રાજકીય કાર્યકરો માટે સરકારી અધિકારીશ્રીઓ દ્વારા ઉચ્ચારાયેલ ઉપરોક્ત વિધાનો ખૂબ જ આઘાતજનક કહેવાય. અગર કચ્છના બધા જ પક્ષના રાજકીય કાર્યકરોથી પોતાના હોદ્દા કે ખુરશીનો મોહ ના છૂટી શકતો હોય, તો કચ્છની આમ પ્રજાએ આ અન્યાય સામે લડત આદરવી જોઈએ તે હિચકિચાટ વગરની વાત છે.*

*વર્ષો અગાઉ નર્મદા નદીના પાણીના વિતરણ અંગે જ્યારે સંબંધિત રાજ્યો વચ્ચે અસહમતિ હતી ત્યારે વર્ષ ૧૯૬૯માં ભારત સરકાર તરફથી જળપંચ (સેન્ટ્રલ ટ્રીબ્યુનલ)ની રચના કરવામાં આવેલ હતી. વર્ષ ૧૯૭૯માં આ જળપંચનો ચુકાદો આવેલ હતો કે નર્મદા નદીના ૨૮ એમ.એ.એફ. નિયમિત પાણીમાંથી ગુજરાતને ૯*

એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવે અને પૂરના વધારાના પાણી તથા પાવર હાઉસમાંથી વીજળી ઉત્પન્ન થયા પછી બહાર નીકળતું છલતીનું પાણી કે જે એ વખતના અંદાજ મુજબ ૩.૦૦ એમ.એ.એફ.ની ગણના કરવામાં આવેલ હતી તે પણ ગુજરાતને ફાળવવાનો ચુકાદો આપવામાં આવેલ હતો.

શ્રી નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાત સરકારે નિર્ણય લીધેલ હતો કે વધારાના અંદાજિત ૩ એમ.એ.એફ. પાણીમાંથી ૧/૩ પાણી કચ્છને, ૧/૩ પાણી સૌરાષ્ટ્રને અને ૧/૩ પાણી ઉત્તર ગુજરાતને ફાળવવામાં આવે છે. મતલબ એ હતો કે ૧.૦૦ એમ.એ.એફ. પાણી કચ્છને, ૧.૦૦ એમ.એ.એફ. પાણી સૌરાષ્ટ્રને અને ૧.૦૦ એમ.એ.એફ. પાણી ઉત્તર ગુજરાતને ફાળવણી કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

આ નિર્ણય મુજબ ઉત્તર ગુજરાતના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યો સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૬માં શરૂ કરવામાં આવેલ હતા અને વર્ષ ૨૦૧૦માં પરિપૂર્ણ કરી દેવામાં આવેલ હતા. સૌરાષ્ટ્રના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યો ૫૦ ટકા જેટલા પરિપૂર્ણ કરી દેવામાં આવેલ છે અને બાકીના કાર્યો કોઈ પણ જાતના હિચકિચાટ વગર પૂરબહારમાં ચાલી રહેલ છે. જ્યારે કચ્છને ફાળવાયેલ વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યો માટે ગુજરાત સરકારશ્રીના અધિકારીશ્રીઓ દ્વારા (તેઓના મંત્રીશ્રીની સુચના પ્રમાણે) ઠાગાઠૈયા કરવામાં આવે છે. કચ્છને છેવાડાનો પ્રદેશ ગણી, હાલની સરકાર તેને ખૂબ જ અન્યાય કરી રહેલ છે. આ અન્યાય સામે કચ્છની બધા જ પક્ષની રાજકીય નેતાગીરીએ એકસંપ થઈ, પ્રશ્નના ઉંડાણમાં જઈ, કચ્છને થતા અન્યાયની સામે લડત આદરવી ખૂબ જ જરૂરી છે. અગર ગુજરાત સરકાર તેમનું ના સાંભળે અને પોતાની મનમાની કરે તો કચ્છના બધા જ ધારાસભ્યો, સંસદસભ્ય, જે - તે રાજકીય પક્ષના હોદ્દા ઉપરના કાર્યકરોએ એકજુટ થઈ રાજીનામા ધરી દેવા જોઈએ. અગર કચ્છની આ રાજકીય નેતાગીરી એકસંપ થઈ માભોમ કચ્છને થતા અન્યાય સામે લડત ના આદરે તો કચ્છની પ્રજાએ સમજવું જોઈએ કે આ નેતાશ્રીઓને કચ્છની કંઈ જ પડી નથી. તેઓ માત્ર પોતાની ખુરશી કે હોદ્દાના સ્વાર્થમાં કચ્છને છેહ દઈ રહ્યા છે. તેવા કિસ્સામાં પ્રજાએ જાતે આગળ આવી આ લડત આદરવી જોઈએ.

**૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,**
**બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯**

**[નોંધ :**

૧. લાગતા વળગતા અધિકારીશ્રીઓ તરફથી એવી દલીલ કરવામાં આવે છે કે સરદાર સરોવર ડેમમાં પાણી નથી. તેમને પૂછવાનું મન થાય છે કે અમદાવાદની રીવર ફ્રન્ટની યોજનામાં અને સી પ્લેઈન ઉડાડવામાં પાણી ક્યાંથી આવે છે? કચ્છના ભાગનું પાણી અહીં વપરાય છે?

૨. પાવર હાઉસમાં વીજળી ઉત્પન્ન કરવાના વપરાશ પછી જે છલતીનું પાણી નીકળે છે તેને થોડા અંતરે એક નાનો બંધ બાંધી રોકવાનું હતું કે જે આજ દિવસ સુધી બંધાયેલ નથી અને આ પાણીની ગણના ૩ એમ.એ.એફ.માં લીધેલ હોવા છતાં તેને દરિયામાં વહેવડાવી દેવામાં આવે છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ – એમ કોના ભાગમાંથી આ પાણી કપાય છે?]

**સારા કામ કરતા રહો, લોકો તેના વખાણ કરે કે ના કરે.**
**અડધી દુનિયા સૂતી હોય છે છતાં સૂરજ તો ઉગે જ છે અને ઉજાસ ફેલાવતો રહે છે.**




# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !


**શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.**

**શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.**

**નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.**



બ્રાંચ કટર




પેટ્રોલ ચેઈન સો



ગ્રીન વેસ્ટ શ્રેડર

TRITON

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઊપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ, અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

ગુજરાતી કથાગીતો
મણકો-૩

# પ્રજાવત્સલ રાજવી કવિનું હૃદયોર્મિસભર કથાકાવ્ય
# 'ગ્રામ્ય માતા'

• સંકલન : જીના વીરેન શેઠ •

**(શાર્દૂલવિક્રીડિત)**

ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં,
ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એકે નથી વાદળી;
ઠંડો હિમભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દીસે શુક ઊડી ગાતાં મીઠાં ગીતડાં!

**(માલિની)**

મધુર સમય તેવે ખેતરે શેલડીના,
રમત કૃષિવલોનાં બાલ ન્હાનાં કરે છે,
કમલવત્ ગણી બાલના ગાલ રાતા,
રવિ નિજ કર તેની ઉપર ફેરવે છે!

**(અનુષ્ટુપ)**

વૃદ્ધ માતા અને તાત તાપે છે સગડી કરી,
અહો! કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે!

**(વસંતતિલકા)**

ત્યાં ધૂળ દૂર નજરે ઊડતી પડે છે,
ને અશ્વ ઉપર ચડી કોઈ નર આવે;
ટોળે વળી મુખ વકાસી ઊભાં રહીને,
તે અશ્વને કુતૂહલે સહુ બાલ જોતાં!

**(મંદાક્રાન્તા)**

ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી,
વૃદ્ધા માતા નયન નબળાં ફેરવીને જુએ છે;
ને તેનો એ પ્રિય પતિ હજુ શાંત બેસી રહીને
જોતાં ગાતો સગડી પરનો દેવતા ફેરવે છે!

**(અનુષ્ટુપ)**

ત્યાં તો આવી પહોંચ્યો એ અશ્વ સાથે યુવાન ત્યાં;
કૃષિક એ ઊઠી ત્યારે 'આવો બાપુ!' કહી ઊભો.

**(શાર્દૂલવિક્રીડિત)**

"લાગી છે મુજને તૃષા, જલ ભરી દે તું મને" બોલીને
અશ્વેથી ઊતરી યુવાન ઊભીને ચારે દિશાએ જુવે;
"મીઠો રસ છે ભાઈ! શેલડી તણો" એવું દયાથી કહી,
માતા ચાલી યુવાનને લઈ ગઈ જ્યાં છે ઊભી શેલડી!

**(વસંતતિલકા)**

પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા,
છૂરી વતી જરીક કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા
ને કૈં વિચાર કરતો નર તે ગયો પી.

**(અનુષ્ટુપ)**

"બીજું પ્યાલું ભરી દે ને, હજુ છે મુજને તૃષા"
કહીને પાત્ર યુવાને માતાના કરમાં ધર્યું.

**(મંદાક્રાન્તા)**

કાપી-કાપી ફરીફરી અરે કાતળી શેલડીની,
એકે બિંદુ પણ રસ તણું કેમ હાવાં પડે ના?!
"શું કોપ્યો છે પ્રભુ મુજ પરે!" આંખમાં આંસુ લાવી,
બોલી માતા વળી ફરી છૂરી ભોંકતી શેલડીમાં.

**(અનુષ્ટુપ)**

"રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;
નહીં તો ના બને આવું" બોલી માતા ફરી રડી.

**(વસંતતિલકા)**

એવું યુવાન સુણતાં ચમકી ગયો ને
માતા તણા પગ પડી ઊઠીને કહે છે;
"એ હું જ છું નૃપ, મને કર માફ, બાઈ!
એ હું જ છું નૃપ, મને કર માફ, ઈશ!

**(શાર્દૂલવિક્રીડિત)**

પીતો'તો રસ મિષ્ટ હું, પ્રભુ! અરે ત્યારે જ ધાર્યું હતું
આ લોકો સહુ દ્રવ્યવાન નકી છે એવી ધરા છે અહીં;
છે ત્હોયે મુજ ભાગ કૈં નહિ સમો તે હું વધારું હવે,
શા માટે બહુ દ્રવ્ય આ ધનિકની પાસેથી લેવું નહીં?

**(ઉપજાતિ)**

રસે હવે દે ભરી પાત્ર, બાઈ,
પ્રભુકૃપાએ નકી એ ભરાશે;
સુખી રહે બાઈ! સુખી રહો સૌ,
ત્હમારી તો આશિષ માત્ર માગું!"

**(વસંતતિલકા)**

પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા,
છૂરી વતી જરી જ કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા,
બ્હોળો વહે રસ, અહો! છલકાવી પ્યાલું!

*– સૂરસિંહજી તખ્તસિંહજી ગોહિલ 'કલાપી'*
*(તા. ૨૬-૧-૧૮૭૪થી તા. ૧૦-૬-૧૯૦૦)*

- **કવિ પરિચય :**

દુનિયામાં સાહિત્યપ્રેમી રાજાઓ તો ઘણા થયા છે પરંતુ પોતે કવિ હોય એવા રાજાઓની સંખ્યા આંગળીને વેઢે ગણી શકાય એટલી ઓછી છે.

આવા રાજાઓમાંના એક એટલે કાઠિયાવાડના લાઠી સંસ્થાનના રાજવી સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ, જેઓ ગુજરાતી સાહિત્ય જગતમાં 'કલાપી'ના નામે ઓળખાય છે. કલાપીની કલમે સર્જાયેલી રંગબેરંગી કવિતા આજે એક સૈકા પછી પણ કવિતા પ્રેમીઓને મોહિત કરે છે.

રાજકીય ખટપટોને કારણે ઘણું ઓછું શિક્ષણ પામેલા કલાપીએ અંગત શિક્ષક રોકીને અંગ્રેજી - સંસ્કૃતનું શિક્ષણ મેળવ્યું. ફારસી - ઉર્દૂનો પણ અભ્યાસ કર્યો. વાંચન - અધ્યયનની રૂચિ કેળવી. અન્ય ભાષાઓના ગ્રંથોનાં વાંચને એમની સજ્જતા કેળવવામાં મહત્ત્વનું યોગદાન કર્યું.

સાહિત્યકાર તરીકે કલાપીનું મહત્ત્વ એમના 'કેકારવ'ને કારણે જ છે. 'કલાપીનો કેકારવ' ઈ.સ. ૧૯૦૩માં કવિ કાન્તે પ્રગટ કર્યો. જેમાં કલાપીની ૨૭૫ જેટલી કાવ્ય રચનાઓ પ્રગટ થઈ છે. તેમાં કાવ્ય સ્વરૂપોનું અને વિષયોનું વૈવિધ્ય નજરે પડે છે.

- **કલાપી, એક પ્રજાવત્સલ રાજા તરીકે :**

ઋજુ હૃદયના કલાપી એક પ્રજાવત્સલ રાજવી હતા. તેમના શાસનકાળ દરમિયાન છપ્પનિયો દુકાળ પડેલો. દુકાળના કાળા કેરથી પીડાતી પ્રજા માટે તેમણે પોતાની તિજોરી ઠાલવી દીધી હતી. એક પણ માણસ દુકાળનો ભોગ ન બને તે માટેનાં તમામ પગલાં તેમણે લીધાં હતાં તેમજ પશુઓ માટે પણ પૂરતા ઘાસચારાનો બંદોબસ્ત કરાવ્યો હતો. એક સાચા રાજકર્તા તરીકે તેમના હૃદયના ભાવ હતા – "એક પણ માણસ આ રાજ્યમાં ન મરે તો પ્રભુનો મોટો ઉપકાર!"

- **કવિ પરિચય :**

રાજવીની વિનમ્રતા, ગરીબો પ્રત્યેની હમદર્દી અને રાજા કેવો હોવો જોઈએ એ વાત કલાપી જેવા પ્રજાવત્સલ રાજા જ સમજાવી શકે. તેમણે રચેલા આ કાવ્યમાં આ બધી જ વાતો તેમણે સ્પષ્ટપણે નિરૂપેલ છે. રાજા પ્રજાની તરફ કઠોર વ્યવહાર કરે તે પૃથ્વીપતિની સાન ધરતી જ ઠેકાણે લાવી શકે એટલે રાજા ખેડૂતનો કર વધારવાનો વિચાર કરે છે ત્યારે ધરતી શેરડીનો રસ રોકી રાખે છે. જ્યારે રાજા પોતાની ભૂલ કબૂલ કરી ખેડૂતની માફી માંગે છે ત્યારે જ ધરતી ફરી રસ વહેવડાવે છે.

- **કવિનો પ્રકૃતિપ્રેમ અને કાવ્યમાં તેનો ઉપયોગ :**

સૌંદર્યદર્શી કવિ આત્મામાં પ્રકૃતિ પ્રેમ સહજ રીતે હોય જ. કલાપીના એ રસને, વિલિયમ વર્ડ્ઝવર્થ (ઈ.સ. ૧૭૭૦-૧૮૫૦)ની કવિતાના રસદર્શને સારું પોષણ અને વેગ આપ્યાં હોવાં જોઈએ. એનું કારણ, કલાપી વર્ડ્ઝવર્થને ઋષિ, મહાત્મા અને મહાકવિ ગણી આદરથી જોતા હતા.

પ્રકૃતિનું સુંદર શબ્દચિત્ર તેઓ પોતાની કવિતામાં ખૂબ કુશળતાથી કરી શકતા હતા. ખંડકાવ્ય 'ગ્રામ્યમાતા' એવું જ એક ઉત્તમ કાવ્ય છે, જેમાં પશ્ચાદભૂ તરીકે પ્રકૃતિનો નોંધપાત્ર ઉપયોગ થયો છે.

વર્ડ્ઝવર્થના સાદી ભાષામાં સીધા કથનના આદર્શને માનથી જોનાર 'કલાપી'એ પોતે આ કાવ્યમાં એ આદર્શને અનુસરવાનો પ્રયાસ કર્યો છે એમ તેઓએ કહ્યું હતું.

- **કલાપીની વિશેષતા :**

રાજા, કવિ અને પ્રેમીનો યોગ કવચિત જ થાય. માત્ર છવ્વીસ વર્ષની, મધુર રસથી ભર્યા જામ જેવી જિંદગી જીવી જનાર, કલાપી એક દંતકથા સમાન છે.

કલાપીનાં કાવ્યોમાં ઊર્મિઓનું આલેખન અને લાગણીની પ્રધાનતા જોવા મળે છે. તેથી જ તેમને "The Poet of Love" કહેવામાં આવતા.

વધુમાં વધ છાંદસ કાવ્યો આપનાર કલાપીનો વિવિધ છંદો પર કેવો પ્રશસ્ય કાબૂ હતો તે પણ આ કાવ્ય વાંચતાં સમજાય છે.

- **કાવ્ય સંકલ્પના :**

કાવ્યની શરૂઆત કવિ પ્રકૃતિમાતાના વર્ણનથી કરે છે. હેમંત ઋતુનો સૂર્ય, પૂર્વમાં ઊગી રહ્યો છે. આકાશ સ્વચ્છ છે. એકે વાદળી દેખાતી નથી. ઠંડો પવન વાઈ રહ્યો છે. પંખીડા ડાળીઓ પર ઉત્સાહથી ઊડી મીઠાં ગીતડાં ગાઈ રહ્યાં છે અને મનુષ્યમાં પણ એવો જ ઉત્સાહ છે. ઉત્સાહ છે જીવનનો... જીવનના તરવરાટનો.

એવા મધુર સમયમાં શેરડીના ખેતરમાં ખેડૂતોનાં નાનાં

બાળકો રમી રહ્યાં છે. સૂર્ય જાણે કમળ ઉપર કિરણ ફેલાવે એમ નાનાં બાળકોના ગાલ પર કિરણ ફેલાવી એને રાતા બનાવી રહ્યો છે. એ રતાશ સૂર્યની છે તેમજ એ રતાશ છે બાળપણની, ભોળપણની, મોકળાશની અને નિરાંતની!

ત્યાં એક વૃદ્ધ દંપતી સગડી તપાવી તાપ તાપી રહ્યા છે. એ વૃદ્ધ દંપતીમાં પણ કવિ સૌંદર્યને જોઈ રહ્યા છે. એ સૌંદર્ય છે ગામડાનું, ગામડાના સુખનું, સંતોષનું!

ત્યાં ઘોડા પર ચડીને કોઈ નર ધૂળ ઉડાડતો આવતો દેખાય છે. ત્યાં બધાં બાળકો વિસ્મય સાથે કોણ આવી રહ્યું છે એ જોવા ટોળે વળે છે.

વૃદ્ધ દંપતીમાંથી માતા કોણ આવે છે એ દિશામાં જુએ છે. પણ તેના પતિને એ પ્રત્યેની થોડી બેફિકરાઈ જણાઈ આવે છે. યુવાન ત્યાં આવીને ઊભો રહે છે અને 'આવો બાપુ!'નો આવકારો પામે છે.

યુવાનને તરસ લાગી છે. ઘોડા પરથી ઊતરીને એ ચારે બાજુ જુએ છે. એણે માંગ્યું તો પાણી હતું પણ જુઓ ગામડાના માણસ અને એની ભાવના! માતા યુવાનને શેરડી ઊભી હતી ત્યાં લઈ જઈને કહે છે... 'મીઠી છે આ શેરડી એનો રસ જ પીઓ ને!'

માતા પ્યાલું લઈ શેરડી પાસે આવી ઊભે છે અને છરીથી જરાક જ શેરડી કાપે છે ત્યાં શેરડીમાંથી રસ છૂટે છે અને પાત્ર ભરાઈ જાય છે. જાણે રસનું પાત્ર નહીં, બાઈનું મન પણ એટલું જ ભર્યું ભર્યું છે, પ્રેમ અને મમતાથી ભર્યું ભર્યું!

પણ યુવાન કંઈક વિચારે ચડ્યો છે. રસ તો પી જાય છે. પણ હવે એને બીજું પાત્ર પીવું છે. એણે પાત્ર માતા સામે ધર્યું.

માતા ફરી પાછું એ જ રીતે શેરડીની કાતરી કાપે છે. પણ અરે! આ શું? આ વખતે એક બિંદુ પણ ન પડ્યું પાત્રમાં.

ત્યારે બાઈની આંખમાં આંસુ આવે છે કે અરે! શું પ્રભુ મારા ઉપર ક્રોધિત થયો છે કે શું? એ અશ્રુભીની આંખે ફરી શેરડી કાપે છે પણ અફસોસ! એક ટીપું પણ રસ મળતો નથી.

બાઈને દુઃખ એ વાતનું નથી કે રસ ન મળ્યો પણ એનો અતિથિ તરસ્યો રહી જશે એનું દુઃખ વધુ છે. એની ઈચ્છા પૂરી નહીં કરી શકવાની અસમર્થતા જ એને ખટકે છે. ત્યારે એના મોંમાંથી જે ઉદ્ગાર નીકળે છે એ કવિતાનો પ્રાણ છે.

*"રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ;*
*નહીં તો ના બને આવું" બોલી માતા ફરી રડી.*

માતાને કેવો વિશ્વાસ હશે પોતા ઉપર, પોતાના ભાવ ઉપર, પોતાની ધીંગી ધરા ઉપર. આવી શ્રદ્ધાવાળી માતા જ ગ્રામ્ય માતા થઈ શકે.

કાં તો ધરતી રસ વગરની થઈ છે અથવા તો રાજા દયા વગરનો થયો છે નહિતર આવું કોઈ દિવસ ન થાય કે હું શેરડી કાપું ને રસ ન નીકળે.

કેવો વિશ્વાસ હશે એ બાઈને!

બાઈની આ જ વાત... એનો આ જ વિશ્વાસ યુવાનને જગાડી જાય છે અને એનું હૃદય પરિવર્તન કરી જાય છે. બાઈની આ વાત સાંભળી, યુવાન ખુલાસો કરતાં કહે છે કે માતા! હું જ અહીંનો રાજા છું. મને માફ કર. મેં જ્યારે પહેલી વખત રસ પીધો ત્યારે મારા મનના ભાવ બગડ્યા હતા. મેં વિચાર્યું કે આ લોકો બહુ દ્રવ્યવાન, પૈસાવાળા છે. એમની ધરા જે આટલી રસ-કસવાળી છે. હું હવે એની ઊપજમાં મારો ભાગ વધારી કર પેટે વધુ રકમ વસૂલું તો કેવું સારું?

પણ બાઈની વાત પરથી રાજાને પોતાની ભૂલ સમજાય છે. એ કબૂલાત કરી, પશ્ચાતાપ કરી પાવન થાય છે. યુવાન ફરીથી માતાને પાત્ર ભરવાનું કહે છે. તેને વિશ્વાસ છે કે પ્રભુકૃપાએ એ ફરી જરૂર ભરાશે. એ બાઈને આશિષ આપે છે કે તમે બધા ખૂબ સુખી થાઓ અને મને તો મારી પ્રજાના આશીર્વાદ જ જોઈએ છીએ, બીજું કશું નહીં. જો મારી પ્રજા સુખી હશે તો હું પણ સુખી જ થઈશ.

ફરીથી માતાએ શેરડીની કાતરી કાપી અને ફરીથી પાત્ર ભરાઈ જાય છે. વિશ્વાસનું પાત્ર પણ છલકાઈ જાય છે. એ વિશ્વાસ જે પ્રજાને રાજા માટે હોય અને રાજાને પ્રજા માટે હોય. જ્યાં આવો વિશ્વાસ હોય ત્યાં પરસ્પર પ્રેમ હોય અને આવો પ્રેમ હોય ત્યાં 'રામરાજ્ય' જ હોય ને!

- **કાવ્ય સમીક્ષા :**

કોમળ હૈયું ધરાવતા 'કલાપી' જેવા રાજવી કવિની કલમે 'ગ્રામ્યમાતા' જેવું ઊર્મિપ્રધાન કથાકાવ્ય ન સર્જાય તો જ નવાઈ.

આ કાવ્યમાં 'કલાપી'એ પ્રકૃતિપ્રેમની સાથે સાથે રાજાનો પ્રજાપ્રેમ પણ વર્ણવ્યો છે.

એક રાજવીના દેહમાં 'માતા'નું દિલ પણ હોવું જોઈએ. 'કલાપી' પાસે આવું દિલ હતું. તેથી જ તેઓને ૨૧ વર્ષની ઉંમરે ૧૮૯૫માં રાજ્યાભિષેક થયો. એ જ વર્ષે તેઓ 'ગ્રામ્યમાતા' જેવું ઉત્કૃષ્ટ કાવ્ય સર્જી શક્યા હતા.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૭ ઉપર)**

અભિનય

# તમે દરરોજ 'અભિનય' કરો છો?



પાર્થ દવે, ફ્રીલાન્સ પત્રકાર

અભિનય એ વ્યક્ત થવાની કળા છે. આમ તો કોઈ પણ કળા વ્યક્ત થવાની જ હોય છે! લખવું, બોલવું (બોલવું એટલે અહીં 'વક્તવ્ય' આપવું એ અર્થમાં!), દોરવું, ગાવું, વગાડવું – આ બધી કળામાં કલાકાર વ્યક્ત થાય છે, પોતાની વાત મૂકે છે, જાહેર થાય છે. ઘણી વખત અંગત રીતે, પોતાના માટે પણ વ્યક્ત થતો હોય છે. પોતાના આનંદ માટે લખાયું હોય અને પછી અન્ય લોકો તેને વધાવી લે, ત્યારે તે આનંદ બેવડાઇ જતો હોય છે. બસ, પણ ત્યાર પછી કલાકારના મનમાં પોતાની કળાના કદરદાનો પાસેથી મોટી મોટી અપેક્ષાઓ ઊભી ન થવી જોઈએ. નહિંતર ખલ્લાસ! નહીં રહે નિજાનંદ, નહીં રહે કળા. પછી લખવાની બદલે લખ-લખ થશે!

વેલ, વાતની શરૂઆત અભિનયથી કરી હતી. અભિનય જબરી કળા છે અને તેમાં મોટાભાગના લોકો માહેર છે. ના, અહીં વાત કલાકાર-કસબીઓની નથી હોતી (તે તો દર અઠવાડિયે 'મધ્યાંતર'માં કરીએ જ છીએ ને!) અહીં વાત આપણી - સામાન્ય લોકોની થઈ રહી છે. એક્ટીંગનો સામાન્ય અર્થ એવો થાય કે નાટક, ફિલ્મ કે ટેલિવિઝન પર કોઇ કાલ્પનિક પાત્રને ભજવવું, એક્ટ કરવું, તેવું કામ. સૌ જાણીએ છીએ તેમ તેના મસમોટા કોર્સિસ થાય છે ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટોમાં.

જે લોકો શીખવવા માટે લાખો પૈસા આપે છે તે કળા સામાન્ય માણસ લગભગ દરરોજ કરી રહ્યો છે, અભિનય! જીવાતી જિંદગીમાં અભિનય! બે ભાઈઓ સમાજ સામે સાથે છે એવો અભિનય કરી રહ્યા છે. એ બે સગા ભાઈઓની પત્નીઓ જ્યારે સાસુ મૃત્યુ પામે છે ત્યારે સાથે રડવાનો અભિનય કરે છે. સાત નણંદ છે તેવી તે નણંદોની ભાભી ખુશ છે તેવો અભિનય દરરોજ કરે છે. ઘણા ઘરોમાં પિતા-પુત્ર, તે 'હોવાનો' અભિનય કરે છે. પ્રેમ લગ્ન કરવાની પિતાએ ના પાડી હોય, તે 'ના'ને સ્વીકારીને કુટુંબ કહે ત્યાં પરણી જનાર છોકરી આખી જિંદગી પોતાના કુટુંબને પ્રેમ કરવાનો અભિનય કરે છે. આવા અભિનયની પાઠશાળાઓ આપણી ઈર્દગીર્દ જ છે. એટલા સચોટ અભિનય હોય છે કે આપણે તે પારખી પણ શકતા નથી! આ ફિલોસોફી નથી, વાસ્તવિક્તા છે. માણસો લાગણી દર્શાવવાનો અભિનય કરે છે. કોઈ 'કેમ છો?' પૂછે છે ત્યારે આપણે 'બરાબર' હોવાનો અભિનય કરીએ છીએ. કોઈ માણસ હરહંમેશ બરાબર ન હોઈ શકે, પણ એમ હોવાનો ડોળ તો કરી જ શકે ને! (આ કુટુંબમાં ને ઘરસંસારમાં બહુબધી વાર વપરાતો શબ્દ 'ડોળ'નો અર્થ કરજો ભલા! અભિનયની નજીક તેના મૂળિયા નીકળે છે.)

બાળક મોટું થાય, આમ તો મોટું થાય એ પહેલા જ શીખી જાય છે કે બીજા લોકોની હાજરીમાં કેવું વર્તન કરવું, શું કરવું અને શું ન કરવું. પછી તેને ઇચ્છા ન હોય તોય આદર આપવાનો અભિનય કરે છે. પગે લાગવાનો અભિનય કરે છે, હસે છે ખોટે ખોટે અને બહુ બધો રડવાનો અભિનય કરે છે. આપણે એક જ બાબત નોંધીએ છીએ કે જ્યારે નાના બાળકને કોઈ રમકડું જોઈતું હોય છે ત્યારે તે રડવાની એક્ટિંગ કરે છે! પણ આપણે તેને બધી જ બાબતોમાં એક્ટિંગ કરવાનું જાણે - અજાણે શીખવી દીધું છે.

એ બાળક પછી મોટું થાય, મોટું થાય એટલું ખોટું થાય. તેની એક્ટિંગ ઔર વાસ્તવિક થતી જાય. ભણી લે એટલે વધુ સજાગ થાય. સજાગતાના ફાયદા છે અને ગેરફાયદા પણ. બહુ બધી સજાગતાના કારણે અમુક ગ્રંથિ ઘર કરી જાય. પ્રેમિકા સામે, ઑફિસ-બિઝનેસમાં બોસ તથા ક્લાયન્ટ સામે અને બાકી ઘરમાં અને ઘરની બહાર સમાજ સામે એટિકેટ્સ દર્શાવવામાં જ પરમેનન્ટ નેચર જતો રહે. એક્ટિંગનો વિરોધી શબ્દ કયો? અંગ્રેજીમાં શબ્દ છે : અબૅન્ડન (Abandon). જેનો એક અર્થ થાય છે : સ્વૈરપણું! જે કુદરતી છે, જેવા તમે છો તેવા, તે પોતાપણું ખોવાઈ જાય.

આપણે ખરેખર 'પોતે' ક્યારે હોઈએ છીએ? જ્યારે આપણી આસપાસ કોઈ ન હોય ત્યારે? થયું છે એવું કે હવે તો માણસ એકલો હોય ત્યારે પણ અભિનય જ કરતો હોય છે... આપણી અડધી જિંદગી અન્ય લોકો સામે નકલી ટાપટીપ, ઔપચારિકતા અને શિષ્ટાચાર અને બાહ્યાચારમાં જ પૂરી થઈ જાય છે!

★

આટલે સુધી વાત કરી તે થોડી નેગેટિવ હતી. પણ તેનો અર્થ એટલો

જ સરે છે કે આપણે બીજા પ્રમાણે બધું કરીએ છીએ. પાછા પોતાને જ ખબર ન હોય એ રીતે કરીએ છીએ! અભિનય કરનારને જ ખબર નથી કે તે અભિનય કરી રહ્યો છે. પોતાનો જ ગાલ લાલ રાખીએ છીએ આપણે! એનાથી ઉલટું કરીએ તો? પિતા સાથે ખરેખર સારા રહેવાની એક્ટિંગ કરીએ તો? દાદા-દાદી સાથે કોઈ દિવસ સમય કાઢીને, હસીને વાત કરવાનો અભિનય કરીએ તો? કોઈ બહેનનો ભાઈ નથી, તો તેના ભાઈ બનીને તેને પ્રેમ આપીએ તો? કોઈ વડીલ જેને કોઈ સાંભળતું નથી તેની વાતો સાંભળીએ, તેને આદર આપીએ તો? પણ આ અભિનયમાં ફરક છે!

આ થોડા વિરોધાભાસી લાગે એવા વિચારો છે, પણ નોંધનીય છે. આ આવેલા છે થોડા સમય પહેલા રીલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ 'ઑક્સિજન'માંથી. ચિન્મય પુરોહિતે બનાવેલી આ ફિલ્મે બહુ સલુકાઈથી અને પ્રેમથી સમાજને તમાચો માર્યો છે. આપણે પડદા પર બે ભાઈઓ વચ્ચે કે ભાઈ-બહેન વચ્ચે કે પિતા-પુત્ર કે બાપ-દીકરી વચ્ચેનો પ્રેમ જોઈને જોરજોરથી તાળીઓ પાડીએ છીએ, ખુશ થઈએ છીએ. તો પછી વાસ્તવિક જિંદગીમાં કેમ કોઈ નથી રહી શકતું હળીમળીને? શું ખૂટે છે? ફિલ્મમાં એક ડાયલોગ છે કે, 'એવો એક પરિવાર દેખાડો જ્યાં કોઈ એક સંબંધ હાર્યો ન હોય.' અહીં દરેક લોકોએ પોતાના આત્મસમ્માન સાથે સમાધાન કરી લીધું છે. પોતાની ખુશીઓ સાથે સમજોતા કરી લીધા છે. ફિલ્મનો નાયક કહે છે કે, 'અહીં દરેક લોકો અમિતાભ બચ્ચન છે અને સાલા બધા સલીમ-જાવેદ!'

ફિલ્મમાં નાયક પોતે અભિનેતા છે, નાટકોમાં કામ કરે છે. પરંતુ જે જે લોકો પાસે સંબંધોનો અભાવ છે, કંઈક ખૂટે છે ત્યાં ઑક્સિજન આપવા પહોંચી જાય છે. કોઈનો ભાઈ બનીને તો કોઈનો પુત્ર બનીને. એ કામના તે પૈસા લે છે! (લગ્નમાં સગાઓ ભાડે મળતા હોય છે એ વાત તમે જાણતા જ હશો!) અને પૈસાના બદલે પ્રામાણિકતાથી પૂરેપૂરું વળતર આપે છે! સાચ્ચેસાચ્ચો અભિનય કરીને તે લોકોને પ્રેમ આપે છે.

લગ્ન પરથી યાદ આવ્યું. આપણે લેવાતા કે જોવાતા કે કરાતા લગ્નમાં કોઈ એક સગુ એવું તો નીકળે જ જેને વાંધો પડે! એ તો કેવો સંબંધ? પાછા એના સિવાયના બાકીના દરેક સ્વજનો એ સમયે તમને અભિનય કરતા નજરે પડશે! ફિલ્મમાં આવા પ્રસંગ પર પણ એક મજેદાર કટાક્ષ છે.

સો, જિંદગી બહુ મજાની છે. આપણા માતા-પિતાની જેમ બાકીના સગાઓ પણ આપણે પસંદ નથી કરતા, કુદરતે આપેલા છે. તેની સાથે હળીમળીને રહીએ. ઑશો કહેતા કે, જીવન એ રીતે જીવવું જાણે અભિનય કરતા હો અને અભિનય એ રીતે કરવો જાણે જીવન જીવી રહ્યા હો. આ વાક્ય ગૂઢ છે. બે-ચાર વાર વાંચી જાવ.

- **જે બાત!**

પોતાની જાતને પ્રામાણિકતાપૂર્વક પૂછતો : તમે દરરોજ અભિનય કરો છો કે...? અભિનય કરતા હો તો લેખના ફર્સ્ટ હાફ જેવો નહીં, પણ સેકન્ડ હાફ જેવો કરજો : પોઝિટીવ અભિનય!

*સી/૮૦૪, ગાલા ગ્લોરી,*
*ગાલા એરિયા સોલો સેન્ટરની પાસે,*
*સાઉથ બોપલ-૩૮૦ ૦૫૮.*
*મો. ૯૯૧૩૦ ૫૬૧૧૧*

## ગુજરાતી કથા ગીતો : 'ગ્રામ્ય માતા'

**(અનુસંધાન : પાના નં.-૧૫ ઉપરથી ચાલુ)**

- **કાવ્ય સાર :**

આ કાવ્ય ગામડાની ધરતીની તાકાત બનાવે છે. ધરતી માતાએ શેરડીનો રસ ન આપી રાજાને પદાર્થપાઠ ભણાવ્યો. વળી એ ધરતી પર જન્મ લેનાર એક અભણ વૃદ્ધ બાઈ, એના રાજાને પાછો પોતાના પથ ઉપર સ્થાપિત કરી શકવા પણ સમર્થ છે એ ભાવ કવિએ ઉપસાવ્યો છે.

સાથે રાજાની શું ફરજ છે પ્રજા પ્રત્યે, એના વિશે પણ ચિંતન કરી શકાય. એની ફરજ વિશે જાગ્રત કરનાર માતા જ 'ગ્રામ્યમાતા' બની શકે.

માતૃહૃદયી કવિ, પ્રકૃતિમાતા ધરતીમાતા અને રાજમાતાના ગુણ ગાય છે.

આ છે આપણી ગ્રામ્ય સંસ્કૃતિ! આ છે આપણા ગ્રામ્ય સંસ્કાર!

- **કાવ્ય બોધ :**

આ મધુર કાવ્ય આપણા હૃદયમાં રહેલી કુદરત પ્રત્યેની શ્રદ્ધાને વધુ મજબૂત કરી જાય છે. માનવીને શીખવાડવાની, સમજાવવાની કુદરતની પોતાની રીત છે.

જો પ્રકૃતિને કંઈક પમાડવું જ હશે તો એ ગમે તે રસ્તે પણ, એ પદાર્થપાઠ તમને આપશે જ. બસ, આપણે તો આંખ, કાન અને મનોમસ્તિષ્ક ખુલ્લાં રાખીને જ જીવવાનું. ■

*વિશ્વાસ સ્ટીકર જેવો હોય છે, બીજી વખત પહેલા જેવો નથી ચોંટતો.*

શિક્ષા

# ક્રિકેટ અને મિત્રો



ભોલાભાઈ ગોલીબાર

**પહેલા ક્રિકેટ રમવા માટેનો બોલ લેવા માટે ૧૧ મિત્રો પૈસા ભેગા કરતા હતા. અત્યારે તે જ બોલ એક જ મિત્ર લાવી શકે છે, પણ રમવા માટે ૧૧ મિત્રો ભેગા કરી શકતો નથી!**

ગુરુ પાસેથી શિક્ષા લીધા પછી પાંચ શિષ્યો પોતપોતાના ઘરે જઈ રહ્યા હતા. રસ્તામાં એ લોકો જંગલમાંથી પસાર થઈ રહ્યા હતા. પાંચેય જણા આરામ કરવા માટે એક ઝાડની નીચે જઈને બેઠા. થોડીકવાર બધા ચર્ચા કરી રહ્યા હતા કે અચાનક એક શિષ્યએ સવાલ કર્યો કે આપણા બધામાં સૌથી વધારે વિદ્વાન કોણ છે? બધા વચ્ચે તર્ક-વિતર્ક થતા અંતે એવું નક્કી થયું કે બધાએ કોઈ પ્રયોગ કરી એ સાબિત કરવું પડશે.

અચાનક બધાની નજર નજીકમાં પડેલા એક હાડપિંજર પર પડી. પહેલાએ કહ્યું : 'હું મારી વિદ્યાથી એ બતાવી શકીશ કે આ હાડપિંજર કયા પ્રાણીનું છે. પહેલાએ હાડપિંજરનું નિરીક્ષણ કર્યું અને કહ્યું, 'આ હાડપિંજર એક ખૂંખાર સિંહનું છે.' બીજા શિષ્યએ કહ્યું, 'હવે મારી વિદ્યા જુઓ. હું મારી વિદ્યાથી આ સિંહના આખા શારીરિક માળખાને ઊભો કરું છું.' બધા એની તરફ જોવા લાગ્યા. બીજા શિષ્યએ મંત્રો ભણ્યા અને થોડું પાણી છાંટ્યું તો સિંહનું શારીરિક માળખું ઊભું થઈ ગયું.

આ જોઈ ત્રીજા શિષ્યએ કહ્યું, 'હું મારી વિદ્યાથી આ સિંહના બધા જ અંગોને પૂર્વવત્ કરી શકું છું.' બધા શિષ્યો એની સામે નવાઈથી જોવા લાગ્યા. ત્રીજા શિષ્યએ વિધિ શરૂ કરી અને થોડી જ વારમાં સિંહના શરીરને પૂર્વવત્ કરી દીધો અને સિંહનું શરીર તૈયાર થઈ ગયું. આ જોઈ ચોથા શિષ્યએ કહ્યું : 'મારી વિદ્યા જોઈ તમારા હોશ ઉડી જશે. તમારા આ સિંહનું માળખું કે સિંહનું આખું શરીર કોઈ કામનું નથી. જ્યાં સુધી એમાં પ્રાણ ન હોય અને હું આ સિંહમાં પ્રાણ ફૂંકવાની કાબેલિયત ધરાવું છું.'

અચાનક પાંચમો શિષ્ય ચિલ્લાયો, 'અરે મૂરખ, આ શું કરી રહ્યો છે? આ એક મૂર્ખતાભર્યું પગલું હશે.'

પણ ચોથાએ વાત પર ધ્યાન આપ્યું જ નહીં. ચોથા શિષ્યએ મંત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું. આ જોઈ પાંચમો શિષ્ય ભાગીને સામે આવેલા ઝાડ પર ચઢી ગયો.

થોડી જ વારમાં ખૂંખાર સિંહ જીવતો થઈ ગયો. ભૂખ્યા સિંહની નજર સામે ઊભેલા ચારેય શિષ્યો પર પડી. ચારેય શિષ્યો ભાગવા ગયા, પણ સિંહની ચુંગાલમાંથી ન બચી શક્યા. સિંહે ચારેયને મારી નાખ્યા.

મિત્રો, ભણતર અને ગણતરમાં ઘણો ફરક છે. આપણી શિક્ષા આપણા માટે ત્યારે જ કારગર સાબિત થાય છે જ્યારે આપણી પાસે એ શિક્ષાનો ઉપયોગ કરવાની સામાન્ય સમજ, તર્ક અને બુદ્ધિ હોય. મહાન વિચારક એરિસ્ટોટલે કહ્યું હતું કે, 'કોઈપણ શિક્ષા ત્યારે જ પૂરી થાય છે જ્યારે એને મનની સાથે હૃદયથી પણ કંઈક શીખીએ. ફક્ત હૃદયથી સમજેલી શિક્ષા તર્કને સમાપ્ત કરી દે.' જો આ વાત સમજાઈ જશે તો આપણે તર્કને પણ આપણો સાથી બનાવવો પડશે.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

*ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ મેચમાં ભારતની હાર નિશ્ચિત મનાતી હતી. ભારત જંગી દેવા સાથે ફોલોઓન થઈને તેંડુલકર સહિતની ટોચની વિકેટો ગુમાવી ચૂક્યું હતું. ક્રિકેટ વિશ્વના ચાહક કે વિવેચકને ભારત જીતે તે તો ઠીક, મેચ ડ્રો ખેંચી શકે તેવી પણ આશા નહોતી. માત્ર ક્રિઝ પરના ભારતના બે બેટ્સમેનો દ્રવિડ અને લક્ષ્મણે એકબીજાને કોલ આપ્યો કે આપણે જીતી શકીએ તેમ છીએ. "વ્હાય નોટ ગિવ ધ બેસ્ટ." બંનેની જ આત્મશ્રધ્ધાએ રંગ રાખ્યો. રેસ્ટ ઈઝ હિસ્ટ્રી...*

વાર્તા

# ચા, છાપું અને ટિફિન



નવીન ત્રિપાઠી 'અલ્પ'

સુરેશ નજીકના શહેરમાં પુસ્તકો તેમજ વર્તમાનપત્રો વિક્રેતાને ત્યાં 'હિસાબનીશની જરૂર'વાળી જાહેરાત વાંચી તેની મુલાકાતે ગયો. ને દર માસે નેવું રૂપિયાના પગારવાળી નોકરી મળી ગઈ.

તે સવારે ટિફિન લઈને જતો અને મોડી સાંજે ઘેર આવતો.

ઘેરઘેર ફરીને છાપું આપવાનું કામ કરતો એક છોકરો નોકરી છોડી ગયો એટલે શેઠે સુરેશને કહ્યું, 'હવે તે છોકરાનું કામ પણ તારે જ કરવું પડશે. શરૂઆતમાં બે દિવસ તારો જોડીદાર તને ઘરનાં સરનામાથી પરીચિત કરાવી દેશે. ત્યાર પછી દુકાનમાં તારું કામ કરજે.'

શહેર આધુનિક બાંધણીવાળું હોવાથી દેખાવે એકસરખા એપાર્ટમેન્ટ, બંગલા તથા શેરીઓ હતી. વળી ગ્રાહકોના નામથી પણ અપરીચિત હોતાં એકને બદલે બીજા સ્થળે છાપું આપવાની વારંવાર ભૂલો થતાં તેની ફરિયાદ વધી જતાં શેઠે તેને નોકરીમાંથી રજા આપી દીધી.

આ દુકાનની લાઈનમાં જ કાપડનાં વેપારીને ખબર પડતાં તેણે સુરેશને નોકરીમાં રાખ્યો. કાપડની દુકાનમાં બિનઅનુભવી સુરેશ ભાવતાલમાં મૂંઝાતો જોઈને શેઠે થોડી નારાજી સાથે કહ્યું, 'સુરેશ તને આ કામ ધીમે ધીમે ફાવી જશે. દરમિયાન તારે દુકાનમાં સફાઈ કાર્ય કરવાનું, ગોડાઉનમાંથી કાપડના તાકા લેવા-મૂકવા તથા બપોરે મારે ઘેર વસ્તુઓ પહોંચતી કરી, વળતાં મારું ટિફિન લેતા આવવાનું.... ને પછી કોઈ ઓળખીતા કાપડના ગ્રાહકો આવે ત્યારે તેમના માટે હોટલમાંથી ચા-પાણી લઈ આવવાનું... વગેરે કામ કરવાનું ફાવશે ને?'

સુરેશને શરૂઆતમાં તો કામ ઠીક લાગ્યું પણ પછી તો ઘરવખરીનાં થેલાઓ કોઈ વાહન વગર લેવા-મૂકવાની તથા પરિણામે ટિફિન લઈ આવતાં મોડું થાય તો શેઠનો ઠપકો પણ તોછડી ભાષામાં સાંભળવાનો! સુરેશ ત્યાંથી પણ છૂટ્ટો થયો.

થોડા દિવસ પછી શિક્ષક ભરતીની જાહેરાત વર્તમાનપત્રમાં વાંચીને એસ.એસ.સી. પાસ – તેને શિક્ષક તરીકે દૂરના ગામડાંમાં નોકરી મળી. શિક્ષણ ક્ષેત્ર તેને મનગમતું મળ્યું. કર્તવ્યનિષ્ઠા વગેરે ગુણોથી તેણે લોકપ્રિય શિક્ષક તરીકેનું પ્રજામાં તથા ખાતામાં સ્થાન મેળવ્યું. ને શિક્ષણ ક્ષેત્રની દીર્ઘ સેવાઓ પછી વય નિવૃત્તિનો આનંદ પોતે એકલા છે, પણ એકલવાયા નથી એમ માનીને લઈ રહ્યા છે. સોસાયટીમાં નાનું મકાન છે. મકાન સાફ કરવા તેમજ બગીચાની સંભાળ લેવા માટે પણ અન્ય વ્યવસ્થા કરી છે. પત્નીને પ્રિય એવા ગુલાબના છોડનો તો પોતે જ પાણી આપી ઉછેર કરે છે. ક્યારેક તેઓ બીજા શહેરમાં વસતા પુત્રને અને ખાસ તો પૌત્રને મળવા જાય છે, ને ઘર તે ઘર એમ માનીને સાંજે તો પોતાને ઘેર પાછા આવી જાય છે.

દરરોજ સવારે અને બપોરે નજીકની હોટલમાંથી નિયત સમયે ચા આવે છે. આઠ વાગે છાપું તથા બપોરે જમવાનું ટિફિન પણ ઉપહાર ગૃહમાંથી આવે છે.

સુરેશભાઈના મિત્રો પણ સાહિત્યનાં શોખીન છે. સાંજે મિત્રો એક પછી એક આવતા જાય છે. સાહિત્ય રચનાઓ રજૂ થાય છે, લઘુકથા - વાર્તા - કાવ્યો તથા સાહિત્ય સમાચારો સાથે યાદગાર સંગીત રચનાઓની સમાપ્તિ પછી ચા-નાસ્તો પણ આવી જાય છે.

સુરેશભાઈ પોતે પણ કવિ - લેખક છે. તેઓ કાવ્ય તથા વાર્તા સંગ્રહનું પ્રાગટ્ય આધુનિક હોટલમાં યોજે છે. સાહિત્ય રસિકોને પુસ્તક ભેટ આપે છે. ભોજન કાર્યક્રમ યોજી આનંદ મેળવે છે.

આજે સવારે ચા-નાસ્તો લઈ આવતો છોકરો કોઈ કારણસર મોડો આવે છે. તેણે આવતાની સાથે કહ્યું, 'દાદા, દાદા, આજે મને કેમ મોડું થયું, તમને ખબર છે?'

સુરેશભાઈએ કહ્યું, 'ના ભાઈ ના, તું કહે તો ખબર પડે ને?'

'આજે હોટલમાં દૂધ આપનારો મોડો આવ્યો એટલે!' કહી હસતો, હસાવતો દોડી જાય છે.

આજે સુરેશભાઈનો જન્મદિવસ છે. મિત્રો આ અવસરે સવારના જ આવી ગયા છે. અભિનંદનની આપ-લે પછી મિત્રોનું સ્વાગત ચા-નાસ્તાથી થાય છે. વાતવાતમાં સુરેશભાઈ રવજીભાઈને પૂછે છે, 'હેં રવજીભાઈ, તમને કેટલા વરસ થયા?'

રવજીભાઈને એંસી વરસ થયા સાંભળી, હસતા હસતા સુરેશભાઈ કહે, 'તો તો હું હજી તમારાથી પાંચ વરસ નાનો કહેવાઉં ને!' પછી ઉમેરે છે, 'હવે માત્ર પચ્ચીસ વરસ બાકી રહ્યા. તે પણ ભલે ને ધીમે ધીમે પસાર થાય, આપણને ક્યાં તેની ઉતાવળ છે!' ને મનોમન પોતે હજુ રવજીભાઈથી પાંચ વરસ નાના છે તેનું આશ્વાસન પણ મેળવે છે.

આજે તો સવારનું છાપું તથા બપોરનું ટિફિન પણ હજી નથી આવ્યું. તેથી તેઓ એકલા એકલા માનસિક સમાધાન શોધતા બોલે છે, "જીવનની આગગાડી સમયનાં પાટા ઉપર જ્યારે ઘટિકા યંત્રમાંથી સરી જતી રેતીની જેમ સરકતી સરકતી જિંદગીના છેલ્લા વિરામ સ્થાન તરફ જઈ રહી છે, ત્યારે તેના પ્રવાસીને તે આગગાડી વહેલી પહોંચે, કે પછી સમયસર કે મોડી પહોંચે, ગાડીની ગતિ ઝડપી હોય કે ધીમે, શો ફરક પડે છે? તેમ હવે ચા, છાપું અને ટિફિન વહેલું આવે કે સમયસર કે મોડું? તેમાં શું ખાટું - મોળું થઇ જવાનું છે? તેમાં શો ફરક પડશે? ભાઈ સુરેશ, હવે તો ચા-છાપું અને ટિફિન તથા આ જિંદગી, હવે તો બધું સરખું જ છે."

થોડીવારે છાપું તથા ટિફિન લઇ આવનાર બે છોકરાઓ સાથે જ આવે છે, ને મોડા થવાનાં અપરાધસહ - શરમાતા શરમાતા કહે છે, 'દાદા, દાદા, આજે મને છાપું લઈ આવવામાં કેમ મોડું થયું તમને ખબર છે?'

સુરેશભાઈએ કહ્યું, 'ના ભાઈ ના, તું કહે તો ખબર પડે ને!'

'આજે તમારું છાપું બીજા છાપા સાથે બીજાને અપાઈ ગયું. ને તમારું છાપું લેવા પાછો દુકાને ગયો ને એટલે! ને દાદા, દાદા આજે મને ટિફિન લઈ આવવામાં કેમ મોડું થયું ખબર છે?'

સુરેશભાઈએ કહ્યું, 'ના ભાઈ ના, તું કહે તો ખબર પડે ને!'

'આજે ટિફિનનાં ત્રણ ગ્રાહક નવા થઈ જતાં તેમને સોસાયટીમાં ટિફિન આપતાં તેમનું ઘર શોધવામાં વાર લાગી, તેથી તમને ટિફિન આપવામાં મોડું થઈ ગયું.'

ને હસતા હસતા, 'દાદા આવજો... દાદા આવજો...' કહીને જતાં છોકરાઓમાં ડેલીએ ટેકો દઇને ઊભેલા સુરેશભાઈને યુવાન 'સુરેશ' દેખાય છે.

*ડી/૫, અરિહંત નગર,*
*ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

## દુનિયામાં આર્થિક અસમાનતા

આર્થિક વૃધ્ધિ દર વધતો જાય છે તેમ આર્થિક (આવકની અને સંપત્તિની) અસમાનતા ઘટવાને બદલે વધતી જાય છે તે અત્યારના જગતમાં ઊંડી ચિંતાનો વિષય છે. આપણે જાણીએ છીએ કે જગતમાં અસમાનતા પ્રવર્તે છે તે અન્યાયી છે. નીચેના આંકડા તેનો ખ્યાલ આપે છે. અમેરિકાની માથાદીઠ આવક લગભગ ૫૫,૦૦૦ ડોલર છે અને ભારતની માત્ર ૧૯૪૦ ડોલર છે. જગતનાં સૌથી ધનીક આઠ વ્યક્તિઓની સંપત્તિ (વેલ્થ કે જેમાં શેરો, સ્ટોક, બોન્ડ્ઝ, ઘરો, ઝવેરાત, અન્ય મિલ્કત જેમ કે કાર, ટ્રક, વિમાન, રેસના ઘોડા, ઓફિસ, મોંઘા પેઇન્ટિંગ્સ, પેટન્ટ્સના હક્કો, અન્ય રહેઠાણો, જમીનની માલિકી વગેરેનો સમાવેશ થાય છે) અને જગતના ૩૫૦ કરોડ લોકોની મિલ્કત સરખી જ છે. સહરા નીચેના ઘણા આફ્રિકન દેશોની આવક ૮૦૦ ડોલરથી નીચે છે. અમેરિકામાં ૮૫ ટકા સંપત્તિ તેની વસ્તીના ૨૦ ટકા લોકોની હસ્તક છે અને છેક નીચેના ૪૦ ટકા પાસે કુલ સંપત્તિના એક ટકો નહીં પણ ૦.૩ ટકા જ છે. જગતના આ પ્રોબ્લેમને નંબર ૧ ગણી શકાય. અસમાનતાનું સમર્થન કરતા ધનીકો એમ કહે છે કે જગતનો પ્રોબ્લેમ નંબર ૧ અસમાનતાનો નહીં પણ ગરીબી દૂર કરવાનો છે. માટે ગરીબી ઘટાડો, અસમાનતા નહીં.

*Mahalaxmi*
**INFRACONTRACT PVT. LTD.**
*Mining for Better Tomorrow*

• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 05-04-2010**

• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

કચ્છ

# ભુજ સ્થિત શ્રી રામજી રવજી લાલન કોલેજનો લલકાર લહેરાયો લાલ કિલ્લે... પ્રતિભાવ સ્વરૂપે



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

*ઉપરોક્ત લેખમાળાના અનુસંધાને કેટલાક પ્રતિભાવો અત્રે પ્રસ્તુત છે.*

અનેક લોકોનાં લાલન કૉલેજના સંસ્મરણો વાંચી, સ્વાભાવિક રીતે, પોતાનો સમય પણ યાદ આવી જાય. ૧૯૬૨-૬૬ દરમિયાન હું પણ લાલન કૉલેજમાં ભણી ચૂક્યો હતો. જો કે, વડીલોની ભાષામાં ‘‘ખાસ ઉકાળ્યું’’ ન હતું. ભણવામાં હોંશિયાર ન હતો. ન તો કોઈ પ્રવૃત્તિમાં ભાગ લેતો હતો. હું અને મારા મિત્ર ‘નિશાળેથી નીસરી જવું ઘેર’ વૃત્તિવાળા હતા (જો કે તે તો હોંશિયાર હતા.) આવતો નિયમિત, બધા જ પીરિયડ ભરતો, પણ નિષ્ક્રિય રીતે! પ્રોફેસરોને પૂરું સાંભળતો કે કેમ તે પણ શંકા છે. ચૂપચાપ બેસી રહેતો. શું કરતા, તે લખી શકાય તેમ નથી.

પણ હા, ચાર વર્ષ દરમિયાન કોઈ ખાસ કાર્ય કર્યું હોય તો તે હતું કૉલેજની સમગ્ર લાઈબ્રેરીને ફેંદી નાખી હતી. કબાટે કબાટ જોઈ લીધો હતો. તેમાંથી અનેક પુસ્તકો વાંચી નાખ્યા હતા. અમારા લાઈબ્રેરિયન શ્રી વી.સી. શાહ થોડા ગુસ્સાવાળા હતા. પણ અમે તેમને કબાટો ગોઠવી આપતા અને ખુશ રાખતા. તેથી તે અમને કબાટોનો ઉપયોગ કરવાની પરવાનગી આપતા. જ્યારે પણ કોઈ તાસ ફ્રી હોય કે તરત હું તો લાઈબ્રેરીમાં પહોંચી જતો અને કાં તો પુસ્તકો ફંફોસતો અથવા નવા મેગેઝિનો વાંચતો. ત્યારે, કોઈ કારણસર, કલેક્ટર થવાની ધૂન હતી. તેથી તેનું જે ખાસ મેગેઝિન આવતું ‘‘કેરિયર એન્ડ કોર્સિસ’’ તે નિયમિત રીતે આખું વાંચતો. આમ, હકીકતે, ચારે વર્ષ, વર્ગને બાદ કરતાં, મારો મોટાભાગનો સમય લાઈબ્રેરીમાં જ પસાર થયો હતો. તેનો મહત્તમ લાભ લીધો હતો એમ કહું તો ખોટું નથી. ભણવાનું? રામ રામ! કેમ પાસ થતો હતો તે આજે પણ મારા માટે રહસ્ય રહ્યું છે અને મારે તો બી.એ.માં લેવો હતો અંગ્રેજી મુખ્ય વિષય, પણ બધા મિત્રો અર્થશાસ્ત્રમાં જતા હતા. તેથી દોરવાઈને તે જ લીધો. આજે પણ તેનો પસ્તાવો છે.

અમારા સમયે કોઈ ખાસ ઘટના બની હોય તો તે હતું ચીનનું યુધ્ધ (૧૯૬૨). આ યુધ્ધે ભારે ઉત્તેજના જન્માવી હતી. પણ તેણે વિદ્યાર્થીઓને એક મોટો ધક્કો માર્યો હતો. યુધ્ધને પરિણામે સરકારને શું સૂઝ્યું કે તેણે એન.સી.સી. બધા માટે ફરજિયાત કરી નાખી હતી. તેથી ૧૯૬૩-૬૫ના વર્ષ દરમિયાન અમારે બધાએ પણ એન.સી.સી.માં ફરજિયાત જોડાવું પડ્યું હતું. અમને તેની સાથે કશું લાગતું વળગતું ન હતું પણ જોડાવું પડ્યું. નિયમિત પરેડ કરવા જવું પડતું હતું. ખૂબ અકળાતા, પણ લાચાર હતા. અને પાછા ત્યારે તેની તાલીમ આપનારા બીજા વિશ્વયુધ્ધમાં લડી આવેલ હતા. તેથી ખૂબ કડક હતા. જરા નબળાઈ બતાવીએ કે એકાદ-બે માઈલ દોડાવતા. એકાદ બે વાર તેમાં પણ ફસાઈ ગયેલા. પછી તો ફરિયાદ કરવાનું ભૂલી ગયેલા. પણ એન.સી.સી.થી બે ફાયદા થયા. એક તો તેના કારણે, પાછળથી જે પ્રખ્યાત લેખક થયા, તે વિનેશ અંતાણીનો અહીં પરિચય થયો. તેને પણ એન.સી.સી. ન ગમતી, મને પણ. અમે મુક્ત સમયમાં ઢીલું મોં કરી સાથે બેસતા. તેને પણ રમણલાલ દેસાઈ લેખક પ્રિય અને મને પણ પ્રિય. તેમની વાતો કરી હળવાશ અનુભવતા. બીજો ફાયદો એ થયો કે આના કારણે બંને વર્ષ એન.સી.સી.ના કેમ્પમાં હાજરી આપવી પડેલ : જૂનાગઢ અને પ્રાંતીજમાં. ત્યારે તો હચમચી ગયેલા, પણ પાછળથી અનુભવેલ કે તેમાં જે કડક શિસ્તનો અનુભવ કરેલ તે સમય જતાં વ્યક્તિગત જીવનમાં ખૂબ ઉપયોગી થયેલ. તેના અને બી.એડ.માં થયેલ હોસ્ટેલના અનુભવ પછી માનતો થઈ ગયેલ કે દરેક બાળકને અભ્યાસ દરમિયાન બે વર્ષ હોસ્ટેલ અને બે વર્ષ લશ્કરમાં મૂકવું જોઈએ. તો તેને જીવનમાં શિસ્તની શું જરૂર છે તે સમજાય અને ઘરની પણ કદર થાય. શિક્ષક જીવન દરમિયાન માતા-પિતાઓને આ વાત વારંવાર કહેતો.

બીજા શું અનુભવ થયા કૉલેજમાં? કોઈ પ્રવૃત્તિમાં ભાગ લેતો ન હતો. પણ હા, ઉત્તમ લોકોને સાંભળવા મળ્યા. પ્રખ્યાત અભિનેતા બલરાજ સહાની, જયપ્રકાશ નારાયણ, મનુબહેન પાંધી, બિહારીલાલ અંતાણી, ડૉ. જયંત ખત્રી, ફતેહસિંહરાવ ગાયકવાડ અને બીજા અનેક વિદ્વાનોને સાંભળવાની ઉત્તમ તક મળી હતી. અમે હતા તે દરમિયાન



કૉલેજની મુલાકાતે આવેલા ભૂતપૂર્વ નાણાંમંત્રી શ્રીમતી તારકેશ્વરી સિંહા.
તેમની સાથે (ડાબેથી) મોહનભાઈ શાહ, સાંસદ ડૉ. એમ.એમ. મહેતા,
નવીનભાઈ ઠક્કર અને તેમની પાછળ ધનજીભાઈ ભાનુશાલી



ધનજી ભાનુશાલીને (જમણી તરફ)
કચ્છના પ્રતિભાસંપન્ન સાહિત્યકાર ડૉ. જયંત ખત્રી પુરસ્કાર આપી રહ્યા છે.



કૉલેજમાં પધારેલા અભિનેતા બલરાજ સહાની (જમણી તરફથી બીજા)
તે સમયે આચાર્ય એન.બી. નાયક (સામે), ધનજી ભાનુશાલી (ડાબી તરફ)



સાહિત્યકાર 'દર્શક' સાહેબ (જમણી તરફ)
ધનજી ભાનુશાલીને ઍવોર્ડ અર્પણ કરી રહ્યા છે.



ફતેહસિંહ રાવ ગાયકવાડ (બેઠેલા જમણી તરફથી બીજા).
તેમની પાછળ ધનજી ભાનુશાલી અને અન્ય વિદ્યાર્થી ભાઈ-બહેનો.



વચ્ચે ખુરશીમાં (ડાબેથી) દામજી દરજી, શ્રી શાહ, દોલત પરમાર, ધનજી ભાનુશાલી,
કીર્તિભાઈ હાથી. નીચે બેઠેલા (જમણી તરફ) કનુ જોશી તથા અન્ય વિદ્યાર્થી ભાઈ-બહેનો.

જવાહરલાલ નહેરુનું મૃત્યુ થયેલ. તે નિમિત્તે એક વક્તૃત્વ સ્પર્ધા થયેલ. તેમાં માત્ર નહેરુ પ્રત્યેના પ્રેમના કારણે ભાગ લીધેલ. કૉલેજના વાર્ષિક મેગેઝીન ‘‘ઓજસ’’માં પણ બે વર્ષ નહેરુ અને ર. વ. દેસાઈ પર લેખ લખવાની તક મળેલ. તેનાથી જ કદાચ લખવાની શરૂઆત થઈ હતી. બાકી જેને કૉલેજ જીવનની મજા કહેવાય છે – કેન્ટીનમાં સમય પસાર કરવો, બહાર ઊભા ગપ્પાં મારવાં, છોકરીઓ સાથે ઓળખાણ કરવી અને ફરવું – આ બધાની તક ક્યારે ન મળી. કદાચ શરમાળપણું આડું આવ્યું હશે કે લઘુતાગ્રંથિ? ખ્યાલ નથી આવતો. પણ મોટાભાગની આ જ હાલત હતી. કારણ ત્યારનું વાતાવરણ પણ હશે. આર્થિક સ્થિતિ પણ હોવાનો સંભવ છે. પૈસા જ ન હતા કે કેન્ટીનમાં જવાની હિંમત કરી શકાય. ભણતા ભણતા જ રોજગાર કચેરીમાં લગભગ નામ નોંધાવી દીધેલ. તેથી ભણવા સાથે જલ્દી નોકરી મળે તે લગભગ દરેકના મનમાં મુખ્ય વિચાર રહેતો. પણ હા, વિનેશ અંતાણી, ધીરેન્દ્ર મહેતા, ઈન્દ્રવદન છાયા જેવા ત્યારે જાણીતા થતા સર્જકો સાથે અભ્યાસ કર્યો હતો તેનું ચોક્કસ ગૌરવ લઈ શકીએ, કે નાટ્યકાર અવિનાશ મુન્શી જેવા પ્રાધ્યાપકોના સમયમાં અમે હતા તે પણ ગૌરવ લઈ શકીએ. પણ માત્ર ગૌરવ. તેમાં કોઈ હિસ્સો નથી પુરાવ્યો! પણ આ વર્ણનો વાંચીએ છીએ ત્યારે આ કૉલેજમાં હતા તેનો ચોક્કસ આનંદ થાય છે. તેમાં જે ફોટા આવે છે તે પણ સમયની યાદ આપે છે.


**હરેશ ધોળકિયા**

*હરેશ ચ. ધોળકિયા - ભુજ, કચ્છ*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

## આળસથી બીમારી

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કહ્યું છે કે ભારતની ૧૨૫ કરોડની વસ્તીમાંથી ૩૪ ટકા એટલે કે ૪૨ કરોડ લોકો આળસના કારણે બીમારીનો ભોગ બને છે. વિશેષ તો પુરુષો કરતાં સ્ત્રીઓમાં આ આળસનું પ્રમાણ બમણું સાબિત થયું છે. ૨૨ ટકા પુરુષો અને ૪૭ ટકા સ્ત્રીઓ શારીરિક શ્રમની આળસને કારણે ફિટનેસ ધરાવતા નથી. આને પરિણામે હાર્ટ ઍટેક, બ્લડ પ્રેશર, સ્થુળતા, ડાયાબિટીસ અને કેન્સર વધી રહ્યા છે. એક બાજુ જંક ફૂડની બોલબાલા છે, ત્યારે વિશ્વમાં બીજા ક્રમે ભારતમાં જાડા બાળકોનું પ્રમાણ છે. ૩૪ ટકા લોકો કશી કસરત કરતા નથી. તેને પરિણામે બીમારી એમના પર ત્રાટકવા તૈયાર છે. દેશના ત્રીજા ભાગની વસ્તીને આળસ બીમાર કરી રહી છે તે હકીકત શરમજનક ગણાય છે.

Mr. Prafulchandra Tank
M. : +91 98250 53258
Mr. Kishan P. Tank
M. : +91 99258 11599
KCI
KARMA
CHEMICAL INDUSTRIES
Manufacturer of : BASIC DYES
RHODAMINE B 540%
Basic Violet 10 & Other Qualities
BASIC RHODAMINE B BASE
BASIC DYES FOR
Paper, Textile Printing & Leather
• FACTORY •
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445. Ph. : (079) 25890110
• RESIDENCE •
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall, Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

Splendid
P & G Enterprise
Kitchenware, Household Products & Corporate Gifts
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com
• PACKED & MARKETED BY •
P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

# જીવનને વિચાર-સમૃદ્ધ કરનારાં વૈવિધ્યપૂર્ણ પુસ્તકો

## ૨૦૧૮નું પુનર્મુદ્રિત

## બાળ-કિશોર સાહિત્ય

- **હાન્સ ઍન્ડરસન પરીકથાવલિ (પુ. 5)** (ભોજભરી કિશોરકથાઓ), લે. રમણલાલ સોની, રૂ. 325
- **ગિજુભાઈની બાળવાર્તા (પુ. 5)** (પ્રેરક બાળકથાઓ), લે. ગિજુભાઈ બધેકા, રૂ. 400
- **બાળનાટ્યગ્રંથાવલિ (પુ. 5)** (ભજવી શકાય તેવાં બાળનાટકો), લે. રમણલાલ સોની, રૂ. 325
- **વિક્રમ અને વૈતાલ (પુ. 5)** (રોમાંચક અને પ્રેરક બાળવાર્તાઓ), લે. રમણલાલ સોની, રૂ. 250
- **બાળજોડકણાં ગ્રંથાવલિ (પુ. 5)** (ગાઈ શકાય તેવાં પ્રેરક જોડકણાં), લે. રમણલાલ સોની, રૂ. 325
- **દેશદેશની વીરકથાઓ (પુ. 5)** (વિવિધ દેશોની વીરકથાઓ), લે. રમણલાલ ના. શાહ, રૂ. 250
- **બાલકાવ્ય ગ્રંથાવલિ (પુ. 5)** (જ્ઞાન-ગમ્મતથી રસ-છલોછલ બાળકાવ્યો), લે. રમણલાલ સોની, રૂ. 350
- **બીરબલ એટલે બીરબલ (પુ. 5)** (ચતુરાઈભરી બાળવાર્તાઓ), લે. મધુસૂદન પારેખ, રૂ. 200
- **છેલભાઈ શૌર્યકથામાળા (પુ. 5)** (છેલભાઈના વીરરસની કિશોરકથાઓ), લે. દોલત ભટ્ટ, રૂ. 300
- **ગુજરાત ઇતિહાસ કથામાળા (પુ. 12)** (અમર ઐતિહાસિક વિભૂતિઓનાં જીવનચરિત્રો), લે. કનૈયાલાલ જોશી, રૂ. 480
- **અંડેરી-ગંડેરી (પુ. 5)** (પુરસ્કૃત બાળવાર્તાઓ) લે. રતિલાલ સાં. નાયક, રૂ. 350
- **ડ્રાઉં... ડ્રાઉં... દાબેલી પાઉં !** (બાળવાર્તાઓ), લે. ગિરા પિનાકીન ભટ્ટ, રૂ. 80
- **હાક્છી... ધાક્છી ને મજા... મજા...** (બાળવાર્તાઓ), લે. ગિરા પિનાકીન ભટ્ટ, રૂ. 90
- **દાદાનો ડંગોરો** (ભોજભર્યાં બાળકાવ્યો-જોડકણાં), લે. ભાવેશ પંડ્યા, રૂ. 75

### કુમારપાળ દેસાઈ લિખિત

**પરમનો સ્પર્શ** 250

કેટલીક આધ્યાત્મિક પ્રતિભાઓના જીવંત સંપર્કને પરિણામે આત્મસાત કરેલા અનુભવો અને ચિંતનનો અનેરો સંગમ આ પુસ્તકમાં છે. જીવનપ્રેરક વાતો ઉપરાંત ચેતનાના ઊર્ધ્વારોહણ માટેની ભરપૂર સામગ્રી આ પુસ્તકમાંથી મળે છે.

### રોહિત શાહ લિખિત

**(1) મિચ્છા મિ દુક્કડમ્ (જૈન ધર્મ વિષયક લેખો), (2) Kids અપગ્રેડ (બાળ-ઘડતર માટે પૅરન્ટ્સને ગાઈડન્સ આપતા લેખો), (3) થોટ્સઍપ (સાંપ્રત ચિંતનના લેખો), (4) ફેક-બૂક (રાજકારણ વિષયક લેખો), (5) ઍન્ટિ-વાયરસ (ધર્મના ક્ષેત્રે પ્રદૂષણના વાયરસથી અલર્ટ રહેવાનું ગાઈડન્સ આપતા લેખો)** દરેકના 50

વિવિધ વિષયો પર નિર્દંભ-નીડર ચિંતનની યાત્રા કરાવતાં આ પાંચ પુસ્તકો સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં છે.

### સ્વામી સચ્ચિદાનંદ લિખિત

**ખોટા ઉપદેશોનાં ખોટા પરિણામ** 70

અધ્યાત્મના નામે ગુમરાહ કરનારા ઉપદેશો સામે ચેતવણી આપતું તાજું-માર્મિક ચિંતન

### દર્શના ધોળકિયા લિખિત

**શ્વાસમાં વાગે શંખ** 225

ધર્મની વિવિધ વિભાવનાઓની સંગત કરાવતું જ્ઞાન અને અધ્યાત્મના સંગમ જેવું પુસ્તક

### કાંતિલાલ કાલાણી લિખિત

**યથાર્થતાની ઉપાસના** 100

યથાર્થની સમજણ દ્વારા તેની ઉપાસનાનો માર્ગ બતાવતું વાસ્તવલક્ષી પુસ્તક

### મૃદુલા મારફતિયા લિખિત

**છાંદોગ્ય ઉપનિષદ** 350

હિન્દુધર્મનો જ્ઞાનખજાનો એટલે ઉપનિષદ. એ ખજાનાની ચાવી આપતું અનોખું પુસ્તક

### જીના વીરેન્દ્ર શેઠ સંપાદિત

**ગુજરાતી કથાગીતો** 130

ગુજરાતી-હિન્દી ભાષાનાં જાણીતાં અને લોકપ્રિય કથાકાવ્યો

### ડૉ. આશિષ ચોક્સી લિખિત

**જીવન અને પૉઝિટિવિટી** 60

નકારાત્મક ચિંતન જીવનને ડહોળી નાખે છે, હકારાત્મક ચિંતન જીવનની ગમે તેવી ગંભીર સમસ્યાનું પણ સમાધાન આપે છે. વિવિધ ઉદાહરણો સહિત વ્યક્તિત્વ-વિકાસનું માર્ગદર્શન આપતું આ પુસ્તક છે.

### ગોવિંદ શાહ લિખિત

**20 પ્રેરણાત્મક પ્રસંગો** 60

જીવનને સાચી દિશા બતાવે અને મૂંઝવણના તિમિરમાં માર્ગદર્શનનાં અજવાળાં બિછાવે તેવા આ જીવનપ્રેરક પ્રસંગો માત્ર વાંચવા જેવા જ નહિ, સમજવા જેવા પણ છે.

### પ્રતાપ ત્રિવેદી લિખિત

**ગાંધીજીની ગરિમા** 80

આ પુસ્તિકામાં ગાંધીજીના અઢાર પાવન પ્રસંગોનું સંવાદીકરણ (નાટ્ય-રૂપાંતર) છે.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

અમારાં સંપર્કસૂત્રો

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઇમેલ : gurjarprakashan@gmail.com

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## ૨૬મી જાન્યુઆરી અને સરસ્વતી સન્માન કાર્યક્રમ ● શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯

### કાર્યક્રમની તસવીરી ઝલક



કાર્યક્રમનો પ્રારંભ કરતા
સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા



કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રોતાગણ



શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સ્થાપક પ્રમુખ શ્રી હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા)ના
નિધનના કારણે મૌન પાળીને તેમને શ્રદ્ધાંજલિ અર્પતા ઉપસ્થિત પરિવારજનો



કાર્યક્રમના એંકર
શ્રીમતી અલ્પાબેન શાહ



મંચસ્થ મહાનુભાવોમાં (ડાબેથી) શ્રી પ્રફુલ્લભાઈ ટાંક, શ્રી જેન્તીભાઈ પટેલ, શ્રી અશોકભાઈ મહેતા,
શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, તરુબેન શાહ તથા માતુશ્રી વિમળાબેન શાહ



અતિથિ વિશેષ શ્રી જેન્તીભાઈ પટેલનું સન્માન કરીને આવકારતા સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા (જમણી તરફ)



અતિથિ વિશેષ શ્રી પ્રફુલ્લભાઈ ટાંકનું સન્માન કરીને આવકારતા સમાજના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર (જમણી તરફ)



કાર્યક્રમમાં ઉપસ્થિત ઘટક સમાજના હોદ્દેદારશ્રીઓ, અગ્રણીઓ તથા સમાજ પરિવારજનો... કાર્યક્રમની રંગત માણી રહ્યા છે.



કારકિર્દી ઘડતર માટે રસપ્રદ અને મનનીય પ્રવચન આપતા શ્રી હિમાંશુભાઈ ઠક્કરની લાક્ષણિક અદા જોવા મળે છે.



તેજસ્વી તારલાનું સન્માન કરીને ઇનામનું વિતરણ કરતા અતિથિ વિશેષ શ્રી જેન્તીભાઈ પટેલ (જમણી તરફ)



કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થી કારકિર્દી અન્વયે પોતાના વિચારો વ્યક્ત કરે છે... કુ. ઉર્વી ચૌહાણ





કાર્યક્રમના અતિથિ વિશેષશ્રીઓ શ્રી જેન્તીભાઈ પટેલ (ડાબી તરફ) તથા શ્રી પ્રફુલ્લભાઈ ટાંક (જમણી તરફ) પોતાનું મનનીય પ્રવચન આપતા દ્રષ્ટિગોચર થાય છે.




તેજસ્વી તારલા શાસ્ત્રી પ્રિયલ વતી શ્રીમતી કમલબેન શાહના વરદ્ હસ્તે સન્માન સ્વીકારતા તેમના ફોઇ શ્રીમતી અલ્કાબેન ઓઝા. (જમણી બાજુ સાથ આપી રહ્યા છે ફુઆ શ્રી ભરતભાઈ ઓઝા)



તેજસ્વી તારલાનું સન્માન કરીને ઇનામનું વિતરણ કરતા શ્રી જગદીશભાઈ ઠક્કર



તેજસ્વી તારલાનું સન્માન કરીને ઇનામનું વિતરણ કરતા રેખાબેન શુક્લ (ડાબી તરફ)




તેજસ્વી તારલાનું સન્માન કરીને ઇનામનું વિતરણ કરતા શ્રી કુણાલ નરેન્દ્ર શાહ (ડાબી તરફ)




સરસ્વતી સન્માન સમિતિના કન્વીનર શ્રી દીપકભાઈ ચૌહાણ (ડાબી તરફ), શ્રી સંજયભાઈ રાઠોડ વગેરે.



સરસ્વતી સન્માન સમિતિના કન્વીનર શ્રી દીપકભાઈ ચૌહાણ સાથે તેમની ટીમના સભ્યો




શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમમાં ઇનામ વિજેતા તથા સન્માનિત તેજસ્વી તારલાઓ. સાથે સમાજના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર (વચ્ચે). તેમની ડાબી તરફ શ્રી દિનેશભાઈ મહેતા તથા શ્રી દીપકભાઈ ચૌહાણ (જમણી તરફ)



હોલની બહાર કાર્યાલય કાઉન્ટની જવાબદારી સંભાળી રહેલા શ્રી કિરીટભાઈ તથા શ્રી મૂકેશભાઈ



કાર્યક્રમ અંગે ચર્ચા-વિચારણા સમયે (ડાબેથી) સર્વશ્રી જગદીશભાઇ ઠક્કર, હિમાંશુભાઈ ઠક્કર, મનુભાઇ કોટડિયા, દિનેશભાઈ મહેતા, રમણિકભાઈ ગોસર, અશોકભાઈ મહેતા તથા મહેન્દ્રભાઈ વસા

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## સમાજના તેજસ્વી તારલાઓ : વર્ષ ૨૦૧૮-૧૯

### મંજુલાબેન હરખચંદ સાવલા વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક વિજેતા



આયુષ શશીકાંતભાઈ પિંડોરીયા



રીયા રાહુલભાઈ નાગડા



પ્રાચી મિહિરભાઇ શાહ

### ધનસુખલાલ વીરજી સંઘવી ઉચ્ચ શિક્ષણ પારિતોષિક વિજેતા



સિધ્ધાંત
વિજયકુમાર કોરડિયા
મેનેજમેન્ટ



વત્સલ
સુનિલભાઇ શાહ
એમ.બી.એ.



ફોરમ
જિતેન્દ્રકુમાર મહેતા
એમબીબીએસ




ઉર્વિ
હરિશ્ચંદ્રભાઈ બુધ્ધભટ્ટી
એમએસસી



દીપ
ભરતભાઈ શાહ
ડિપ્લોમા કોમ્પ્યુટર

### મંજુલાબેન હરખચંદ સાવલા શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૧૨ (વિજ્ઞાન)



નીલ રિતેષભાઈ યાદવ

### નરેન્દ્ર છગનલાલ શાહ શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૧૨ (કોમર્સ)



રુચી મહેશભાઈ પટેલ



ક્રિષ્ના વિરેનકુમાર શેઠ

## મંજુલાબેન હરખચંદ સાવલા શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૧૦


અદિતિ નીરવભાઈ વસા


જય રાજેશભાઈ પટેલ


ઉર્વિ રમેશભાઈ ચૌહાણ


કેવલ રાજેશભાઈ ઠક્કર


ખુશ્બુ પરેશભાઈ શાહ


શ્રેયા સુનિલભાઈ છેડા


બિનોય જયભાઇ ગોગરી


ધ્રુવી જયેશભાઈ મહેતા

## માતુશ્રી ઝવેરબેન રંગવાલા કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક


રૂચિ મહેશભાઈ પટેલ
ધોરણ-૧૨ (કોમર્સ)


અદિતિ નીરવભાઈ વસા
ધોરણ-૧૦

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૧૧


આયુષ શશીકાંતભાઈ પિંડોરીયા

## રમેશભાઈ રવજીભાઈ ધોરાઈ શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૯


દિતીશા અમિતકુમાર કોરડિયા


યશ નિખિલભાઈ મહેતા


આંચલ રિતેશભાઈ યાદવ

## માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૮


મિત્સુ દિવ્યેશભાઈ ભટ્ટ



રીયા રાહુલભાઈ નાગડા


ધ્રુવિન મનિષભાઈ સાવલા


તનીષા કૌશલભાઈ શાહ


હેત્વી અનિલભાઈ જોષી

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૭


યશ્વી દીપકભાઈ ઠક્કર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૬


દક્ષ જીવરાજભાઈ પટેલ


મીત લક્ષ્મણભાઈ પટેલ

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૬


આંચલ શશીકાંતભાઇ પિંડોરીયા


પૂજન અલ્કેશભાઈ શાહ


હેનીલ હાર્દિકભાઈ શાહ


હેમાંગી કિરણભાઇ પંચાલ

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૪


કેશ્વી જલદભાઈ વોરા


ધ્રુવી જીવરાજભાઈ પટેલ


વૃંદ પંકજભાઈ સોની


દેવાસ્ય ભૂપેન્દ્રભાઈ પટેલ


પ્રાચી કિરણભાઈ પંચાલ

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૩


ફેરી રાહુલભાઈ નાગડા


કેયુર પરેશભાઈ શાહ


ભવ્ય તપનભાઈ શાહ


કસ્વી દિવ્યેશ ભટ્ટ


ભવ્ય પ્રકાશભાઈ વાઘેલા

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૨


દેવેશી આદિત્યભાઈ વોરા

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ શ્રેષ્ઠતા પારિતોષિક : ધોરણ-૧


પાવન ઉમેશભાઈ ઠક્કર


આશ્વી પ્રકાશભાઈ પટેલ


રીયા જિગ્નેશભાઈ ચૌહાણ


યજ્ઞ અજયભાઈ સોની


અનંત કિરણભાઈ પંચાલ

જબાન

# શબ્દબોધ

## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૭)



તુલસી કંસારા

**Pontoon =** પૉન્ટુન = કામચલાઉ પુલ બનાવવા માટે વપરાતી ચપટા તળિયાવાળી હોડી, તરાપા વગેરે. હોડીઓ પર આધારિત તરતો પુલ અથવા પત્તાની એક રમત. આવા પુલો, જ્યાં આર્થિક રીતે પાકા પુલ બનાવવા પરવડે તેમ નથી હોતા, ત્યાં સામાન્ય રીતે કામચલાઉ રીતે લડાઈના સમયે લશ્કરો દ્વારા બનાવવામાં આવતા હોય છે. પરંતુ તે એટલા મજબુત હોય છે કે તેના ઉપરથી ટેન્ક પણ પસાર થઈ શકે છે. આ શબ્દ મૂળ લેટીન ભાષાના પોન્ટો એટલે કે ફેરી બોટ ઉપરથી ઉતરી આવેલ છે (પોન્સ એટલે પુલ) અને જૂની ફ્રેંચ ભાષામાં તેને ગારિગ્લીઆનો (તે નામની ઇટાલીમાં આવેલ નદી જ્યાં ૧૫૦૩માં સ્પેન અને ફ્રેન્ચ લશ્કર વચ્ચે લડાઇ થયેલ), બેટલ ઑફ આઉડેનાર્ડ (બેલ્જિયમમાં આવેલ સ્થળ, જ્યાં ૧૭૦૮માં એક તરફ ગ્રેટ બ્રિટન, ડચ રીપબ્લિક અને હોલી રોમ એમ્પાયર અને સામે ફ્રેન્ચ સેના વચ્ચે થયેલ લડાઇ), બીજા વર્લ્ડ વૉર દરમિયાન રાઇન નદીને ક્રોસ કરવા માટે તેમજ ઇરાન-ઇરાક વૉર ઑપરેશન ડાઉન-૮ (આ ૧૯૮૬માં ઇરાન-ઇરાક લડાઈ દરમિયાન અલ-ફો દ્વીપકલ્પ ઑપરેશન ઇરાનિયન લશ્કર દ્વારા કરવામાં આવેલ) વખતે બનાવવામાં આવેલ હતા.



**Demagogue =** ડેમગૉગ = રાજકીય ચળવળિયો, લોકલાગણી બહેકાવનાર. જૂના એથેન્સના સમયથી લોકશાહીમાં ડેમગોગો દેખાતા રહ્યા છે. આ શબ્દનો મૂળ અર્થ થાય છે સામાન્ય લોકોનો નેતા, જે શબ્દ સૌપ્રથમ જૂના ગ્રીસમાં વપરાયેલ હતો. ત્યારે તેનો નકારાત્મક અર્થ થતો ન હતો. પરંતુ વખત જતાં તેનો અર્થ એક રાજકીય ચળવળિયા નેતા, જે ક્યારેક ક્યારેક એથેન્સની લોકશાહીમાં ઊભા થતા હતા તેમના માટે વપરાવા લાગ્યો અને લોકો તેને બેદરકારીથી સામા પક્ષના નેતાઓને ઉતારી પાડવા માટે, તેમના પર શાબ્દિક હુમલો કરવા માટે વાપરવા લાગ્યા. આવા નેતાઓની રીતભાત, પોતાના પક્ષની ખામીઓ કે ભૂલો ઢાંકવા માટે સામા પક્ષને અથવા તો બહારની દુનિયામાંથી બલીના બકરા શોધવા, દા.ત. ડેનીસ કિયર્ને કેલિફોર્નિયાના મજદુરોના પ્રોબ્લેમો માટે ચાઇનીસ ઇમિગ્રન્ટોને દોષ દીધેલ. તાજેતરમાં જ કોંગ્રેસે પોતાની ભ્રષ્ટાચારી તરીકેની છબી સુધારવા માટે રાફેલનો પ્રશ્ન ઉભો કરીને મોદીને ચોર કહ્યા ઇત્યાદિ.



આવા ડેમગૉગ નેતાઓનું બીજું લક્ષણ છે જુઠ્ઠું બોલવું, લાગણીસભર ભાષણ અને વ્યક્તિગત પ્રભાવ. (રાહુલ ગાંધી કરતા પ્રિયંકા ગાંધીનો પ્રભાવ તેના દેખાવ અને ભાષણોને કારણે વધારે પડશે, માની તેને રાજકારણમાં લાવવામાં આવી.) સામેના પક્ષની નબળાઈ જાણી તેને દેશને બિનવફાદાર કહેવા, હિંસા કરાવવી અને ધમકીઓ આપવી (ગુજરાતમાં મોદીના પહેલાં થતાં કોમી રમખાણો, હમણાં જ કોંગ્રેસના સિનિયર નેતા આનંદ શર્માએ સી.બી.આઇ.ના અધિકારીઓને ધમકી આપતા કહ્યું કે અમે સત્તા પર આવીશું તો તમારી ખેર નથી વગેરે), વ્યક્તિગત અપમાન અને ઉતારી પાડવા (નીચ, મોતના સોદાગર વગેરે શબ્દોનો ઉપયોગ), સામાન્ય લોકો જેવા હાવભાવ કરવા, દા.ત. સંસદમાં આંખ મિંચકારવી, કોઈપણ વાતને એકદમ સરળ બનાવીને રજૂ કરવી (દા.ત. રાફેલ વિમાનોની કિંમત ૫૨૬ કરોડને બદલે ૧૬૦૦ કરોડ આપી. પરંતુ તેમાં મિસાઇલ તેમજ અન્ય મોડર્ન ઇક્વીપમેન્ટો વગેરેની ગણતરી જ ન કરવી), મીડિયાને બ્લેમ કરવો, તેના ઉપર હુમલો કરવો, જે આપણે રોજબરોજના સમાચારોમાં જોઈએ છીએ, કે જ્યાં કોંગ્રેસના સભ્યોએ ઝી-ટી.વી. કે આર. રીપબ્લિકના પત્રકારો પર હુમલાઓ કરેલ છે. આમ, ચળવળિયા નેતાના લક્ષણો અને તેમની રીતભાતો આપણે

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૬ ઉપર)

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

સ્વાસ્થ્ય

# ૨૧મી સદીમાં માનસિક બાળ ઉછેર – (૪)




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)
ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના અંકમાં આપણે જાણ્યું કે બાળકના વ્યક્તિત્વના ઘડતર તથા વિકાસમાં માતા-પિતા તથા વડીલોનો સિંહફાળો હોય છે. યોગ્ય ઘડતર તથા યોગ્ય વિકાસ માટે માતા-પિતાના સ્વભાવ તથા વલણમાંના મુદ્દાઓ વિશે આપણે જાણકારી મેળવી. (૧) બાળક માટે સમય ફાળવવો (Time). (૨) ગુણવત્તાભર્યો સમય (Quality Time), (૩) સલામતી (Security), (૪) બાળક પોતાનું કાર્ય જાતે કરી લે (Independance), (૫) 'ના' પાડતા શીખો (Learn to say "No"), (૬) અન્ય બાળકો જોડે સરખામણી ટાળો (Avoid Comparison).

આ લેખમાં અન્ય મુદ્દાઓની છણાવટ કરીશું.

### ૭. બાળકને જવાબદારી સોંપો (Responsibilities)

બાળકની ઉંમર તથા ક્ષમતાને લક્ષમાં લઈ બાળકને જવાબદારી સોંપો. શરૂઆતમાં એની જરૂરિયાતોની વસ્તુઓ (પેન્સિલ, રબર, નોટબુક્સ વગેરે) ખરીદવા એને મોકલો. પહેલા એની જોડે તમે દુકાન પર જાઓ. બાળકને દુકાનદાર સાથે વાતચીત કરવા દો. પોતાને જોઈતી વસ્તુ બાળક લેશે. પૈસા પણ દુકાનદારને બાળક જ આપશે. માતા-પિતા / વડીલોની હાજરીમાં બાળકને આવું કાર્ય કરવા દો. માતા-પિતા નિરીક્ષણ કરે. ભૂલ થતી હોય તો જ શાંતિથી સમજાવશો. સલાહ આપશો નહીં. આનાથી બાળકમાં આત્મવિશ્વાસ વધશે. જવાબદારી લઈ કામ કરવાની ધગશ વધશે.

ધીમે ધીમે વસ્તુઓ લેવા એકલા મોકલો. બાળકને આ કામ કરવાનો આનંદ આવશે. શરૂઆતમાં ઘરની નજીક મોકલો. પછી ઘરથી દૂર મોકલો. આથી બાળકનો આત્મવિશ્વાસ વધશે. બાળક સ્વાવલંબી બનશે. પોતાના કાર્યો માટે માતા-પિતા કે વડીલો પર આધાર રાખવો નહીં પડે. પછીથી ઘર માટે તથા માતા-પિતાને પોતાના માટે જોઈતી વસ્તુઓ લેવા મોકલવું જોઈએ.

૧૦થી ૧૨ વર્ષના કિશોરો / કિશોરીઓને બેંકના કામની જવાબદારી (બેંકની સ્લીમ કેમ ભરવી, ચેક કેમ ભરવા, રોકડા પૈસા કેમ ભરવા વગેરે) ધીમે ધીમે આપી શકાય.

જવાબદારી સોંપતી વખતે બાળક જોડેના સંવાદ પર ધ્યાન આપવું જરૂરી છે. બાળકને હુકમ કે ઓર્ડર ("આ કામ કર") કરવાને બદલે વિનંતી કરવી જરૂરી છે (બેટા, આ કામ કરી આવીશ?) બાળક રાજીખુશીથી કામ કરી આવશે. જો કોઈ વખત બાળક ના પાડે તો એ ના સ્વીકારી લો અને તમે જાતે કામ કરી લો. એ વખતે મનમાં નકારાત્મક લાગણી ન આવવી જોઈએ કે મારા બાળકે મને ના પાડી.

### ૮. બાળકના કાર્યોની કદર / પ્રશંસા (Recognition / Appreciation)

બાળકો લાગણીશીલ હોય છે. એમની લાગણીની માતા-પિતા તથા વડીલોને સમજણ હોવી ખૂબ જ અગત્યનું છે. બાળકોને પણ પોતાના ગમા - અણગમા (**Liking - Disliking**) હોય છે. માતા-પિતા તથા વડીલોએ આ પ્રત્યે સભાન રહેવું જરૂરી છે. બાળક અને માતા-પિતા વચ્ચેના પરસ્પરના સંબંધો માટે આ અગત્યનો મુદ્દો છે. બાળકની ઉંમર વધતા આ ગમા-અણગમા વધતા જાય છે જેમાં બાળક બાંધછોડ ભાગ્યે જ કરે છે તથા બાળક આ ગમા-અણગમા વ્યક્ત પણ કરે છે. ૮ વર્ષની ઉંમર બાદ ગમા-અણગમા વધતા જાય છે. જરૂરી છે કે માતા-પિતા અને વડીલો આ ગમા-અણગમા પ્રત્યે સજાગ રહે અને પોતાની વર્તણૂક તથા વાતચીત એ પ્રમાણે બદલે.

બાળકે જાતે કરેલા કાર્યોની કદર કરવી જરૂરી છે. આથી બાળકમાં આત્મવિશ્વાસ વધે છે. બાળક વધુ કાર્યો કરવા તથા જવાબદારી લેવા પ્રેરાય છે. યોગ્ય પ્રશંસા કરવાથી નજીકના સગાવહાલાને પણ બાળકે કરેલા કાર્યોની માહિતી મળે છે તથા એમના મનમાં પણ બાળકની સકારાત્મક છબી બને છે તથા બાળક પ્રત્યે આ સગાવહાલા માનથી જુએ છે.

ઘણા માતા-પિતા તથા વડીલોમાં ખોટી ભ્રમણા હોય છે કે પ્રશંસા કરવાથી બાળક ફુલાઈ જશે અને પછી કાર્ય નહીં કરે. હકીકત આનાથી વિરુધ્ધમાં છે. જો કરેલા કાર્યોની માતા-

પિતા યોગ્ય કદર નહીં કરે તો બાળકનો આ બધા કાર્યોમાંથી રસ ઉડી જશે. જેને લીધે બાળક જાતે કાર્યો કરવાનું મૂકી દેશે. કન્સલ્ટિંગ રૂમમાં માતા-પિતાએ થેરાપી દરમિયાન વ્યક્ત કર્યું છે કે જ્યારે પણ અમે બાળકની યોગ્ય કદર અને પ્રશંસા કરીએ છીએ ત્યારે બાળકને આનંદ થાય છે, જે અમે એના ચહેરા પર જોઈ શકીએ છીએ.

મહત્ત્વનું છે કે કરેલા કાર્યોની યોગ્ય પ્રશંસા કે કદર કરો. ન કરેલા કાર્યોની કે વધારે પડતી અયોગ્ય પ્રશંસા ન કરો.

બાળકો ભૂલો પણ કરે છે. માતા-પિતા, વડીલો અને આપણે બધા જ ભૂલો કરીએ જ છીએ. આ ભૂલો બાળકને કેમ જણાવવી, ક્યારે જણાવવી, કેવી રીતે જણાવવી, જણાવતી વખતે બાળકનો તથા માતા-પિતાનો મુડ કેવો છે, જણાવતી વખતે અવાજ કેવો છે વગેરે મુદ્દાઓ પર ખાસ ધ્યાન આપવું જરૂરી છે. આ પણ એક કળા છે.

શબ્દો તથા વાક્યોમાં યોગ્ય રીતે ભૂલ વ્યક્ત કરો. બાળકને ઉતારી ન પાડો. અન્યની હાજરીમાં બાળકની ભૂલ વ્યક્ત ન કરો. આથી બાળકના આત્મવિશ્વાસને ઠેસ પહોંચે છે. કોઈ આપણી ભૂલ અન્ય વ્યક્તિઓની હાજરીમાં વ્યક્ત કરે તો આપણને કેવું લાગે છે.

બાળકની યોગ્ય પ્રશંસા કુટુંબીજનો, હિતેચ્છુઓ તથા એના મિત્રો વચ્ચે કરો. પરંતુ ભૂલની જાણકારી બાળકને એકાંતમાં જ આપો.

**૯. માતા-પિતાની વર્તણૂક (Role Model)**

બાળકની અવલોકન શક્તિ તેજ હોય છે. બાળક માતા-પિતાનું બારીકાઈથી અવલોકન કરતું હોય છે અને એ પ્રકારની વર્તણૂક પોતાના જીવનમાં અજાણપણે ઉતારતું હોય છે (Identification). પિતા ગુસ્સાવાળા હોય, ગુસ્સો કરી પોતાનું ધાર્યું કામ બીજા કુટુંબીજનો પાસે કરાવી લેતા હોય તો બાલક પણ ગુસ્સાવાળો થશે. માતા-પિતા પોતાની લાગણીઓ વિશે કેટલા સભાન છે તથા કુટુંબની બીજી વ્યક્તિઓની લાગણીની દરકાર કરે છે એનું અવલોકન બાળક સતત કરતું હોય છે.

માતા-પિતા પોતાની લાગણીઓ પર કઈ રીતે કાબૂ મેળવે છે; નિરાશા, હતાશા, નિષ્ફળતા જેવી નરાકાત્મક લાગણીઓનો કઈ રીતે સામનો કરે છે, સમસ્યાનો હલ કઈ રીતે કાઢે છે એ જ પદ્ધતિ બાળક અપનાવશે. આ બાબતે માતા-પિતા તથા વડીલોએ સાવચેત રહેવું જરૂરી છે.

જે પ્રકારની વર્તણૂક માતા-પિતા બાળક તરફથી અપેક્ષા રાખે છે તે પ્રકારની વર્તણૂક માતા-પિતા પોતે જાતે કરે તેમજ જે પ્રકારની વર્તણૂક માતા-પિતા ઈચ્છે છે કે પોતાનું બાળક ન કરે તો એ જ પ્રકારની વર્તણૂક માતા-પિતા પોતે ન કરે. ''કહેવા કરતા કરવું ભલું.'' માતા-પિતા જાતે યોગ્ય વર્તણૂક કરી ધડો બેસાડે. બાળક અજાણપણે એ જ પ્રકારની વર્તણૂક કરશે.

*(ક્રમશઃ)*

## શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી

**(અનુસંધાન : પાના નં.-૩૩ ઉપરથી ચાલુ)**

રોજિંદા રાજકારણમાં અવાર-નવાર જોતા હોઈએ છીએ. આવા નેતાઓમાં હિટલર કહી શકાય.



**Republicanism =** રીપબ્લિકનિઝમ = પ્રજાસત્તાક રાષ્ટ્રની ભાવના. આ એક વૈચારિક અભિગમ છે, રાજકીય વિચારધારા છે જે રાષ્ટ્ર નિર્માણમાં નાગરિકતાને કેન્દ્રબિંદુ બનાવે છે. જ્યાં લોકો લોકપ્રિય સર્વોપરીતા, સાર્વભૌમત્વ, બાહ્ય નિયંત્રણ વિનાના રાષ્ટ્રની કલ્પના કરે છે. જ્યારે, રીપબ્લિક શબ્દનો અર્થ થાય છે લોકોનું રાજ્ય. આ શબ્દ લેટીન ભાષાના ''રેસ-પબ્લિકા'' એટલે કે ''લોકોની વસ્તુ'' પરથી ઉતરી આવેલ છે અને તે ઈશુથી પહેલાની છઠ્ઠી સદીમાં રોમના રાજાને લુસીયસ જુનિયસ બ્રુટ્સ અને કોલેટીનસે હાંકી કાઢેલ ત્યારથી ઉદ્‌ભવેલ છે. આપણા દેશમાં ૧૫ ઓગસ્ટે આઝાદી મળ્યા બાદ, પ્રજાસત્તાક રાજ્ય ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીને દિવસે બંધારણ દ્વારા સ્થાપવામાં આવેલ. તેથી જ આપણે તે દિવસને રીપબ્લિક દિવસ તરીકે, પ્રજાસત્તાક કે ગણતંત્ર દિવસ તરીકે ઉજવીએ છીએ અને રાષ્ટ્રના સર્વોચ્ચ વડા તરીકે રાષ્ટ્રપતિ સલામી લે છે. જ્યારે આઝાદી એક રાજકીય ચળવળ બાદ મળેલ. તેથી ત્યારે પ્રજાના ચૂંટાયેલ પ્રતિનિધિઓના વડા, વડાપ્રધાન સલામી લે છે. ૨૦૧૭ સુધી દુનિયાના ૨૦૬ રાષ્ટ્રોમાંથી ૧૫૯ દેશોએ રીપબ્લિક શબ્દ પોતાના નામ સાથે જોડેલ હતો. પરંતુ બધા જ રીપબ્લિકમાં ચૂંટાયેલ સરકાર હતી તેવો તેનો અર્થ થતો નથી. ઘણા દેશોમાં તો લોકોની સહમિત દર્શાવવા માટે, ચૂંટણીઓ માત્ર દેખાડા ખાતર કરવામાં આવે છે. ■

વિવિધતા

## હાસ્ય મજાક સાથે જ્ઞાન વૃધ્ધિ

# પ્રેમભરી પ્રેમાળ અભિવ્યક્તિ

### વેલેન્ટાઇન્સ તંબોલા ગેમ



ભાવના એ. ઝવેરી

પ્રેમ એવો કરજો, જેમાં શબ્દોનો સથવારો ન હોય, માત્ર મૌનની સરવાણી હોય. માંગણીઓની વર્ષા ન હોય, માત્ર લાગણીઓની મહેક હોય. જેમાં દલીલ ન હોય, માત્ર દિલની વાતોની ચહેક હોય. ગેરસમજની ખાઈ ન હોય, માત્ર... સમજણના શિખરો હોય. જેમાં 'હું' કે 'તું' ન હોય, પણ 'એક' થવાનો અર્થ હોય. પ્રેમપત્રો ન હોય, પણ કહ્યા વિનાના શબ્દો હોય. જેમાં શિકાયતના જંગલો ના હોય, માત્ર વિશ્વાસની કેડી હોય. જેમાં 'મારું' કે 'તારું' ન હોય, માત્ર 'આપણું' હોય. જેમાં પ્રેમનો ધોધમાર વરસાદ ભલે ન હોય, માત્ર સ્નેહનું સુંદર ઇન્દ્રધનુષ હોય. જેમાં ગમના વાદળો ન હોય, માત્ર ને માત્ર 'ખુશી'ના અમીછાંટણા હોય...

ફેબ્રુઆરીમાં વેલેન્ટાઇન્સ ડે આવે છે. બધા પોતાની રીતે ગ્રુપમાં ઉજવે છે... તો આ સમયને અનુલક્ષીને આ 'વેલેન્ટાઇન્સ સ્પેશિયલ' ગેમ્સ આપેલી છે... જે બધાને રમવી અને રમાડવી ગમશે.

૧. લવ
૨. સથવારો
૩. પ્રેમાંશ
૪. કામબાણ
૫. ખુશી
૬. પ્રેમિકા
૭. પ્રીતિ
૮. મીઠો પ્રેમ
૯. પ્રેમોન્માદ
૧૦. ભાવ
૧૧. આલિંગન
૧૨. ધોધમાર પ્રેમ
૧૩. પ્રેમાલાપ
૧૪. પ્રેમોર્મિ
૧૫. ચાહના
૧૬. સંવેદન
૧૭. પ્રેમરસ
૧૮. મદન કટારી
૧૯. રતિ
૨૦. પ્રણ
૨૧. ચાહત
૨૨. અમી
૨૩. અનહદ ચાહ
૨૪. જિંદગી
૨૫. જીવનક્યારી
૨૬. દિલ
૨૭. સમર્પણ
૨૮. પ્રેમગાંઠ
૨૯. સ્નેહ
૩૦. પ્રેમલગ્ન
૩૧. પ્રેમભગ્ન
૩૨. મજાક
૩૩. માશુક
૩૪. પ્યાર
૩૫. પ્રેમબંધ
૩૬. પ્રેમવર્ષા
૩૭. પ્રેમભાવ
૩૮. રમણ
૩૯. પવિત્રતા
૪૦. પ્રેમોત્સવ
૪૧. પ્રેમપાશ
૪૨. મહોબ્બત
૪૩. પ્રણય
૪૪. પ્રેમાંકુર
૪૫. પ્રેમાંશુ
૪૬. પ્રેમતંતુ
૪૭. રસ છોળ
૪૮. ભાવનામય
૪૯. મસ્તી
૫૦. પ્રેમ તરબોળ
૫૧. પાર્ટનર
૫૨. તોફાની પ્યાર
૫૩. દિવાનગી
૫૪. સન્માન
૫૫. પ્રેમલતા
૫૬. આવેગ
૫૭. શૃંગાર
૫૮. પ્રેમાલિંગન
૫૯. વિશ્વાસ
૬૦. પ્રેમબંધન
૬૧. સદ્ભાવ
૬૨. પ્રેમળતા
૬૩. સમર્પણ
૬૪. પ્રેમવાર્તા
૬૫. એકાંત
૬૬. ઘાયલ
૬૭. હેત
૬૮. પ્રીત
૬૯. વ્હાલ
૭૦. પ્રેમતંતુ
૭૧. પ્રેમ ભીનું
૭૨. પ્રેમ
૭૩. પ્રેમક્રીડા
૭૪. અનુરાગ
૭૫. પ્રેમવીર
૭૬. ભાવવિભોર
૭૭. પ્રેમ સરવાણી
૭૮. જીવન
૭૯. મજાક
૮૦. દિલોજાન
૮૧. માન

*તસવીરમાં નહીં પણ તકલીફમાં સાથે દેખાય એ જ આપણા.*

*અનુકૂળ સંજોગોમાં અદૃશ્ય અને પ્રતિકૂળ સંજોગોમાં પ્રગટ થતા લોકો જ ખરા હિતેચ્છુ હોય છે.*

૪ x ૪ ખાનાવાળા ટોટલ ૧૬ હાર્ટ આપેલા છે.

આ તમારી 'પ્રેમ તંબોલા' ગેમ થઈ ગઈ...

- **ગેમ કેવી રીતે રમવી?**

★ રમનાર બધાને 'પ્રેમ તંબોલા' ગેમના ક્લુનું લિસ્ટ અને બોક્સ બનાવેલા કાગળ-પેન આપો (૪ x ૪ = ૧૬ ખાનાવાળું)

★ ૧થી ૮૧ નંબરના ક્લુ છે... તેમાંથી તમને મનપસંદ, તમારા 'દિલની અભિવ્યક્તિ'ના શબ્દો શોધી, આપેલા બોક્સમાં નામ અને નંબર સાથે લખી નાખો.

★ રમાડનારે હાઉસીનું બોક્સ અને ૧ થી ૮૧ નંબર લઈને જ આ ગેમ રમાડવી.

★ આ ગેમ બધા કપલે, પર્સનલ રમવાની રહેશે.

★ રમનાર દરેકે પોતાના નંબર લખાવી જાય... બાદમાં નિયમ જાહેર કરવા.

- **નિયમો :**

૧. ચાર કોર્નર વિથ સ્ટાર થઈ જાય તે વિનર.

૨. એકી સંખ્યામાં આવતા બધા જ નંબર થઈ જાય તે વિનર.

૩. શૂન્ય આવતું હોય તેવા નંબર થઈ જાય તે વિનર... દા.ત. ૨૦, ૫૦, ૭૦

૪. પેર નંબર થઈ જાય તે વિનર. જેમ કે ૩૩, ૫૫, ૬૬...

૫. બેકી સંખ્યામાં આવતા બધા જ નંબર થઈ જાય તે વિનર.

૬. ફૂલ હાઉસી થઈ જાય તે વિનર.


- **ઇનામ કેવી રીતે આપશો?**

નંબર વેરીફાઈ કરીને જે વિનર થાય તેને પોતાની દિલની ફિલીંગ્સની બે વાત કરવાની... બાદમાં ગીફ્ટ આપી નવાજવા. આમ કરવાથી તમે તમારા દિલની વાત પાર્ટનર સુધી પહોંચાડશો. દિલની વાત શૅર કરવાનો મોકો મળશે.

તમારા પાર્ટનરની સારી વાત, સારો ગુણ, બધાની વચ્ચે કહી તેને એપ્રીસીએટ કરી શકો છો... કદાચ થોડું અંતર હશે તો તે દૂર થશે.

- **સરપ્રાઇઝ :**

★ જેણે સૌથી સરસ દિલની વાત રજૂ કરી હોય તેને.... ★ જે કપલનો ડ્રેસ મેચિંગ હોય તેને... ★ આ ગેમમાં પતિ-પત્ની બંને વિજેતા થયા હોય તેને... ★ આ ગેમ દરમિયાન જે સૌથી વધારે મજાક મસ્તી કરતું હોય તેને. ★ જે એકદમ શરમાળ હોય તેને.




તે બધા વિશે કંઈક સ્પેશિયલ બોલીને ગીફ્ટ આપો.

આ ગેમ 'હાર્ટ ટચ' છે તો બધાને રમવી ગમશે જ. રમતમાં પ્રેમભર્યો માહોલ જળવાઈ રહેશે....

મને આશા છે કે આ ગેમ બધા કપલને રમવી ગમશે.

બધા કપલને 'હેપ્પી વેલેન્ટાઈન્સ ડે...'

ઍન્જોય યોર ડે એન્ડ લાઈફ... નો ફાઈટ...

❖ *અમિતાભ બચ્ચન અનેક બીમારીથી પીડાય છે. રોજની કેટલીય ગોળી, દમના હુમલાને ખાળવા સ્પ્રે અને પેઈન કિલર લેવા પડે છે. ઘણી વખત તો સેટ પર નિર્દેશક કહે કે, "અમિતજી, આજ શૂટિંગ કેન્સલ કરતે હૈં." પણ, અમિતાભ બચ્ચનનો કામ પ્રત્યેનો લગાવ એ હદનો છે કે સેટ પર તાવમાં ફસડાયેલા અમિતાભ જેવો 'સેટ રેડી, કેમેરા રોલિંગ' તેમ સાંભળે તે સાથે જ કોઈ ગજબની તાકાત અને સ્ફૂર્તિ તેનામાં પ્રવેશે છે. આપણું પણ આવું હોવું જોઈએ.*

❖ *શિક્ષક કભી સાધારણ નહીં હોતા. શિક્ષક હોવાનું ગૌરવ આજકાલ રહ્યું છે ખરું? જે ડૉક્ટર, એન્જિનિયર કે અન્ય ક્ષેત્રોમાં ના પ્રવેશી શકે તેવી તો શિક્ષકની આપણા સમાજે ઈમેજ બનાવી દીધી છે. ડૉ. અબ્દુલ કલામ પાસેથી શિક્ષકો પ્રેરણા લેશે? કલામ સાહેબ કહેતા કે મારા મૃત્યુ પછી મને લોકો વિજ્ઞાની કે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ તરીકે નહીં, પણ શિક્ષક તરીકે યાદ રાખશે તો ગમશે.*

# શબ્દ શોધ : ૮૦

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ■ | ૪ | |
| | ■ | | ■ | ૫ | | ૬ | | ■ |
| ૭ | | | ૮ | | ■ | ૯ | | ૧૦ |
| | ■ | ૧૧ | | ■ | ૧૨ | | ■ | |
| ■ | ૧૩ | | | ■ | ■ | ૧૪ | | |
| ૧૫ | | ■ | | ■ | ૧૬ | | ■ | ■ |
| ૧૭ | | ૧૮ | ■ | ૧૯ | | ■ | ૨૦ | |
| | ■ | ૨૧ | ૨૨ | ■ | ૨૩ | | | ■ |
| ■ | ૨૪ | | | | | ■ | ૨૫ | |

## આડી ચાવીઓ

૧. જરૂરત કરતાં ઘણો વધુ વરસાદ (૪)
૪. મમ્મીના દિયર (૨)
૫. ખૂબ તરસ્યું થયેલું (૪)
૭. ઝાડ રોપવાની ક્રિયા (૫)
૯. દહીંમાં ભાત મેળવી કરવામાં આવતી એક વાનગી (૩)
૧૧. અરબસ્તાનના પવિત્ર ઈસ્લામ તીર્થધામ મક્કા મદીનાની યાત્રા (૨)
૧૨. તસ્કરી (૨)
૧૩. એક અક્ષરરૂપ મંત્ર (૩)
૧૪. વરસાદની રાહ જોતું પક્ષી (૩)
૧૫. મમ્મીની સાસુ (૨)
૧૬. એક રોગ (૨)
૧૭. માપ કરનારું (૩)
૧૯. બ્રાહ્મણોની એક અટક (૨)
૨૦. પતિ, સ્વામી (૨)
૨૧. "_____ તે સૌને ગમે" (૨)
૨૩. આંખે અંધારા આવી ચક્કર આવવા એ (૩)
૨૪. સાગર, સમુદ્ર (૫)
૨૫. યાત્રાનું સ્થળ (૨)

## ઊભી ચાવીઓ

૧. વરસાદના અભાવે પડતો દુષ્કાળ (૪)
૨. ઝાડ ઉપર ચડવાની ક્રિયા (૫)
૩. વહેલું પરોઢ (૨)
૪. દરજી વાપરે ને હજામતમાં પણ જોઈએ (૩)
૫. ઘાસ, ખડ (૨)
૬. અટકચાળું (૫)
૮. પજવવાની ક્રિયા (૪)
૧૦. લાડુ (૩)
૧૩ દીવો, દીપ (૩)
૧૫. જમાઈ (૩)
૧૬. વાવેલી જમીન (૪)
૧૮. સોનું, કંચન (૩)
૨૦. ભૂમિ (૩)
૨૨. " _____ ભારત મહાન" (૨)

## શબ્દશોધ : ૭૯નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક | પા | સ | ■ | સ | વા | લ | પ | ત્ર |
| વિ | ■ | મ | ■ | મ | ન | ■ | ર | ણ |
| ■ | અ | સ્ત | વ્ય | સ્ત | ■ | શિ | શુ | ■ |
| સા | રું | ■ | ■ | બ્ર | હ્મા | ■ | રા | ગ |
| વ | ધ | ■ | બ્ર | હ્મ | ■ | મ | મ | તા |
| ■ | તી | ર | ■ | સ | વા | ર | ■ | ગ |
| મું | ■ | જ | ય | મા | તા | જી | ■ | મ |
| જ | ન | ક | ■ | જ | ય | ■ | ર | ■ |
| ■ | ક | ણ | ક | ■ | ન | વ | જા | ત |

## શબ્દ શોધ : ૭૮ / ૭૯ નો ઉકેલ મોકલાવનારના નામ

- રશ્મિ એસ. સાવલા - ભુજ
- અશોક એન. મહેતા - ભુજ
- મહાભાઈ આર. વોરા - ભુજ
- નીલેશ વી. શાહ - ભુજ
- રમીલા જે. ગોર - ભુજ
- અશ્વિન પી. ઠક્કર - નખત્રાણા
- સુવાસ ડી. ગોર - ભુજ
- દિલીપ કે. શાહ - ભુજ
- ધનસુખ કે. પટેલ - ગાંધીધામ
- અભય સી. મહેતા - મુંદ્રા
- વર્ષા વી. ગોર - ગાંધીધામ

*આંખો બંધ કરવાથી મુસીબત જતી નથી અને મુસીબત આવ્યા વિના આંખ ઊઘડતી નથી.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ - અમદાવાદ

### દીપોત્સવ - વાર્ષિક સ્નેહ મિલન સમારોહ ઉલ્લાસમય રીતે ઉજવાયો

શ્રી કચ્છી ગૂર્જર ક્ષત્રિય સમાજ - અમદાવાદ દ્વારા તા. ૨૩-૧૧-૨૦૧૮ના રોજ દિવાળી વાર્ષિક સ્નેહ મિલન સમારોહનું આયોજન શ્રી બળવંતરાય મહેતા કોમ્યુનિટી હોલ, કાંકરીયા - અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં જ્ઞાતિ પરિવારજનોએ ખૂબ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહીને સમારોહને હર્ષોલ્લાસપૂર્વક માણ્યો હતો.

કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ઘટક સમાજના પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ ચૌહાણના સાંનિધ્યમાં કાર્યક્રમનો શુભ આરંભ કરવામાં આવ્યો હતો. પ્રમુખશ્રીએ ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનોને આવકાર આપીને નૂતન વર્ષની શુભકામના પાઠવી હતી. આજના સમારંભમાં સમાજની ગતિવિધિ અને વર્ષ દરમિયાનનો અહેવાલ રજૂ કરવામાં આવેલ.

ઉપરોક્ત સમારંભમાં નીચે મુજબ વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન ખૂબ જ સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

- સરસ્વતી સન્માનના દાતાશ્રીઓ તથા સમાજને આર્થિક સહયોગ આપનાર દાતાશ્રીઓનું શાલ અને સુંદર મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.
- ઘટક સમાજના એક અગ્રણી, હિતેચ્છુ તથા અમદાવાદ ખાતેની ડી.એન. પોલીટેકનિક ઈન્સ્ટિટ્યૂટના મુખ્ય સંચાલક શ્રી નાનાલાલભાઈ દેવરામભાઈ ચૌહાણે આ ઘટક સમાજમાં લાંબા સમય સુધી પ્રમુખપદે રહીને સમાજને તન-મન અને ધનથી ઉત્કૃષ્ટ સેવાઓ પ્રદાન કરી છે. તે ઉપરાંત, કચ્છ ગૂર્જર ક્ષત્રિય એજ્યુકેશન સોસાયટીના પણ પ્રમુખપદના હોદ્દા પર રહીને સંસ્થાને સુંદર સાથ-સહકાર અને સાર્વજનિક સામાજિક સેવાઓ અવિરતપણે આપી છે. આ તમામ બાબતોની ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન નોંધ લેવામાં આવી હતી. આ કારણે શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ - અમદાવાદ ઘટક દ્વારા તેમને શાલ ઓઢાડી તથા ખૂબ જ આકર્ષક મોમેન્ટો અર્પણ કરીને તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત પ્રેક્ષકગણે તાળીઓના ગડગડાટથી શ્રી ચૌહાણના




સન્માનને વધાવ્યું હતું. નોંધનીય છે કે, શ્રી નાનાલાલભાઈએ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મંત્રી તથા ખજાનચી પદે રહીને પોતાની સુંદર સેવાઓની સુવાસ ફેલાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી નાનાલાલભાઈ ચૌહાણનું સ્વાસ્થ્ય હાલે સારું ન હોવાના કારણે ઉપરોક્ત કાર્યક્રમમાં હાજર રહ્યા ન હતા. તેમની અનુપસ્થિતિમાં તેમના વતી પુત્ર શ્રી દીપકભાઈ તથા પુત્રવધૂ શ્રીમતી પ્રિતીબેન ચૌહાણે શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ - અમદાવાદનું જાહેર થયેલ સન્માન સ્વીકાર્યું હતું.

- સમારંભ દરમિયાન ઉચ્ચ શિક્ષણમાં ડિગ્રી ધારકો તથા ધોરણ-૧થી ૧૨ના શૈક્ષણિક ક્ષેત્રના તેજસ્વી તારલાઓનું ઉચિત સન્માન કરીને તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું.
- નૂતન વર્ષની શુભ શરૂઆતને અનુલક્ષીને સમાજના મહિલા મંડળના સભ્યો દ્વારા ખૂબ વ્યવસ્થિત રીતે રંગોળી, વાનગી તથા અન્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સિવાય સમાજના યુવા મંડળ તથા મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરતો એક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો હતો.
- ઉપરોક્ત સ્પર્ધાઓના વિજેતાઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર કલાકારોને ઉચિત ઈનામોથી નવાજવામાં આવ્યા હતા.
- કાર્યક્રમના અંતે મનભાવન ભોજનની લહેજત સાથે જ્ઞાતિ પરિવારજનોએ પરસ્પર નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવીને સમારંભનો આનંદ માણ્યો હતો.
- સમારંભની આભારવિધિ શ્રી પ્રફુલ્લચંદ્ર કે. ટાંક દ્વારા કરવામાં આવી હતી.

## શ્રી જોરાવરસિંહ જાદવને ડૉ. કોમલ કોઠારી લાઇફટાઈમ એચિવમેન્ટ લોકકલા એવોર્ડ



વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર (રાજસ્થાન) દ્વારા લોકકલા ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરનારને પદ્મભૂષણ ડૉ. કમલ કોઠારીની સ્મૃતિમાં રૂા. બે લાખ એકાવન હજારનો કોમલ કોઠારી સ્મૃતિ (લાઈફ ટાઈમ એચિવમેન્ટ) લોકકલા ઍવોર્ડ અર્પણ કરવામાં આવે છે. સને ૨૦૧૮ના વર્ષનો પ્રથમ ઍવોર્ડ લબ્ધપ્રતિષ્ઠિત લોકકલાવિદ શ્રી જોરાવરસિંહ જાદવ અને ઉદયપુરના લોકસાહિત્યકાર ડૉ. મહેન્દ્ર ભાનાવતને સંયુક્તરૂપે શિલ્પગ્રામ (ઉદયપુર) ખાતે યોજાયેલા લોકકલા ઉત્સવ સમારોહમાં જિલ્લા ન્યાયાધીશના હસ્તે અર્પણ કરાયો.

ગુજરાત લોકકલા અને લોક સંસ્કૃતિના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરનાર ગુજરાત લોકકલા ફાઉન્ડેશનનાં સ્થાપક શ્રી જોરાવરસિંહ જાદવનું નામ આદર અને સન્માનપૂર્વક લેવાય છે. **એમણે યુવાન વયે પોતાનું જીવન કલાક્ષેત્રને અર્પણ કરી લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ, લોકકલાઓનાં સંશોધન ક્ષેત્રે માતબર પ્રદાન કર્યું છે** અને ૯૪ જેટલા મૂલ્યવાન ગ્રંથો પ્રગટ કર્યા છે.

ધંધુકા તાલુકાના આકરુ ગામે ખેડૂત પરિવારમાં ૧૦ જાન્યુઆરી, ૧૯૪૦ના રોજ જન્મેલા શ્રી જોરાવરસિંહજી ગુજરાત લોકકલા ફાઉન્ડેશન દ્વારા ધરતીની ધૂળમાં રમનારા ભારતભરના પાંચ હજાર લોકકલાકારો સાથે સીધો સંપર્ક ધરાવે છે. આ કલાકારોને લઈને તેઓ દુબઈ-ઓમાન, ટ્રીનીદાદ એન્ડ ટોબાગો, સુરીનામ, શિકાગો (યુ.એસ.એ.) અને કેનેડામાં ગૌરવપૂર્ણ રીતે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરીને ભારતનું નામ સાંસ્કૃતિક લોકકલા ક્ષેત્રે રોશન કર્યું છે. **તેમનું શ્રેષ્ઠ પ્રદાન ગુજરાત લોકકલા રાષ્ટ્રીય એવોર્ડ શરૂ કરવાનું છે.** તેમના ફાઉન્ડેશન દ્વારા અત્યાર સુધી ભારતભરના લોકકલાકારોને ૯૦ ઉપરાંત ઍવોર્ડ એનાયત કરી ચૂક્યા છે. શ્રી જાદવને રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાના અનેક ઍવોર્ડ પ્રાપ્ત થયા છે.

## કચ્છ માટે સેવાકીય કામગીરી કરનાર ડૉ. મણિભાઈ મહેતાને લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડની જાહેરાત

ગુજરાત વિશ્વકોશ અને ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના સંયુક્ત ઉપક્રમે ત્રણ મહાનુભાવોને લાઇફ ટાઇમ એચિવમેન્ટ ઍવોર્ડ એનાયત કરવાની જાહેરાત તાજેતરમાં થઈ છે. તે પૈકી લોસ એન્જલસમાં રહેતા ડૉ. મણિભાઈ મહેતાએ ગુજરાત અને તેમાં પણ કચ્છ જિલ્લા માટે ખૂબ કામ કર્યું છે. અમદાવાદ ખાતે કાર્યરત ગુજરાત વિશ્વકોશ સંસ્થામાં આ પ્રતિષ્ઠિત ઍવોર્ડ ત્રણે મહાનુભાવોને આપવાનું જાહેર થયું છે. લાઇફ ટાઇમ ઍચિવમેન્ટ ઍવોર્ડ બ્રિટનમાં સામાજિક ક્ષેત્રે ઉમદા કામગીરી કરનાર વિનોદ કપાસી, લોસ એન્જલસ સ્થિત ડૉ. મણિભાઈ મહેતા અને જૈન સેન્ટર ઓફ અમેરિકા દ્વારા જૈન રત્નનો ઍવોર્ડ પ્રાપ્ત કરનાર નરેશ શાહનો સમાવેશ થાય છે. ઍવોર્ડ વિજેતા ત્રણે મહાનુભાવોનો વિવિધ ક્ષેત્રના સામાજિક કાર્યો સાથે સંબંધ રહ્યો છે.

## શૂન્યમાંથી સર્જન કરનાર NRI ગુજરાતી દંપતીએ અક્ષયપાત્ર સંસ્થાને કરોડોનું દાન કર્યું

ગુજરાતીઓ દુનિયાના દરેક ખૂણે વસેલા છે એ તો આપણે સૌ જાણીએ જ છીએ. પરંતુ તેઓ ત્યાં જઇને એકડે એકથી બિઝનેસની શરૂઆત કરીને નામના મેળવે છે. પારકા દેશમાં જઇને બિઝનેસમાં કાઠું કાઢવું એટલું સહેલું નથી. કેપેબલ બની ગયા બાદ પોતાના દેશનું, સમાજનું ઋણ અદા કરવાનું ઘણાં ભૂલી જતા હોય છે. પરંતુ અમુક નાગરિકો એવા પણ છે, **જે ભલે વિદેશમાં રહેતા હોય પણ તેમનું દિલ હિન્દુસ્તાનમાં ધડકતું હોય છે. એમાં અમેરિકાના કેલિફોર્નિયા સ્થિત ઓરેન્જ સિટીમાં રહેતા મનુભાઈ** અને **રીકાબહેન શાહ**નો સમાવેશ કરી શકાય.

મૂળ મુંદ્રાના મનુભાઈ મિકેનિકલ એન્જિનિયરિંગમાં માસ્ટર કરવા યુ.એસ.એ. ગયા. અભ્યાસ બાદ ત્યાં જ સારી નોકરી મળી ગઈ અને ભારત આવી રીકાબહેન સાથે લગ્ન કર્યા. રીકાબહેન પણ તેમની સાથે યુ.એસ.એ.માં સેટલ થઈ ગયા. તેઓ ૪૭ વર્ષથી અમેરિકામાં જ રહે છે. રીકાબહેનનો ઉછેર મુંબઈમાં થયેલો. તેઓ સાયન્સના શિક્ષિકા હતા. પણ અમેરિકામાં જોબ, બાળકો અને ઘર – આ બધું મેનેજ ન થતાં ઘરેથી જ નેચરલ સ્ટોનનો બિઝનેસ શરૂ કર્યો. ધીમે ધીમે

એમને મોટા ઓર્ડર મળવા લાગ્યા. પરિણામે મનુભાઈએ જોબ છોડી દીધી અને તેઓ પણ પત્ની સાથે બિઝનેસમાં જોડાઈ ગયા. **આજે એમની એમ.એસ. ઇન્ટરનેશનલ યુ.એસ.એ.માં એક પ્રતિષ્ઠિત કંપની છે.** આ કંપની એક અબજ ડોલરથી પણ વધુનું વેચાણ ધરાવે છે. તેમના બંને દીકરા પણ એમની સાથે જોડાઈને બિઝનેસને પ્રગતિના પંથે લઈ જઈ રહ્યા છે.

સાત દાયકા વટાવી ચૂકેલા મનુભાઈ અને રીકાબહેન આજે પણ એટલા જ એક્ટિવ છે. તેઓ કહે છે, "સમાજે અમને ઘણું આપ્યું છે. આજે અમે બીજાને મદદ કરી શકીએ એ માટે ભગવાને અમને કેપેબલ બનાવ્યા છે. અમે મૂળ ભારતીય છીએ અને ભારતના લોકોને મદદની જરૂર છે. તેથી **અમે 'સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટ' બનાવ્યું છે. જે હેઠળ નોન પ્રોફિટેલ સંસ્થાને અમે મદદ કરીએ છીએ."**

શૂન્યમાંથી સર્જન કરનારા મનુભાઈ અને રીકાબહેન, કોઈ બાળક ભૂખ્યું ન સૂઈ જાય અને તેને પૂરતું ભોજન મળી રહે એ માટે કચ્છમાં અક્ષયપાત્રને કરોડોનું દાન કર્યું છે. **અક્ષયપાત્ર સંસ્થા માટે ભુજ (કચ્છ)માં પચાસ હજાર બાળકો એકસાથે બેસીને જમી શકે** એવું વિશાળ રસોડું માતા રંભાબહેન શાહ અને ચંદુબહેન પારેખના નામે બનાવડાવ્યું છે. જેનું ઉદ્‌ઘાટન ૧૯મી જાન્યુઆરીએ થયું છે. **ગરીબીની રેખા હેઠળ જીવતા બાળકો સારું શિક્ષણ મેળવી શકે તે માટે સ્કોલરશિપ પણ આપે છે.**

## IRCTCની સાઈટ પરથી હવે દર મહિને ૧૨ રેલવે ટિકિટ બુક કરી શકાશે

### પેસેન્જરે ટિકિટ બુકિંગ માટે આધારકાર્ડ લિંક કરાવવું પડશે

પેસેન્જરોને મુસાફરીમાં કોઈ સમસ્યા ન થાય અને તેઓ સરળતાથી રિઝર્વેશન ટિકિટ મેળવી શકે તે માટે ઇન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) દ્વારા તાજેતરમાં પેસેન્જરોને વધુ એક સુવિધા આપવામાં આવી છે. જેમાં હવે કોઈ પણ પેસેન્જર IRCTCની વેબસાઈટ પરથી મહિને ૧૨ ટિકિટ બુક કરી શકશે. જો કે તેના માટે પેસેન્જરે IRCTCની વેબસાઈટ સાથે પોતાનું આધાર કાર્ડ લિંક કરાવવું પડશે.

IRCTCના અધિકારીએ આપેલી માહિતી મુજબ અત્યાર સુધી IRCTCની વેબસાઈટ પરથી એક યુઝર (પેસેન્જર) એક મહિનામાં ફક્ત ૬ ટિકિટ બુક કરાવી શકતો હતો. નવા નિયમ મુજબ હવે પેસેન્જર ટ્રેન ઉપડવાની તારીખથી ૧૨૦ દિવસ પહેલા પોતાની ટિકિટ બુક કરાવી શકે છે. જો કે એક દિવસમાં યુઝર આઈડીથી સવારે ૮થી ૧૦ સુધીમાં બે જ ટિકિટ બુક કરાવી શકાશે.

અધિકારીના જણાવ્યા મુજબ IRCTCની વેબસાઈટ પરથી ટિકિટ મેળવવા માટે યુઝર એકાઉન્ટથી આધાર કાર્ડ લિંક કરવા માટે સૌથી પહેલાં માય પ્રોફાઈલ કેટેગરીમાં નીચે આપેલ આધાર કેવાયસી વિકલ્પ પર ક્લિક કરી પોતાનો આધાર નંબર લિંક કરવો પડશે. આધાર લિંક કરતા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર ઓટીપી આવશે. **આ ઓટીપી નાંખી પેસેન્જર દર મહિને ૧૨ ટિકિટની ખરીદી કરી શકશે.** એજ રીતે પેસેન્જર ઓટીપી મેળવી નેટ બેન્કિંગની સુવિધાનો પણ ઉપયોગ કરી શકશે. જ્યારે તત્કાલ ટ્રેન ટિકિટ ટ્રેન ઉપડવાના એક દિવસ પહેલા બુક કરી શકાશે. **જેમાં એ.સી. ટિકિટ બુક કરવા માટે સવારે ૧૦ વાગ્યાથી જ્યારે સ્લીપર ટિકિટ માટે સવારે ૧૧ વાગ્યાથી બુકિંગ કરી શકાશે.**

## કચ્છમાં ૩૪૦૦ કરોડના ખર્ચે એગ્રો, મેગા ફૂડ સિટી ડીપ-સી ફિશિંગ હબ

ગુજરાતમાં ગાંધીનગર ખાતે તા. ૧૮થી ૨૦ જાન્યુઆરી, ૨૦૧૯ દરમિયાન વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આયોજન થયું હતું. સમિટના પ્રથમ દિવસે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ વિવિધ દેશોના વડા અને પ્રતિનિધિ મંડળો સાથે વન-ટુ-વન બેઠકો યોજી હતી. તે સમયે પાંચ દેશોએ ગુજરાત સરકાર સાથે કુલ મળીને રૂા. ૧૦,૬૫૦ કરોડના કરારો કર્યા હતા. તેમાં કચ્છમાં રૂા. ૩૪૦૦ કરોડના ખર્ચે એગ્રોસ મેગા ફુડ સિટી ઉપરાંત ડીપ-સી ફિશીંગ અને લોજેસ્ટિક હબનું નિર્માણ કરવા નક્કી કરવામાં આવ્યું હતું.

*વિશ્વના જે પણ દેશો શોધ, સંશોધન, કલા, સંસ્કૃતિની રીતે મોખરે છે તેઓ જ વિકસિત મનાય છે. ભારતનું અર્થતંત્ર ભલે મજબૂત બનતું જાય પણ જ્યાં સુધી ભારત નોબેલ પ્રાઈઝ અને ઓલિમ્પિક ગોલ્ડ મેડલથી ઝોળી ભરતું નહીં થાય ત્યાં સુધી તે ત્રીજા વિશ્વના દેશ તરીકે જ વિશ્વની નજરે મૂલવાશે. અમેરિકા, રશિયા, બ્રિટન, ચીન, જર્મની, ફ્રાંસ, ઓસ્ટ્રેલિયા જેવા દેશો ત્યાંની પ્રજાના ખમીર, ગુણવત્તાસભર જીવન, શિક્ષણ - ટેકનોલોજી અને સ્પોર્ટસ કલ્ચરથી શક્તિશાળી મનાય છે.*

# પ્રતિભાવ

### 'કચ્છશ્રુતિ' માસ જાન્યુઆરી-૨૦૧૯

'કચ્છશ્રુતિ' માસ જાન્યુઆરી-૧૯ અંકની મુખપૃષ્ઠ તસવીરો આરંગેત્રમ નૃત્યની તથા બીજી બે તૈયાર થયેલા પેઈન્ટિંગ્સ નયનરમ્ય છે. 'ભૂકંપ પછીનું કચ્છનું અર્થકારણ' લેખ તથા તંત્રીશ્રીએ ગુજરાત રાજ્યની નર્મદા યોજનાના અંતિમ ચરણનું વિહંગાવલોકન લખેલ છે તેનાથી વધુ જાણવાનું મળ્યું.

કચ્છમાં પૃથ્વીનો યુગો જૂનો ઇતિહાસ ભૂંસાઈ રહ્યો છે. આ લેખમાં જણાવ્યા પ્રમાણે કચ્છમાં જીઓ પાર્કની માંગણી કરવામાં આવી છે. પરંતુ એનો સ્વીકાર ન થતાં કચ્છમાં થોડાં વર્ષોમાં પચાસ ટકાથી વધુ અવશેષો નામશેષ થઈ ગયા છે. કચ્છની ધરતીમાં અવશેષો ધરબાયેલા પડ્યા છે. માટે કચ્છમાં જીઓ પાર્ક બને એ જરૂરી છે. એની રજૂઆત સરકારશ્રી સમક્ષ કરવી પણ જરૂરી છે જેથી વિદ્યાર્થીઓ, સંશોધકો અહીં અભ્યાસ અને સંશોધન કરી શકે. બાકી બચેલા અવશેષો ભાવિ પેઢી માટે સાચવી શકાય. આ માટે કચ્છવાસીઓએ સત્વરે પ્રયત્નો કરવા અને જીઓ પાર્ક બને એ માટે માંગણી કરવી જરૂરી છે. આ લેખ ઘણો જ અગત્યનો છે. ઉક્ત લેખકોને ધન્યવાદ. બીજા અન્ય લેખો પણ વાંચવાલાયક - સમજવાલાયક છે. 'કચ્છશ્રુતિ' માસિક ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

★

### ભુજની લાલન કૉલેજના સંસ્મરણો...

'કચ્છશ્રુતિ'ના માધ્યમથી બધા સાથે સત્સંગ થતો રહે છે. તે વાંચવું ગમે છે. રસપ્રદ હોય છે. તેમાં જે લાલન કૉલેજનાં સંસ્મરણો વિવિધ લોકો લખે છે તે વાંચવાની વધારે મજા આવે છે. મોટાભાગના જે સમયનાં સ્મરણો લખે છે તે સમય દરમિયાન હું પણ હતો. જાન્યુઆરીના અંકમાં ત્યારના જે ફોટા આપ્યા છે તે બધાનો હું સાક્ષી છું. તેમાં શ્રોતા તરીકે હાજર પણ છું. શ્રી બલરાજ સહાનીના હસ્તાક્ષર લેવાની તક મળી હતી. એટલે તે બધા ફોટા જોતાં જ જૂના સ્મરણોથી આનંદ ઉપજે છે.

*હરેશ ધોળકિયા - ભુજ*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

## ...હશે

દર્દ હશે દવા હશે મરણ હશે સ્મરણ હશે,
ફૂલને વાગ્યા કાંટા એનું કયું કારણ હશે?
નક્કી મર્યાદાની લક્ષ્મણરેખા ઓળંગતી હસે,
એટલે "સોમૈયા" થતું "ગીતાનું" હરણ હશે.
(ગીતા = આજની છોકરીઓ)

*અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ*

## દેવેશી માતંગીનું સ્તુતિગાન

### આરાધના

જગત કલ્યાણી દેવેશી માતંગી! મોઢેશ્વરી! મોઢેરામાં બિરાજમાન
મોઢેરાની પાવન ભૂમિમાં માતંગી મોઢેશ્વરી માતાજીનું દૈવી સ્થાન
મોઢ બ્રાહ્મણ મોઢ મોદીઓ ને વણિકની જન્મભૂમિનું સ્થાન
મોઢ સમાજની કુળદેવી હોતાં તેનું પૂજન અર્ચન કરતાં ધરતા ધ્યાન (૧)

મહા સુદ તેરસના દિવસે મોઢેશ્વરી માતાનો પાટોત્સવ ઉજવાય
દેવેશી માતંગી મોઢેશ્વરીનું કેસર સ્નાનથી પૂજન અર્ચન થાય
મોઢેશ્વરી માતાનું ભાવથી દર્શન કરતાં મન આનંદમય બની જાય
મોઢ જ્ઞાતિનાં કુળદેવી હોતાં મોઢેશ્વરીનું મંદિર બન્યું તીર્થસ્થાન. (૨)

મોઢેરાના ધર્મા ધર્મારણ્ય ક્ષેત્રમાં કર્ણાટ દૈત્યનો ભારે ત્રાસ હતો
આવતી-જતી જાનોને લૂંટતો, નવવધૂને ઉપાડીને મારી નાખતો હતો.
દૈત્યના ત્રાસથી બચવા સમસ્ત મોઢ જ્ઞાતિએ ભાવથી માતાની સ્તુતિ કરી
માતાજીએ દૈત્યનો વધ કરતાં મોઢ સમાજે વિજયોત્સવ મનાવી ભક્તિનું પીધું અમીપાન (૩)

વિધર્મિઓએ મોઢેરા પર અતિ ભયંકર કર્યું આક્રમણ
મોઢ જ્ઞાતિના લડવૈયાઓએ મોઢેરાના કિલ્લા બંધ કરી કર્યું રક્ષણ
માતાજીની મૂર્તિને ખંડિત ન કરે તેથી વાવમાં સંતાડી કર્યું રક્ષણ
જે વાવ આજે 'ધર્મવાવ' તરીકે ઓળખાતાં મોઢેરામાં બન્યું પાવન સ્થાન (૪)

પાટોત્સવના દિવસે દેશ વિદેશથી માતાજીના ભક્તો અચૂક દર્શને આવે
માતાજીના સાનિધ્યમાં હોમાત્મક નવચંડી થતાં દર્શન કરતાં કૃતકૃત બની જાયે.
માતાજીને અન્નકુટ ફૂલોના હારથી શણગારી મનોકામનાનું માગતા વરદાન
નિજ મંદિરમાં દર્શનાર્થીઓ હૃદયભાવથી માતાજીનું ગાતા સ્તુતિગાન. (૫)

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

## ન્યારી ગિન (કચ્છી રચના)

કડેં ડિસાજે પ્યાર, મોભત અખિએમેં
કડેં જિગર ઇકરાર ડિસાજે અખિએંમેં

કડેંક ઝેર ડિસાજે તો અખિએંમેં
કડેંક વૃંધાવન ડિસાજે અખિએંમેં

કડેંક અનોખો રૂપ ડિસાજે અખિએંમેં
કડેંક લાગણી ડિસાજે અખિએંમેં

કડેંક મોભત ડિસાજે અખિએંમેં
ને 'દિલકશ' જિંધગી આધાર અખિએંમેં.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

# DEPARTURE TIME FROM BHUJ & GANDHIDHAM

| SR. | NAME | NO. | DAY | BHUJ | ANJAR | ADIPUR | G'DHAM | A'BAD | BARODA | BANDRA | DADAR | | VIA |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | KUTCH EXPRESS | 22956 | DAILY | 20.15 | 20.48 | 20.59 | 21.45 | 03.10 | 05.02 | 11.25 | — | | |
| 2. | SAYAJI NAGARI | 19116 | DAILY | 22.25 | 22.58 | 23.09 | 23.55 | 05.35 | 07.31 | 13.45 | – | | |
| 3. | AC EXPRESS | 22904 | MON/THU/SAT | 16.00 | | | 17.2 | 22.30 | 0.11 | 5.15 | | | |
| 4. | DADAR BHUJ | 12960 | MON/THU | 18.30 | | | 19.50 | 04.20 | 06.27 | | 12.00 | | PALANPUR |
| 5. | GANDHIDHAM | 22952 | THURSDAY | | | | 06.50 | 14.15 | 16.35 | 22.25 | | | MORBI/WANKANER |
| 6. | PURI | 22973 | WED | | | | 23.00 | 04.20 | 06.27 | | | PURI | JALGAON/WARDHA/NAGPUR/RAIPUR |
| 7. | ALA HAZRAT | 14312 | MON/TUE/THUR | 12.40 | 13.13 | 13.24 | 14.10 | 20.2 | | | | BARELY | ABU RD/AJMER/JAIPUR/DELHI |
| 8. | GANDHIDHAM EXP. | 16505 | TUESDAY | | | | 9.00 | 14.40 | 16.45 | | | BANGLUR | PUNE/SANGLI/HUBLI |
| 9. | SHM BHUJ | 22829 | TUESDAY | 14.20 | | 14.59 | 15.45 | 21.4 | 23.59 | | | SHALIMAR | RATLAM/UJJAIN/TATA NAGAR |
| 10. | PUNE BHUJ | 11091 | WEDNESDAY | 8.55 | 9.28 | 9.39 | 10.25 | 16.15 | 18.07 | | | PUNE | KALYAN/LONAVALA |
| 11. | PURI | 12993 | FRIDAY | | | | 22.45 | 04.20 | 06.27 | | | PURI | BHUSAVAL/NAGPUR/RAIPUR |
| 12. | GARBA EXP. | 12937 | SATURDAY | | | | 17.40 | 23.25 | 01.45 | | | HOWRAH | RATLAM/AGRA/KANPUR/ALLAHABAD |
| 13. | NAGARCOIL | 16335 | FRIDAY | | | | 07.20 | 13.00 | 15.05 | | | | NAGARCOIL PANVEL/RATNAGIRI |
| 14. | KHAMKHYA | 15667 | SATURDAY | | | | 13.40 | 21.40 | 23.59 | | | KHAMKHYA | WANKANER/RATLAM/KOTA/LUCKNOW |
| 15. | TINERVELI | 19424 | MON | | | | 13.50 | 19.25 | 21.14 | | | TINERVALI | PANVEL/RATNAGIRI/MUDGAON |
| 16. | VISHAKHAPATNAM | 18502 | SUNDAY | | | | 22.45 | 04.20 | 06.27 | | | VISHAKHAPATNAM | MALKAPUR/AKOLA/WARDHA |

# ARRIVAL TIME TO BHUJ & GANDHIDHAM

| SR. | NAME | NO. | DAY | DADAR | BANDRA | BARODA | A'BAD | G'DHAM | ADIPUR | ANJAR | BHUJ | | VIA |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | KUTCH EXPRESS | 22955 | DAILY | – | 17.45 | 23.57 | 02.05 | 07.03 | 07.38 | 07.50 | 08.50 | | |
| 2. | SAYAJI NAGARI | 19115 | DAILY | 15.00 | | 21.35 | 23.59 | 05.35 | 05.43 | 05.55 | 7.00 | | |
| 3. | AC EXPRESS | 22903 | WED/FRI/SUN | | 23.45 | 04.48 | 06.40 | 11.03 | | | 12.30 | | |
| 4. | DADAR BHUJ | 12959 | WED/SAT | 0.05 | | 06.01 | 08.15 | 15.25 | | | 17.50 | | PALANPUR |
| 5. | GANDHIDHAM | 22951 | THURSDAY | | 23.55 | 06.01 | 8.15 | 15.30 | | | | | WANKANER / MORBI |
| 6. | PURI | 22974 | MONDAY | | | 23.16 | 01.20 | 06.40 | | | | | RAIPUR/NAGPUR/WARDHA |
| 7. | ALA HAZRAT | 14311 | WED/FRI/SUN | | | | 06.45 | 12.25 | 12.35 | 12.47 | 14.00 | | DELHI/JAIPUR/AJMER/ABU RD. |
| 8. | GANDHIDHAM EXP. | 16506 | MONDAY | | | 05.03 | 07.05 | 12.30 | | | | | HUBLI/SANGLI/PUNE |
| 9. | SHM BHUJ | 22830 | MONDAY | | | 07.15 | 09.30 | 14.55 | 15.05 | 13.05 | 16.35 | | TATA NAGAR/UJJAIN/RATLAM |
| 10. | PUNE BHUJ | 11092 | TUESDAY | | | 05.45 | 08.05 | 13.30 | 13.38 | | 15.20 | | LONAVALA/KALYAN |
| 11. | PURI | 12995 | WEDNESDAY | | | 05.31 | 07.45 | 13.00 | | | | | RAIPUR/NAGPUR/BHUSAVAL |
| 12. | GARBA EXP. | 12938 | WEDNESDAY | | | 08.55 | 11.05 | 16.03 | | | | | ALLAHABAD/KANPUR/AGRA/RATLAM |
| 13. | NAGARCOIL | 16336 | THURSDAY | | | 05.14 | 07.25 | 13.00 | | | | | RATNAGIRI/PANVEL |
| 14. | KHAMKHYA | 15668 | FRIDAY | | | 16.00 | 18.02 | 02.40 | | | | | PATNA/LUCKNOW/KOTA/RATLAM |
| 15. | TINERVELI | 19423 | SATURDAY | | | 23.15 | 01.20 | 06.04 | | | | | MUDGAON/RATNAGIRI/PANVEL |
| 16. | VISHAKHAPATNAM | 18501 | SATURDAY | | | 01.33 | 03.04 | 09.30 | | | | | WARDHA/AKOLA/MALKAPUR |

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## ૨૬મી જાન્યુઆરી અને સરસ્વતી સન્માન કાર્યક્રમ ઉલ્લાસમય રીતે ઉજવાયો

### શ્રી હિમાંશુભાઈ ઠક્કરનું વિદ્યાર્થીઓ માટે રસપ્રદ અને મનનીય ઉદ્બોધન

### શનિવાર, તા. ૨૬-૦૧-૨૦૧૯

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૯ — ગણતંત્ર દિવસ તથા સરસ્વતી સન્માન કાર્યક્રમ તા. ૨૬-૧-૨૦૧૯ના રોજ પાલડીમાં મહેંદી નવાઝ જંગ હોલ ખાતે ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવાઈ ગયો.

ગણતંત્ર દિનના અવસરે રાષ્ટ્રીય ભાવનાની વિગત સાથે કાર્યક્રમની શરૂઆતમાં રાષ્ટ્રીય શહીદોને સલામી સાથે શબ્દાંજલિ અર્પિત કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં સમાજના પ્રમુખશ્રી અશોકભાઈ મહેતાએ સૌને આવકાર આપીને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પરિવારજનોનું ગઠબંધન અને સમાજના અસ્તિત્વ અંગે આરંભથી વિગત જણાવેલ હતી. લાંબા સમયના પ્રયાસો બાદ અમદાવાદમાં શ્રી કચ્છી સમાજની સ્થાપના થઈ. શરૂઆતમાં હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા) એ તેની બાગડોર સંભાળી હતી. વધુમાં તેમણે કહ્યું, યુગે-યુગે મહાન પુરુષો જન્મે છે પરંતુ જ્યારે તેઓ આ ફાની દુનિયાનો ત્યાગ કરે છે ત્યારે તેમની યાદ દરેકને ખૂબ સતાવતી હોય છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પાયાની ઈંટ સમાન સ્થાપક પ્રમુખ, સ્વપ્નદૃષ્ટા એવા શ્રી હીરજી પાસુભાઈ શાહ (દેઢિયા)નું તા. ૧૦-૧-૨૦૧૯ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થતાં સમગ્ર સમાજ પરિવારજનોએ એક તીવ્ર આઘાત અનુભવ્યો હતો. તેમને સમાજ વતી શબ્દાંજલિ અર્પિત કરતાં સમાજના પ્રમુખે કહ્યું, વ્યક્તિ પૃથ્વી પર જન્મ લે છે ત્યારે કેટલાક લક્ષણો તેની પાસે હોય છે. આ લક્ષણો સમાજસેવામાં પલટાવીને તેઓ અમર થઈ જાય છે. ત્યારબાદ સભાગૃહમાં સર્વે પરિવારજનોએ ઊભા થઈ, મૌન પાળીને સદ્ગતશ્રીને ભાવાંજલિ અર્પિત કરી હતી.

ત્યારબાદ સમાજના પ્રમુખે કાર્યક્રમના સૌજન્યદાતાશ્રીઓ તથા ઉપસ્થિત ઘટક સમાજોના હોદ્દેદારશ્રીઓનો ઉલ્લેખ કરીને આવકાર સાથે આભાર વ્યક્ત કર્યો હતો. આ તબક્કે તેમણે સમાજની દત્તક યોજના હેઠળ ધોરણ ૧૦, ૧૧ તથા ૧૨માં ધોરણના છાત્રોને પ્રાપ્ત થતી આર્થિક સહાય અને પરિવાર માટે મા-અમૃતમ કાર્ડ યોજનાનો ખાસ ઉલ્લેખ કરીને તે અંગેની માહિતી આપી હતી.

કાર્યક્રમના અતિથિ વિશેષશ્રીઓ, સૌજન્ય દાતાશ્રીઓ જયંતિભાઈ પરબતભાઈ પટેલ, પ્રફુલ્લભાઈ ટાંક, વિમળાબેન શાહ, તરુબેન શાહ, માતુશ્રી ઝવેરબેન રંગવાલા વતી ઘનશ્યામભાઈ ઠક્કર વગેરે સમાજના પ્રમુખ અશોકભાઈ મહેતા, મંત્રી હિમાંશુભાઈ ઠક્કર સાથે મંચસ્થ બિરાજમાન હતા. તેઓશ્રીઓનું ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ શ્રી હિમાંશુભાઈ ઠક્કર દ્વારા કેરિયર કાઉન્સિલિંગના વિષયે છાત્રો માટે ખૂબ જ પ્રેરણાદાયી ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. તેમનું રસપ્રદ વક્તવ્ય સભાગૃહમાં ઉપસ્થિત સર્વેએ એકાગ્રતાપૂર્વક સાંભળ્યું હતું. તેમણે પોતાની રજૂઆતમાં ભારપૂર્વક જણાવ્યું કે, હર પળે જે કોઈ કાંઈપણ શીખે તેનો સમાવેશ વિદ્યાર્થીની વ્યાખ્યામાં થાય છે. શાળા - કૉલેજ તો પરંપરા છે, હકીકતમાં સાચું અને જરૂરી જ્ઞાન બહારથી મળે છે. આપણી ઉચ્ચ પ્રણાલિકાવાળી સામાજિક સંસ્થાઓ જ જ્ઞાતિજનને સાચા નાગરિક બનાવે છે. તેમણે વ્યથિત સ્વરે જણાવ્યું કે આજે દેશમાં શાળા - કૉલેજો કરતા મંદિરો વધારે છે. ઉદાહરણ માટે તેમણે કહ્યું કે, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ જેવી સંસ્થાઓ સાચા મંદિર સમાન છે. કાંઈ સહાય અથવા આર્થિક મદદ કરવી હોય તો આ પ્રકારની સાચી સંસ્થાઓને જ કરવી જોઈએ. મોબાઈલ, ફેસબુક વગેરે આધુનિક વાઈરસ છે. યુવાવર્ગ તેનાથી સાવચેત રહે, સંયમપૂર્વક તેનો ઉપયોગ કરે. કામની, જરૂરી વિગત - માહિતીનો જ મગજમાં સંગ્રહ કરશો. તેના કારણે જીવનમાં સાચા રસ્તે પ્રગતિ થશે. મહાન વિભૂતિઓના પુસ્તકો, મેગેઝિન વગેરેનું નિયમિત વાંચન ચાલુ રાખશો. આ દરેક કાર્યવાહી આપણાં વ્યક્તિત્વને ખાસ ઉઠાવ આપે છે, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. તેમના પ્રવચનને સભાગૃહમાં સૌએ તાળીઓના ગડગડાટથી વધાવીને તેમની પ્રશંસા કરી હતી.

શ્રી હિમાંશુભાઈ ઠક્કરના ઉદ્‌બોધન બાદ અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓનું તથા ઉચ્ચ પ્રતિભા હાંસલ કરનાર સર્વેનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. જેની વિગત આ અહેવાલ સાથે અન્યત્ર આપી છે.

કાર્યક્રમને અનુરૂપ અતિથિ વિશેષ શ્રી જયંતિભાઈ પટેલે પોતાના ટૂંક પ્રવચનમાં જણાવ્યું હતું કે, જે છાત્રોનું સન્માન સમાજ દ્વારા થાય છે, તેમાં સન્માનની અગત્યતા છે, નહીં કે કોઈ ચીજવસ્તુની. છાત્રોએ પોતાની કારકિર્દી માટે કોઈ નિશ્ચિત ઉદ્દેશ - ગોલ નક્કી કરવા તથા પોતાનો હોંસલો બુલંદ રાખવા તેમણે ખાસ જણાવ્યું હતું. બીજા અતિથિ વિશેષ શ્રી પ્રફુલ્લભાઈ ટાંકે પોતાના પ્રવચનમાં કહ્યું કે, આજના છાત્રો, રાષ્ટ્રના ભવિષ્ય સમાન છે. એટલે દરેક વિદ્યાર્થીઓએ પોતાની સફળતા માટે સતત મહેનત અને પ્રયાસો કરવા જોઈએ. શિક્ષણ ક્ષેત્રે ટકાવારી અગત્યની નથી પરંતુ તેની સાથે સાથે સામાજિક ઘડતરના મૂલ્યો કેળવવા જોઈએ.

સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રીમતી અલ્પાબેન શાહે કર્યું હતું.

કાર્યક્રમમાં અંતે સૌએ પોતાના સ્થાને ઊભા થઈને રાષ્ટ્રગીત ગાઈને રાષ્ટ્ર પ્રેમની લાગણી વ્યક્ત કરી હતી.

ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન કેટલાક સમાજ પરિવારજનો તરફથી સમાજને આર્થિક સ્વરૂપે ડોનેશન જાહેર થયેલ. જેની વિગત આ અંકમાં અન્યત્ર આપી છે.

સમગ્ર કાર્યક્રમની સુંદર વ્યવસ્થા તેમજ આયોજન સરસ્વતી સન્માન સમિતિ તથા તેમના સભ્યો પૈકી શ્રી દીપકભાઈ ચૌહાણ, શ્રી સંજયભાઈ રાઠોડ તથા તેમની ટીમે સુંદર રીતે કર્યું હતું. કાર્યક્રમમાં મંચ વ્યવસ્થાની સંપૂર્ણ જવાબદારી પણ તેમની ટીમે અદા કરી હતી. જ્યારે અલ્પાહારની સુંદર વ્યવસ્થા શ્રી મનુભાઈ કોટડિયાએ સંભાળી હતી.

કાર્યક્રમના અંતે સૌએ સમૂહમાં અલ્પાહારનો લાભ લીધો હતો.

***કન્વીનર, સરસ્વતી સન્માન સમિતિ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

***સહયોગ : દિનેશ આર. મહેતા***

## અવસાન નોંધ

- **ગુરુવાર, તા. ૨૭-૧૨-૨૦૧૮**
  **રતિલાલ રવજીભાઈ ટાંક (ઉં.વ. ૮૦) (અમદાવાદ)**
- **ગુરુવાર, તા. ૧૦-૧-૨૦૧૯**
  **શ્રી હીરજી પાસુ શાહ (દેઢિયા) (ઉં.વ. ૮૯)**
  **(શેરડી - અમદાવાદ)**
- **બુધવાર, તા. ૨૩-૧-૨૦૧૯**
  **ભીમજીભાઈ પ્રેમજીભાઈ મિસ્ત્રી (ચૌહાણ) (ઉં.વ. ૮૨)**
  **(કચ્છ દેવળિયા - અમદાવાદ)**
- **મંગળવાર, તા. ૫-૨-૨૦૧૯**
  **કરમશીભાઈ હરિલાલ રાઠોડ (ઉં.વ. ૬૮)**
  **(નાગલપર - અમદાવાદ)**

*પ્રભુ સદ્‌ગતશ્રીઓના આત્માને શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.*

## પ્રભુતામાં પગલા

- **રવિવાર, તા. ૨૭-૧-૨૦૧૯**
  **ઉર્વિ**
  શ્રીમતી પ્રવીણા પ્રકાશભાઈ મહેતા (ભુજપુર હાલે અમદાવાદ)
  *સંગ*
  **કુશાંગ**
  શ્રીમતી રેણુકાબેન જશુભાઈ પટેલ (કણભા હાલે અમદાવાદ)
- **ગુરુવાર, તા. ૩૧-૧-૨૦૧૯**
  **સલોની**
  શ્રીમતી જયશ્રી નવીન લાલકા (બાંઢિયા હાલે અમદાવાદ)
  *સંગ*
  **મીત**
  શ્રીમતી સરોજબેન પ્રદીપ મેપાણી (પરજાઉ હાલે અમદાવાદ)

**અભિનંદન**

**ધૈરવ ભરત ઓઝા (ભુજ, અમદાવાદ)**નું સિલેક્શન ગુજરાત યુનિવર્સિટીની ક્રિકેટ ટીમમાં ફાઈનલ ઈલેવનમાં થયેલ છે. ચિ. ધૈરવે નવસારી ખાતે ડિસેમ્બર-૨૦૧૮માં રમાયેલ વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી મેન ટુર્નામેન્ટ (૨૦૧૮-૧૯)માં ગુજરાત યુનિવર્સિટી વતી રમીને ઉત્કૃષ્ટ દેખાવ સાથે સદી ફટકારેલ હતી.

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## સરસ્વતી સન્માન કાર્યક્રમ : તા. ૨૬-૧-૨૦૧૯

*મહેંદી નવાઝ જંગ હોલ, પાલડી, અમદાવાદ ખાતે શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯ના રોજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા સરસ્વતી સન્માનનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ હતો કે જે સમયે મંચ પરની લાગણીસભર અપીલનો પડઘો પાડી, અનેક દાતાશ્રીઓએ પોતાના ડોનેશન્સ જાહેર કરેલ હતા. જેની વિગતવાર માહિતી નીચે મુજબ રહેવા પામેલ છે.*

### • જાહેર થયેલ ડોનેશન્સની વિગત •

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ધવલભાઈ આચાર્ય (રોયલ ગ્રુપ) | રૂા. ૧૫,૦૦૦/- |
| ૨. | શ્રી જયંતીભાઈ પરબતભાઈ પટેલ | રૂા. ૧૧,૦૦૦/- |
| ૩. | શ્રી પ્રફુલચંદ્ર કર્મસિંહ ટાક | રૂા. ૧૧,૦૦૦/- |
| ૪. | માતુશ્રી જયાબેન હીરજી પાસુ પરિવાર | રૂા. ૧૧,૦૦૦/- |
| ૫. | શ્રી અલ્પેશભાઈ નારાયણભાઈ પટેલ (Elcanor Industries LLP) | રૂા. ૫,૧૦૦/- |
| ૬. | માતુશ્રી જુગતાબેન વસંતરાય ઓઝા | રૂા. ૫,૧૦૦/- |
| ૭. | શ્રીમતી કમલબેન શાંતિલાલ શાહ | રૂા. ૫,૦૦૦/- |
| ૮. | શ્રીમતી તરુબેન નરેન્દ્રભાઈ શાહ | રૂા. ૫,૦૦૦/- |
| ૯. | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ | રૂા. ૫,૦૦૦/- |
| ૧૦. | શ્રી ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર | રૂા. ૫,૦૦૦/- |
| ૧૧. | શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર | રૂા. ૫,૦૦૦/- |
| ૧૨. | શ્રી મહેન્દ્રભાઈ મોતીલાલ વસા | રૂા. ૨,૫૦૦/- |
| ૧૩. | શ્રી અરવિંદભાઈ હેમચંદભાઈ સંઘવી | રૂા. ૧,૦૦૦/- |
| ૧૪. | એક સદ્‌ગૃહસ્થ તરફથી | રૂા. ૫૦૦/- |
| ૧૫. | કુ. ઉર્વિ હરીશ્ચંદ્રભાઈ બુધ્ધભટ્ટી | રૂા. ૨૫૦/- |

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદ ઉપરોક્ત દરેક દાતાશ્રીનો આભાર માને છે.*

**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

### શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

| | |
|---|---|
| નામ / Name | : શ્રી કચ્છી સમાજ – અમદાવાદ / Shri Kutchhi Samaj – Ahmedabad. |
| બેંક | : ધ ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેન્ક લિ., વ્યાપાર ભવન, મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૬. |
| Bank | : The Bhuj Mercantile Co-operative Bank Ltd. |
| A/C No. : | : 463009205080402 • IFS Code : HDFCOCBMCBJ |

સમાજ કાર્યાલય વોટ્સઅપ નંબર : ૯૬૦૧૨ ૭૫૦૭૮

# આધારસ્થંભોની અભિવંદના

- **પ્રવેશિકા :**

શરૂઆતના સંક્રાંત સમયમાં જેમણે શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ધૂરા સતતપણે ૧૨ વર્ષ લગી સંભાળી (૧૯૮૩થી ૧૯૯૨ અને ૧૯૯૫થી ૧૯૯૭) એવા શ્રી હીરજી પાસુ શાહનું નિધન ગત તા. ૧૦-૦૧-૨૦૧૯ના રોજ થતાં સારાયે સમાજમાં ગ્લાનિનું મોજું ફરી વળ્યું. આ સમયે સમાજના કેટલાક શુભચિંતકોને વિચાર આવ્યો કે જેઓએ સતતપણે પોતાના સમયમાં આ સમાજની બાગડોર સંભાળેલ છે એવા અનેક ધૂરંધરોએ આ દુનિયામાંથી વિદાય લીધેલ છે અને અન્ય અનેક ધૂરંધરો જ્યારે આ સમાજની નાવ જાગૃતપણે સંભાળી રહેલ છે, ત્યારે એ દરેક સમાજ સેવકોની સમાજ પ્રત્યેની લાગણી અને સેવાનું દસ્તાવેજીકરણ કરી લેવા માટે આ યોગ્ય સમય છે અને તે દિશામાં આગળ વધવું જોઈએ.

એ વિચારસરણીના અનુસંધાને સમાજના આ મહામૂલા આધારસ્થંભોની અભિવંદના સ્વરૂપે આ લેખમાળા શરૂ કરવામાં આવેલ છે કે જેમાં પ્રથમ મણકાની શરૂઆત શ્રી હીરજી પાસુ શાહથી કરવામાં આવી રહેલ છે.

૧૯૪૭ની આઝાદી અગાઉ કચ્છઓના જૂજ પરિવારોનો વસવાટ અમદાવાદ ખાતે રહેવા પામેલ હતો. આ પરિવારોમાં જૈનો, પટેલો, લોહાણાઓ વગેરે જ્ઞાતિના જૂજ કુટુંબોનો સમાવેશ થતો હતો. આઝાદીના સમયે કેટલાક કચ્છી પરિવારો પાકિસ્તાનથી આવીને પણ અમદાવાદ ખાતે વસવાટ કરવા લાગ્યા હતા. પરંતુ આ બધા પરિવારોની સંખ્યા અલ્પ પ્રમાણમાં જ રહેવા પામેલ હતી. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના થતાં કેટલાક પરિવારો પોતાની સરકારી નોકરીના કારણે મુંબઈથી અમદાવાદ રહેવા આવેલ હતા. કચ્છ હવે ગુજરાત રાજ્ય સાથે જોડાયેલ હોવાથી ધીરે ધીરે અનેક પરિવારો પોતાના ધંધાકીય કારણોસર પોતાનો વસવાટ અમદાવાદ ખાતે સ્વીકારતા થયા હતા.

અમદાવાદ ખાતે કચ્છીઓના સંગઠનની અવિધિસરની શરૂઆત સન ૧૯૫૬થી થવા પામેલ હતી. એ સમયે મુંબઈમાં થયેલ ભાષાકીય તોફાનોને લીધે અનેક કચ્છીઓને પહેરેલે કપડે મુંબઈ છોડવાનો વખત આવેલ હતો. કચ્છ તરફ જતાં, નિર્વાસિત જેવી હાલતમાં આ કચ્છી પરિવારો અમદાવાદના રેલવે સ્ટેશન પર પહોંચ્યા ત્યારે અમદાવાદમાં વસવાટ કરતા કેટલાક અગ્રીમ કચ્છીઓ સ્વ. શ્રી લાભશંકર દેવશંકર ઓઝાની રાહબરી હેઠળ તેઓને વિવિધરૂપે સહાયરૂપ થવા પ્રયત્ન કરતા હતા. આ કચ્છી અગ્રીમોમાં મુખ્યત્વે સ્વ. શ્રી મણિલાલ પ્રેમચંદ વસા, સ્વ. શ્રી ભવાનજી હાથીભાઈ શેઠ, સ્વ. શ્રી મોતીલાલ ભગવાનજી શાહ, સ્વ. શ્રી દેવશી રામજી પટેલ, સ્વ. શ્રી હરભમભાઈ વાલજી કોન્ટ્રાક્ટર, સ્વ. શ્રી કાનજીભાઈ ટેલર વગેરે મુખ્યત્વે હતા. એ સમયે આ પ્રકારની મદદ અનેક દિવસો સુધી ચાલુ રાખવામાં આવેલ હતી. આ સમયે અમદાવાદ સ્થિત કચ્છી પરિવારો એકબીજાની ખૂબ જ નજીક આવવા લાગેલ હતા.

ત્યારબાદ આ અમદાવાદ સ્થિત કચ્છી અગ્રીમોને એક વ્યવસ્થિત સંગઠન ઊભું કરવાની પ્રેરણા જાગી. એ સમયે સ્વ. દુલેરાય કારાણીના અગ્રસ્થાને કચ્છી પરિવારોની સભા મળી અને "શ્રી કચ્છી મિત્ર મંડળ" નામની સંસ્થાની રચના કરવામાં આવી. આ સંસ્થામાં ત્યારબાદ સ્વ. શ્રી જગજીવનરામ લીલાધર ઠક્કર અને સ્વ. શ્રી કૃષ્ણલાલ નૌતમલાલ માંકડ પણ જોડાયા. આ સંસ્થા પ્રસંગોપાત મિલન - મેળાવડા યોજતી અને કેટલીક સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરતી હતી. સમય જતાં એ સંસ્થા ધીમે ધીમે મંદ પડવા લાગી.

દરમિયાન, વડીલ એવા સ્વ. શ્રી નવીનભાઈ શાસ્ત્રીના પ્રયત્નોથી સન ૧૯૬૬માં "શ્રી કચ્છી સમાજ" નામની સંસ્થા રચાઈ. એ સમયે વિવિધ જ્ઞાતિ પરિવારોનો વસવાટ અમદાવાદ ખાતે વધવા લાગ્યો. તેથી વિવિધ જ્ઞાતિઓની સંસ્થાઓ પણ ઊભી થવા લાગી હતી. સન ૧૯૭૬માં "બૃહદ્ કચ્છી સમાજ" નામની સંસ્થાની રચના કરવામાં આવી. પરંતુ આ સંસ્થા પણ અલ્પજીવી નીવડી. સમગ્ર કચ્છીઓને કચ્છી તરીકે જાગૃત કરી એક મજબૂત સંગઠનમાં પલટી શકે તેવી શક્તિશાળી સંસ્થા લાંબાગાળા સુધી રચી શકાઈ ન હતી. દરમિયાનમાં અમદાવાદ ખાતે કચ્છી પરિવારોની સંખ્યા ઉત્તરોત્તર વધવા લાગી હતી.

અમદાવાદમાં વસવાટ કરતા વિવિધ કચ્છી જ્ઞાતિઓના આગેવાનોને એક મજબૂત કચ્છી સંગઠનની ઉણપ સાલતી હતી. અંતે સને ૧૯૭૯માં સ્વ. શ્રી જગજીવન લીલાધર ઠક્કરના પ્રમુખપદે અને સ્વ. શ્રી હીરજી પાસુ શાહ, સ્વ. શ્રી જેઠાલાલ

*પુંજાભાઈ પટેલ, શ્રી નાનાલાલ દેવરામ ચૌહાણ, શ્રી કાંતિલાલ ગોવિંદલાલ શાહ, શ્રી ઘનશ્યામ પ્રેમજી ઠક્કર, શ્રી બાલમોહન કારાણી, શ્રી અવિનાશ કૃષ્ણલાલ માંકડ તેમજ અન્ય અનેક કચ્છી આગેવાનોના પ્રયત્નથી હાલનું "શ્રી કચ્છી સમાજ - અમદાવાદ" વ્યવસ્થિતરૂપે અસ્તિત્વમાં આવ્યું અને સમયે સમયે સક્ષમ આગેવાનોની રાહબરી હેઠળ તે એક જીવંત સંસ્થા બની રહી.*


*ઉપરોક્ત બધા જ સ્વર્ગીય તથા હયાત આગેવાનો અને ત્યારબાદના સમયથી આજ સુધીના આગેવાનોની જીવન ઝરમર અને તેઓએ કરેલ સેવાકીય કાર્યોની નોંધ હવે પછીના "કચ્છશ્રુતિ"ના અંકોમાં પ્રકાશિત કરવાની વિચારણા કરવામાં આવેલ છે અને તેના ફળ સ્વરૂપે આ અંકથી પ્રથમ મણકાની શરૂઆત સ્વ. શ્રી હીરજી પાસુ શાહથી કરવામાં આવે છે.*

*આશા રાખવામાં આવે છે કે 'કચ્છશ્રુતિ'નો વાચક વર્ગ આ લેખમાળાને પોતાની અનુમોદના આપશે.*

*– તંત્રી મંડળ*

# આધારસ્થંભોની અભિવંદના : મણકો-૧

## સ્વ. શ્રી હીરજી પાસુ શાહ (દેઢિયા)



*• જન્મ •*
*તા. ૧૨-૧૧-૧૯૩૦*

*• અવસાન •*
*તા. ૧૦-૧-૨૦૧૯*

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આદ્ય પ્રમુખ શ્રી હીરજી પાસુ શાહનું ૮૯ વર્ષની જૈફ વયે ગુરુવાર, તા. ૧૦-૧-૨૦૧૯ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયું. રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૯ના રોજ અન્ય સંસ્થાઓની સાથે, શ્રી કચ્છી સમાજ - અમદાવાદે પણ તેઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરેલ હતી. ત્યારબાદ ફરી શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯ના રોજ સમાજ તરફથી યોજવામાં આવેલ સરસ્વતી સન્માન કાર્યક્રમની શરૂઆતમાં જ ઉપસ્થિત સમાજસમૂહે બે મિનિટ મૌન પાળી, તેમને શ્રધ્ધાંજલિ સ્વરૂપે યાદ કરેલ હતા.

અમદાવાદ સ્થિત દરેક કચ્છીની ચાહના મેળવેલ શ્રી હીરજી પાસુ શાહ (દેઢિયા), શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વર્ષ ૧૯૮૨થી ૧૯૯૨ એટલે કે સતત ૧૧ વર્ષ સુધી અને ત્યારબાદ બીજા સ્પેલમાં વર્ષ ૧૯૯૫થી વર્ષ ૧૯૯૭ – એમ બે વર્ષ સુધી પ્રમુખપદે રહી આ સમાજની ધૂરા સંભાળેલ હતી. હાલના શ્રી કચ્છી સમાજ - અમદાવાદની સ્થાપના વર્ષ ૧૯૭૯માં કરવામાં આવી. એ વખતના સ્થાપક પ્રમુખ શ્રી જગજીવનભાઈ લીલાધર વાઘજી ઠક્કરનું વર્ષ ૧૯૮૧માં એટલે કે સંસ્થાની સ્થાપનાના બે વર્ષ બાદ અવસાન થતા આ સમાજની ધૂરા સતતપણે શ્રી હીરજીભાઈએ સંભાળી અને સમાજને તેના સંક્રાંતિકાળમાંથી બહાર લાવવા તેમની કુનેહ, દીર્ઘદૃષ્ટિ તથા બધા સાથે હળીમળીને કાર્યને આગળ ધપાવવાની તેમની ધગશ ખૂબ જ કામે લાગી ગયેલ હતી. આ સમાજ આજે જે પરિસ્થિતિએ પહોંચેલ છે તેના પાયામાં અનેક મહાનુભાવોની સાથે સાથે શ્રી હીરજીભાઈ પણ આ સમાજના આધારસ્થંભ બની રહ્યા.

દર વર્ષે અષાઢી બીજે - કચ્છી નૂતન વર્ષે - સ્નેહમિલન યોજવાની પ્રથા એ સમયે શરૂ કરવામાં આવેલ હતી કે જે જૂજ અપવાદોને બાદ કરતા આજ દિવસ લગી અવિરતપણે ચાલુ રાખવામાં આવેલ છે. તેમના સમય દરમિયાન સંસ્થાનું મુખપત્ર 'કચ્છશ્રુતિ' શરૂ કરવામાં આવેલ હતું. શ્રી કચ્છી મહિલા સમાજની રચના પણ કરવામાં આવેલ હતી. તેમના સમયગાળા

દરમિયાન કરવામાં આવેલ મુખ્ય મુખ્ય કાર્યવાહીની નોંધ નીચે મુજબ લઈ શકાય.

★ તા. ૨-૧૦-૧૯૮૪ : મુંબઈથી કચ્છ સુધી સળંગ ટ્રેન 'કચ્છ એક્સપ્રેસ' શરૂ થતાં અમદાવાદ સ્ટેશને ઢોલ નગારા સહિત અને મોટી જનમેદનીની ઉપસ્થિતિમાં આ ટ્રેનનું સ્વાગત કરવામાં આવેલ.

★ તા. ૧૫-૮-૧૯૮૭ : શ્રી કચ્છી સમાજ – અમદાવાદના મુખપત્ર 'કચ્છશ્રુતિ'નું (શરૂઆતમાં 'કચ્છ ધ્વનિ' સ્વરૂપે) વિમોચન.

★ તા. ૧૫-૩-૧૯૮૮ : ટાઉન હોલ ખાતે 'મહારથી' નાટકનો શો યોજી ફંડ રેઈઝિંગ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂરો કરવામાં આવ્યો.

★ તા. ૫-૩-૧૯૮૯ : દુલેરાય કારાણીના અવસાન નિમિત્તે શોકસભા યોજી તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી.

★ તા. ૩૦-૪-૧૯૯૦ : નવ નિર્વાચિત કચ્છી ધારાસભ્યશ્રીઓનું બહુમાન કરવામાં આવ્યું.

★ તા. ૧૫-૭-૧૯૯૦ : કચ્છને નર્મદા નદીના પાણી યોગ્ય માત્રામાં અને યોગ્ય પદ્ધતિથી ફાળવવા માટે નારાયણ સરોવરથી નર્મદા ડૅમ સુધીની સાઇકલ રેલીનું અમદાવાદ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

★ તા. ૨૦-૧૦-૧૯૯૧ : અમદાવાદ સ્થિત કચ્છી પરિવારોની ટેલિફોન ડિરેક્ટરીનું વિમોચન કરવામાં આવ્યું.

★ તા. ૫-૭-૧૯૯૨ : ગુજરાત સરકારમાં મંત્રીપદે બિરાજમાન કચ્છી ધારાસભ્યો અને કચ્છી સાંસદશ્રીનું બહુમાન કરવામાં આવ્યું.

★ વર્ષ ૧૯૯૨થી : વિવિધ હરીફાઈઓના ૧૦ વર્ષના દાતાશ્રીઓ નક્કી કરી વિવિધ હરીફાઈઓ યોજવાની શરૂઆત કરવામાં આવી.

★ તા. ૧-૬-૧૯૯૫ : કચ્છના પ્રશ્ને અમદાવાદ ખાતે એક સેમિનારનું આયોજન ગોઠવવામાં આવ્યું.

★ તા. ૨૯-૧૦-૧૯૯૫ : ગુજરાત રાજ્યના પ્રથમ કચ્છી મુખ્યમંત્રી બનેલા શ્રી સુરેશચંદ્ર મહેતાના બહુમાનનો સમારંભ ગોઠવવામાં આવ્યો.

આ રીતે આપણે નોંધ લઈએ તો વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન તેમના સમયગાળા દરમિયાન ગોઠવવામાં આવેલ હતું. તેમની દીર્ઘદૃષ્ટિના કારણે દરેક કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ હતા. તે ઉપરાંત સારાયે સમાજમાં ભાઈચારો ફેલાય, સમાજ સંગઠિત બની રહે તે માટે તેઓએ અનેક ઘેર ફરી, ભાઈચારો વધારવામાં પોતાની કુનેહના દર્શન કરાવ્યા હતા અને તેના પરિણામ સ્વરૂપે આજે અમદાવાદ ખાતે શ્રી કચ્છી સમાજ સંપૂર્ણપણે સ્થિર થવા પામેલ છે.

શ્રી હીરજીભાઈને 'કચ્છ શક્તિ' - મુંબઈએ સન ૧૯૯૭માં "કચ્છ રત્ન" ઍવોર્ડથી નવાજેલ હતા. તેઓએ શ્રી કચ્છી જૈન સમાજ (ત્યારબાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ) - અમદાવાદના પ્રમુખપદે ૧૨ વર્ષ લગી રહી સેવા આપેલ હતી. અમદાવાદ મોટર ટ્રાન્સપોર્ટ એસોસિએશનની એક્ઝીક્યુટીવ કમિટીમાં સતત ૨૫ વર્ષથી પણ વધુ સમય સુધી મેમ્બર તરીકે રહ્યા હતા. તેઓશ્રી લાયન્સ ક્લબ ઑફ નરોડાના પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળી ચૂકેલ હતા. લાયન્સ ક્લબ ઑફ નરોડા ચેરિટેબલ ટ્રસ્ટના કાયમી ટ્રસ્ટી તરીકે તેઓશ્રી નિમાયેલ હતા. ગુજરાત રાજ્ય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડના ડાયરેક્ટરપદે રહી ચૂકેલ હતા. તેઓશ્રી અહિંસા મહાસંઘ અને ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખપદે પણ બિરાજમાન હતા.

શ્રી હીરજી પાસુ શાહનો જન્મ માંડવી તાલુકાના શેરડી ગામે તા. ૧૨-૧૧-૧૯૩૦ના શ્રી પાસુ ખેતશી દેઢિયાને ત્યાં માતુશ્રી મેઘબાઈની કૂખે થયેલ હતો. તેઓશ્રી શેરડીના, તેમનું મોસાળ પણ શેરડીમાં અને તેમના સસરાનું ગામ પણ શેરડી. પરિણામ સ્વરૂપે આ શેરડીના સાંઠામાં એટલી બધી મીઠાશ આવી ગયેલ કે તે મીઠાશનો સ્વાદ, તેઓ જેમના સંસર્ગમાં આવ્યા તે દરેકને મળી ચૂકેલ હતો. પ્રાથમિક અભ્યાસ વતનમાં કર્યા બાદ મુંબઈમાં રહીને મેટ્રિક પાસ કરી અને ધારવાડ (કર્ણાટક યુનિવર્સિટી)માં રહીને એગ્રીકલ્ચરલ - ખેતી વિજ્ઞાનના સ્નાતક બન્યા. જે જમાનામાં પરંપરાગત ખેડૂતોને ખબરેય નહોતી કે 'ખેતી'ની પણ કોઈ વિશેષ વિજ્ઞાન શાખા હોય ત્યારે ડૉક્ટર, વકીલ કે ઇજનેરી શાખાનો વિદ્યાભ્યાસ કરવાને બદલે તેઓ કૃષિ વિજ્ઞાન સ્નાતક થયા અને પાંચ વર્ષ સુધી ખેતી પણ કરી.

શેરડી ગામના જયાબેન કાળુભાઈ નેણશી સાથે ૧૯૪૮માં તેમણે ઘરસંસાર માંડેલ હતો. એક પુત્ર અને એક પુત્રીનો કિલ્લોલ કરતો વિશાળ પરિવાર મુંબઈ / અમદાવાદમાં સ્થાયી થયેલ છે.

આર્થિક ઉપાર્જનની પ્રક્રિયા તેમણે ૧૯૫૩થી શરૂ કરેલ હતી. શરૂઆતમાં નોકરી અને ત્યારબાદ વિવિધ ક્ષેત્રના વ્યવસાયો તેઓશ્રીએ સાંગલી, બેંગ્લોર, મદુરાઈ, મુંબઈ વગેરે વિવિધ શહેરોમાં કરેલ હતા. છેવટે ૧૯૬૬માં ટ્રાન્સપોર્ટના વ્યવસાયને કેરિયર તરીકે સ્વીકારી તેઓશ્રી અમદાવાદ આવ્યા અને ૧૯૭૪થી 'શાહ રોડલાઇન્સ'ની શરૂઆત કરેલ હતી.

તેઓશ્રી સામાજિક પ્રકૃતિના જીવ હોવાથી ૧૯૬૬માં અમદાવાદ આવતા જ સામાજિક કાર્યો કરવાનું શરૂ કરી દીધેલ હતું. શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન સમાજ, ત્યારબાદ શ્રી કચ્છી જૈન સમાજ અને ત્યારબાદ શ્રી કચ્છી સમાજ - અમદાવાદમાં પણ સક્રિય થઈ પ્રમુખ સુધીના હોદ્દા પર પહોંચ્યા હતા અને સેવા ભાવનાની અહલેક જગાવી, અનેક પ્રકારના સામાજિક કાર્યો ચાલુ રાખેલ હતા. તેઓશ્રીએ અમદાવાદ સ્થિત અન્ય અનેક સંસ્થાઓ સાથે જોડાઈ, ત્યાં પણ અનેકવિધ સેવાના કાર્યો ચાલુ રાખેલ હતા. જિંદગીની અંતિમ પળ સુધી તેઓશ્રી સેવાના કાર્યોમાં સક્રિય રહેલ હતા.

શ્રી હીરજીભાઈનું પારદર્શક વ્યક્તિત્વ, આર્ષદૃષ્ટિ અને સમાજસેવાની લગન વર્ષો સુધી લોકો યાદ કરતા રહેશે.

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## જાન્યુઆરી / ફેબ્રુઆરી - ૨૦૧૯

★ **મંગળવાર, તા. ૧-૧-૨૦૧૯**

- કચ્છશ્રુતિમાં પ્રસારિત કરવામાં આવતી વર્ષ ૨૦૧૮ની જાહેરાતોની અવધિ પૂરી થતાં, વર્ષ ૨૦૧૯ માટે જે મહાનુભાવોની જાહેરાત નક્કી કરવામાં આવેલ હતી તેઓને આભારના પત્રો મોકલવાના શરૂ કર્યા.

★ **બુધવાર, તા. ૨-૧-૨૦૧૯**

- ધનસુખલાલ વીરજી સંઘવી ચેરિટેબલ ટ્રસ્ટ - ઝરિયાનું ઉચ્ચ શિક્ષણ સરસ્વતી સન્માન સામે નિયત કરવામાં આવેલ ડોનેશનની વાર્ષિક રકમ આજરોજ પ્રાપ્ત થયેલ હતી. ૧૦ વર્ષની યોજના સામે ચોથું વર્ષ પૂર્ણ થયું.

★ **શુક્રવાર, તા. ૪-૧-૨૦૧૯**

- સ્પાન ટ્રેડ સેન્ટરની આજની વાર્ષિક સામાન્ય સભા નવા બંધારણ અનુસારની ન હોવાથી તેને મુલત્વી રાખવામાં આવી.

★ **રવિવાર, તા. ૬-૧-૨૦૧૯**

- પૂ. રત્નસુંદર મહારાજ સાહેબની બુક "One Minute Please" માંથી કેટલાક અવતરણો - સુવાક્યો હવે પછીના કચ્છશ્રુતિના અંકો માટે તૈયાર કર્યા.

★ **ગુરુવાર, તા. ૧૦-૧-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શરૂઆતના સમયના પ્રમુખ શ્રી હીરજી પાસુ શાહનું આજરોજ અવસાન થયેલ. તેમની સ્મશાનયાત્રા પણ આજરોજ હતી. શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ઘણા સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

★ **શુક્રવાર, તા. ૧૧-૧-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બાકી રહેતા પેમેન્ટ માટે અનેક મહાનુભાવોને ફોન કરવામાં આવ્યા. આ દરેક મહાનુભાવને અગાઉ પત્ર દ્વારા વિગત તો આપી જ દેવામાં આવેલ હતી.

★ **શનિવાર, તા. ૧૨-૧-૨૦૧૯**

- શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯ના રોજ યોજવામાં આવેલ સરસ્વતી સન્માનના આમંત્રણો લગભગ ૧૫૦ મહાનુભાવોને મોકલી આપવામાં આવ્યા. વૉટ્સ ઍપ દ્વારા પણ અનેક મહાનુભાવોને આ આમંત્રણ મોકલી આપવામાં આવ્યા.
- આજે સાંજના સમાજની ઓફિસ પર શ્રી કચ્છી સમાજ - અમદાવાદની કોર ગ્રુપ સમિતિની એક મીટિંગ મળેલ હતી. શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી મનુભાઈ કોટડિયા, શ્રી અતુલ સોની તથા શ્રી અશોક મહેતા ઉપસ્થિત રહેલ હતા. ફંડ કલેક્શન અંગે તથા કચ્છશ્રુતિ માટે જાહેરાતો મેળવવા બાબતે વિવિધ ચર્ચા કરવામાં આવેલ હતી.
- જાન્યુઆરી-૨૦૧૯નો કચ્છશ્રુતિનો અંક PDF ફાઈલ દ્વારા અનેક લોકોને વૉટ્સ ઍપથી મોકલી આપવામાં આવ્યો.

★ **રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. શ્રી હીરજી પાસુ શાહની યોજવામાં આવેલ શ્રદ્ધાંજલિ સભામાં અનેક કચ્છી મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

★ **સોમવાર, તા. ૧૪-૧-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ૧૯૫૬થી ૨૦૧૯ સુધીના

પાયાના કાર્યકરો, કે જેઓ સમાજના આધારસ્થંભ રૂપ હતા, તેઓની જીવન ઝરમર એક પછી એક કચ્છશ્રુતિના હવે પછીના અંકોમાં પ્રસારિત કરવા અંગે શ્રી ભરતભાઈ ઓઝા, શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર વગેરે સાથે વિધિવત્ ચર્ચા કરવામાં આવી અને આ બાબતે આગળ વધવાનો નિર્ણય લેવામાં આવ્યો.

★ **શનિવાર, તા. ૧૯-૧-૨૦૧૯**

- શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯ના સરસ્વતી સન્માનનો મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ અને સરસ્વતી સન્માન સમિતિએ તૈયાર કરી આપેલ વિદ્યાર્થીઓનું લિસ્ટ ગુજરાતીમાં ટાઈપ કરાવી લાગતા-વળગતા દરેક કાર્યકરને મોકલી આપવામાં આવ્યા.

★ **રવિવાર, તા. ૨૦-૧-૨૦૧૯**

- શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯ના કાર્યક્રમના અતિથિ વિશેષશ્રીના બાયોડેટા મંગાવવામાં આવ્યા.
- શ્રી હીરેન કે. શાહ તથા શ્રી પટેલભાઈ સાથે સજીવ ખેતી તથા ઓર્ગેનિક અનાજના અનુસંધાને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. આ બાબતે ભવિષ્યની કામગીરી અંગે પણ ચર્ચા કરવામાં આવી.

★ **સોમવાર, તા. ૨૧-૧-૨૦૧૯**

- શ્રી મનુભાઈ કોટડિયા સરસ્વતી સન્માન કાર્યક્રમના તેજસ્વી વિદ્યાર્થીઓના એવોર્ડ તથા સર્ટિફિકેટ તૈયાર કરવાના કાર્યમાં બીઝી રહેલ હતા.

★ **શનિવાર, તા. ૨૬-૧-૨૦૧૯**

- વર્ષ ૨૦૧૭-૧૮માં ઉત્તીર્ણ થયેલ તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ આજરોજ મહેંદી નવાઝ જંગ હોલ, પાલડી, અમદાવાદ ખાતે ઉજવવામાં આવેલ હતો. વિવિધ કક્ષાના ૫૯ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન સૌજન્ય દાતાશ્રીઓ, અતિથિ વિશેષશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ તથા કારોબારી સભ્યશ્રીઓના વરદ્ હસ્તે કરવામાં આવેલ હતું. આ પ્રસંગે શ્રી જેન્તીભાઈ પરબતભાઈ પટેલ તથા શ્રી પ્રફુલચંદ્ર કર્મસિંહ ટાંક અતિથિ વિશેષશ્રીઓ તરીકે ઉપસ્થિત રહેલ હતા. દાતાશ્રીઓ તરફથી શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શાહ તથા શ્રીમતી તરુબેન નરેન્દ્ર શાહ મંચ પર બિરાજમાન હતા. પ્રસંગને અનુરૂપ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મંત્રી તથા મોટીવેટર શ્રી હિમાંશુભાઈ ઠક્કરનું વક્તવ્ય ખૂબ જ ઉત્કૃષ્ટ કક્ષાનું રહેવા પામેલ હતું. શ્રી દીપકભાઈ ચૌહાણ, શ્રી સંજયભાઈ રાઠોડ વગેરેએ મંચ વ્યવસ્થાની સંપૂર્ણ જવાબદારી સંભાળેલ હતી. સમગ્ર કાર્યક્રમ તથા જમણવારના આયોજનની સંપૂર્ણ જવાબદારી શ્રી મનુભાઈ કોટડિયાએ નિભાવેલ હતી. કચ્છી લોહાણા સમાજના કાર્યકરોએ જમણવારની વ્યવસ્થા સંભાળી લીધેલ હતી. આ સમયે વિવિધ મહાનુભાવો તરફથી લગભગ રૂા. ૮૫,૦૦૦/-ના અનુદાનની જાહેરાતો કરવામાં આવેલ હતી. કાર્યક્રમ અતિ સફળ રહેવા પામેલ હતો.

★ **મંગળવાર, તા. ૨૯-૧-૨૦૧૯**

- શ્રી અશોક મહેતા, શ્રી ભરત ઓઝા તથા મુંબઈ સ્થિત શ્રી વિનોદભાઈ ગણાત્રાએ આજે એક સંયુક્ત મીટિંગ કરી. શ્રી વિનોદ ગણાત્રાએ ચિલ્ડ્રન્સ ફિલ્મ ફેસ્ટિવલ કે જે તા. ૧-૨-૨૦૧૯થી તા. ૩-૨-૨૦૧૯ દરમિયાન ક્લબ 'O7' ખાતે યોજેલ છે તેની વિગત આપી હતી.

★ **બુધવાર, તા. ૩૦-૧-૨૦૧૯**

- શ્રી કચ્છી સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી આગળ ન ચલાવવાનું નક્કી કરવામાં આવેલ હોવાથી આ સોસાયટીના ચેરમેન શ્રી મનુભાઈ કોટડિયાએ દરેક શેર હોલ્ડરને તેમણે રોકેલ મૂડી પરત કરવાનું સમાજની ઓફિસ પરથી શરૂ કરેલ હતું. અનેક લોકો આવીને પોતે લીધેલ શેર સર્ટિફિકેટની મૂડી પરત લઈ ગયેલ હતા.
- આજે ૩૦ જાન્યુઆરી હોવાથી ગૂર્જર પરિવારવાળા શ્રી મનુભાઈ શાહે તેમના ગ્રુપ વતી "I Love my India" નામનો દેશ ભક્તિના ગીતોનો કાર્યક્રમ ટાગોર હોલ ખાતે યોજેલ હતો કે જેમાં અનેક કચ્છી મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમ અતિ ઉચ્ચ કક્ષાનો રહેવા પામેલ હતો.

★ **શુક્રવાર, તા. ૧-૨-૨૦૧૯**

- સમાજની ઓફિસ પર આજરોજ શ્રી પ્રાણલાલભાઈ સોની અને કચ્છના ભૂતપૂર્વ વિધાનસભ્ય શ્રી મોહનભાઈ શાહ પધારેલ હતા. આ સમયે શ્રી અશોક મહેતા, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી મનુભાઈ કોટડિયા તથા શ્રી દિનેશભાઈ મહેતા ઉપસ્થિત રહેલ હતા. વિવિધ વિષયે કચ્છના ઉત્કર્ષ અંગેની ચર્ચા કરવામાં આવેલ હતી.

★ **રવિવાર, તા. ૩-૨-૨૦૧૯**

- શ્રી સંજયભાઈ ડાહ્યાભાઈ ઠક્કરની પ્રાર્થના સભામાં આજે અનેક કચ્છી મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

*એ વિચારીને નારાજ ના થતાં કે કામ મારું અને નામ બીજાનું,*
*કારણકે સદીઓથી ઘી અને વાટ બળે છે, પણ લોકો એવું જ કહે છે કે દીવો બળે છે.*


VINAYAK 500®
ટી.એમ.ટી. સળીયા
...કરીએ
विश्वासनुं निर्माण
IS : 1786
AN ISO 9001-2008 COMPANY
VINAYAK TMT BARS PVT. LTD.
Available Grades Fe 500 / Fe 500 D
8 mm - 32 mm available
on demand Quality, Supply and Service
S.K. Mishra (AGM Mkt.) +91 99099 43194
Jayesh Bhalerav (Mkt. Manager) +91 99099 30148
E-mail : sales@vinayaktmtbars.com / www.vinayaktmtbars.com

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ




**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- **પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"**
- **GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.**
- **સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.**

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોકાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિકસ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેકશન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીકસ
- નેફ્રોલોજી
- ન્યરોલોજી
- ન્યરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીકસ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્કયુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS® Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

**એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000**

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:

# PRECISION
## IN BEARING CAGES
# PERFECTION
## IN AUTOMOTIVE COMPONENTS

**BRASS** CAGES

CYLINDRICAL ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
TAPER ROLLER CAGES

**STEEL** CAGES

DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES



**POLYAMIDE** CAGES

DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES

**STAMPED** COMPONENTS

AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION

DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE

CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION

**INDIA**
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com

**CHINA**
Harsha Engineering Components (Changshu) Co., Ltd.
Building 25, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com

**ROMANIA**
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

HARSHA
ENGINEERS

www.harshaengineers.com

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH


## ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

## RADHA VALLABH GROUP

Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing

A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com

Chamanbhai : M. 99250 70719 Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 Hirenkumar : M. 98799 97777



## DEEP Industries Limited

Oil & Gas Exploration
Production & Services

- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821

## RUDANI INNOVATION INDUSTRIES

INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...

47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO





## SILICON®

ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors


**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

## Patel Tours & Travels®

CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888



AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT



BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)

PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in

## જાહેરાત આવકાર્ય


Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)